આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૯૧ના બંધ સામે ૮૭ની સપાટી કુદાવીને ૮૭.૧૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૮૦ અને

(જુઓ પાનું ૨) ▶▶

# રશિયામાં ૮.૮ના ભૂકંપ પછી જગતભરમાં સુનામીનો ફફડાટ

### જાપાન, હવાઈ અને અમેરિકાના પશ્ચિમના કિનારા પર સુનામીના મોજાં પહોંચ્યા પણ કોઈ જાનહાનિ નહીં, ન કોઈ મોટું નુકસાનઃ ફિલિપાઇન્સ, ન્યૂ ઝિલૅન્ડ, કૅનેડાને પણ સાવધ રહેવાની સૂચના અપાઈ હતી



**તારાજી :**
(ઉપર ડાબે) ઉત્તર જપાનના હોક્કાઈડોના મુકાવા નગરમાં લોકો ફાયર સ્ટેશનની અગાશી પર આશરો લઈ રહ્યા હતા. રશિયામાં ભૂકંપ આવતાં પેટ્રોપાવલોસ્ક-કામચેતસ્કીમાં એક ઇમારતને થયેલા નુકસાનનું બચાવકારો બુધવારે નિરીક્ષણ કરી રહ્યા હતા. કુરિલના પરામશિર ટાપુના સેવરો-કુરિલસ્ક તટીય વિસ્તારમાં સુનામીના મોંજા અથડાયા હતા. (એજન્સી)

ટોક્યોઃ રશિયાના સાઇબેરિયા ક્ષેત્રમાં કમચાતકા દ્વીપકલ્પમાં દૂર પૂર્વમાં બુધવારે ૮.૮ની તીવ્રતાવાળા આવેલા ભૂકંપને લીધે રશિયા ઉપરાંત જાપાન, હવાઇ અને પશ્ચિમ અમેરિકાના કેલિફોર્નિયા, વૉશિંગ્ટન રાજ્ય, કૅનેડાના બ્રિટિશ કોલમ્બિયા પ્રાંત સહિત અનેક દેશના કાંઠા વિસ્તારમાં શરૂઆતમાં સુનામીની ચેતવણી અપાઇ હતી. જાપાન, હવાઈ અને અમેરિકા ના પશ્ચિમ કાંઠા સુધી સુનામીના મોજા પહોંચ્યા હતા પણ કોઈ જાનહાનિ કે કોઈ મોટું નુકસાન નહોતું થયું. ફિલિપાઇન્સ અને ન્યૂ ઝીલૅન્ડમાં પણ કાંઠા વિસ્તારના લોકોને સાવધાન રહેવા સૂચના અપાઇ હતી. ધરતીકંપ અને તેને લીધે દરિયામાં વધેલી જળસપાટી તેમ જ ઊંચા ઊછળતાં મોજાંને લીધે જાનમાલને નુકસાન થયું છે, પરંતુ ચોક્કસ આંકડા બુધવારે મોડી રાત સુધી મળી નહોતા શક્યા. ફિજી, સમોઆ, ટોંગા, માઇક્રોનેશિયા અને સોલોમનમાં પણ દરિયામાં ઊંચા મોજાં ઊછળતા ભય ફેલાયો હતો. જાપાન અને હવાઇએ બુધવારે મોડેથી સુનામીની ચેતવણી 'હળવી' કરી હતી, પરંતુ કાંઠા વિસ્તારમાં રહેતા નાગરિકોને સાવચેત રહેવાની

(જુઓ પાનું ૨) ▶▶

## શક્તિશાળી ભૂકંપ બાદ ચિલીએ જાહેર કરી સુનામીની ચેતવણી

સેન્ટિયાગોઃ બુધવારે વહેલી સવારે આવેલા શક્તિશાળી ભૂકંપ બાદ ચિલીએ તેના લાંબા પેસિફિક કિનારાના મોટાભાગના વિસ્તારોમાં સુનામીની ચેતવણી જાહેર કરી દીધી હતી. ચિલીની નેશનલ ઈમર્જન્સી સર્વિસે જણાવ્યું હતું કે તે દરિયાકાંઠાના વિસ્તારોમાંથી સેંકડો લોકોને સલામત બહાર લઈ જઈ રહી છે. શિક્ષણ મંત્રાલયે દરિયાકાંઠાના મોટાભાગના વિસ્તારોમાંથી સ્કૂલોમાં રજા આપી દીધી હતી.

અત્યાર સુધીના સૌથી શક્તિશાળી ભૂકંપમાંનો એક ભૂકંપ બુધવારે રશિયાના ઓછી વસ્તી ધરાવતા પૂર્વ વિસ્તારમાં નોંધાયો હતો. જેના કારણે જાપાન, હવાઈ અને અમેરિકાના પશ્ચિમ કિનારા સુધી સુનામીની લહેરો પહોંચી હતી. ઘણા લોકો ઘાયલ થયા હતા, પરંતુ કોઈને ગંભીર ઈજા પહોંચી નથી અને અત્યાર સુધી કોઈ મોટું નુકસાન થયાના અહેવાલ નથી. ■

# મોદી આવશે તો વધુ ભારે પડશેઃ વિપક્ષોને અમિત શાહની ચીમકી

**વડા પ્રધાનની હાજરીની રાજ્યસભામાં તેઓ માગ કરી રહ્યા હતાઃ પહલગામના ત્રણેય આતંકવાદીને લમણે ગોળી મરાયેલી એવી સ્પષ્ટતા**

નવી દિલ્હીઃ ઑપરેશન સિંદૂર પર રાજ્યસભામાં બે દિવસથી ચાલતી ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે પહલગામમાં નિર્દોષ લોકોની હત્યા કરનારા ત્રાસવાદીઓ સામે હાથ ધરાયેલા 'ઑપરેશન મહાદેવ'માં ત્રણેય ત્રાસવાદીને લમણે ગોળી મરાઇ હતી.

અમિત શાહે જણાવ્યું હતું કે આ ત્રણેય ત્રાસવાદી લશ્કરે તૈયબાના હતા અને તેથી પહલગામનો હુમલો આ ત્રાસવાદી સંગઠને જ કરાવ્યો હોવાનું સાબિત થાય છે. અગાઉ, આ ત્રાસવાદીઓએ નિર્દોષ લોકોની તેઓનો ધર્મ પૂછીને હત્યા કરી હતી. દરમિયાન, ઑપરેશન સિંદૂર અંગે જવાબ આપવા વડા પ્રધાન

(જુઓ પાનું ૨) ▶▶

## રાહુલ તો 'ચાઈનીઝ ગુરુ: જયશંકર

**ફરી ચીપિયો પછાડીને કહ્યું કે, ટ્રમ્પે ઑપરેશન સિંદૂર વખતે મોદીને ફોન નહોતો કર્યો**

નવી દિલ્હીઃ વિદેશ પ્રધાન એસ. જયશંકરે બુધવારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને જયરામ રમેશને બનીબેઠેલા 'ચાઈનીઝ ગુરુ' લેખાવી તેમના પર આકરા પ્રહાર કર્યા હતા.

વિપક્ષની ટીકા અંગે પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું હતું કે અમુક લોકોનું માનવું છે કે ચીન સાથેની ભારતની વિદેશ નીતિ નબળી છે.

તેમણે કહ્યું હતું કે મેં છેલ્લાં ૪૧ વર્ષ વિદેશ

(જુઓ પાનું ૨) ▶▶



## નાસા સાથેનું ઈસરોનું સાહસઃ નિસાર ઉપગ્રહ અંતરિક્ષમાં

નવી દિલ્હી : ઈસરોના અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસા સાથેના પ્રથમ સહયોગના ભાગરૂપે જીએસએલવી રોકેટે સ્પેસપોર્ટમાંથી અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ અપેક્ષિત ભ્રમણકક્ષામાં લોન્ચ કર્યો હતો. ૫૧.૭ મીટર ઊંચા અને ત્રણ તબક્કાવાળા જીએસએલએફ-૧૬ રોકેટે ૨૭.૩૦ કલાકના કાઉન્ટડાઉન બાદ ૨,૩૯૩ કિલોના વજનવાળા ઉપગ્રહને આકાશમાં તરતો મૂક્યો હતો. ચેન્નઈથી ૧૩૫ કિલોમીટર પૂર્વે આવેલા સ્પેસપોર્ટના બીજા લોન્ચપેડમાંથી લોન્ચ વેહિકલ આકાશમાં ગયું હતું. ૧૯ મિનિટની યાત્રા બાદ જીએસએલવી રોકેટે ઉપગ્રહને ૭૪૫ કિલોમીટરની ઊંચાઈએ સન સીન્ક્રોનસ પોલર ઑર્બિટમાં મૂક્યો હતો.

નિસારને માઈક્રોવેવ ઈમેજિંગના હેતુથી વિકસાવવામાં આવ્યો છે. એમાં નાસાએ પૂરા પાડેલા એલ બેન્ડ રડાર અને ઈસરોએ તૈયાર કરેલા એસ બેન્ડ છે. આ પોલારીમેટ્રિક (પોલેરાઈઝ્ડ લાઈટની મદદથી ગુણધર્મો શોધતી ટેક્નિક) અને ઈન્ટરફેરોમેટ્રિક (તરંગો વડે માહિતી મેળવતી ટેક્નિક) ડેટા મેળવશે. તે અમેરિકા અને ભારતની વિજ્ઞાની આલમના સામાન્ય રસના રીજનની જમીન અને બરફના ડીફોર્મેશન, લેન્ડ ઈકોસિસ્ટમ અને સમુદ્રી વિસ્તારનો અભ્યાસ કરશે. (એજન્સી) ■

## પહલગામ હુમલો એલઈટીના પીઠબળ વિના અશક્ય છે

### યુનોની સલામતી સમિતિના અહેવાલમાં કહેવાયું

ન્યૂયૉર્કઃ ભારતની સંસદમાં હાલ પહલગામ હુમલો અને તેની બાદના ઓપરેશન સિંદૂર મુદ્દે ચર્ચા ચાલી રહી છે. જેમાં વિપક્ષના આક્ષેપોનો સત્તાધારી પક્ષ ભાજપ જવાબ આપી રહ્યો છે. તેવા સમયે યુનોની સલામતી સમિતિની મોનિટરિંગ ટીમે મહત્ત્વપૂર્ણ દાવો કર્યો છે. આના લીધે પાકિસ્તાનની મુશ્કેલીમાં વધારો થયો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે પહલગામ હુમલો આતંકી સંગઠન લશ્કરે તૈયબાના સમર્થન વિના શક્ય ન હતો. આ આતંકી હુમલાની જવાબદારી આતંકવાદી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ) દ્વારા લેવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની મોનિટરિંગ

(જુઓ પાનું ૨) ▶▶

## જસ્ટિસ વર્મા, તમારી વર્તણૂક ભરોસાપાત્ર નથીઃ સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી : જસ્ટિસ યશવંત વર્માની વર્તણૂક વિશ્વાસ પ્રેરે એવી નથી એવું નિરીક્ષણ કરીને સુપ્રીમ કોર્ટે બુધવારે તેમને અણિયાળા સવાલો કર્યા હતા. જસ્ટિસ વર્માએ રોકડ રકમ મળી એ વિવાદમાં તેમને ગેરવર્તણૂક માટે દોષી ઠરાવતા આંતરિક તપાસ સમિતિના અહેવાલને ગેરકાયદે જાહેર કરવાની સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી છે. સર્વોચ્ચે અદાલતે કહ્યું હતું કે તમારે આંતરિક તપાસ સમિતિને પછીથી પડકારવાની હતી તો તમે તેની સમક્ષ હાજર કેમ થયા અને ત્યારે જ સમિતિને કેમ પડકારી નહીં. અદાલતે વર્માને કહ્યું હતું કે તમારે આંતરિક તપાસ સમિતિના અહેવાલને પહેલાં જ પડકારવો જોઈતો હતો. જસ્ટિસ દિપાંકર દત્ત અને જસ્ટિસ એ. જી. મશીહની ખંડપીઠે કહ્યું હતું કે જો કોઈ ન્યાયમૂર્તિએ ગેરવર્તણૂક

(જુઓ પાનું ૨) ▶▶

### વિરાટ-અનુષ્કાના ગુરુ પ્રેમાનંદ મહારાજે બાફ્યું...
## આજકાલ ૧૦૦માંથી બે-ચાર છોકરી જ વન-મૅન વુમન હોય છે



લખનઊઃ મહિલાઓ અને પુરુષોના ચારિત્ર્ય અંગે હિંદુ સંતો - પ્રેમાનંદ મહારાજ અને આધ્યાત્મિક ગુરુ તેમ જ લોકપ્રિય કથાવાચક અનિરુદ્ધાચાર્ય મહારાજના નિવેદનથી મોટો વિવાદ ઊભો થયો છે અને તેની સોશ્યલ મીડિયા પર આકરી ટીકા થઇ રહી છે.

ક્રિકેટર વિરાટ કોહલી અને તેની પત્ની અભિનેત્રી અનુષ્કા શર્માના ગુરુ પ્રેમાનંદ મહારાજે આધુનિક જમાનામાં પુરુષો અને મહિલાઓના ચારિત્ર્ય અંગે સવાલ કરતું નિવેદન કરીને વિવાદ ઊભો કર્યો છે. પ્રેમાનંદ મહારાજ એક વીડિયો ક્લિપિંગ્સમાં એમ કહેતા જોવા મળ્યા હતા કે અત્યારના

(જુઓ પાનું ૨) ▶▶


અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ


માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મૌલાના રશીદી અને અનિરુદ્ધાચાર્યઃ મહિલાઓને આ નમૂના સમજે છે શું?

**સંસદમાં** ઓપરેશન સિંદૂરની ચર્ચાની ગરમાગરમીના કારણે મૌલાના સાજિદ રશીદીએ સમાજવાદી પાર્ટીનાં સાંસદ ડિમ્પલ યાદવ સામે કરેલી ગંદી કોમેન્ટનો મુદ્દો દબાઈ ગયો છે. ગયા અઠવાડિયે સપાના મુખિયા અખિલેશ યાદવ, પોતાની પાર્ટીના સાંસદો મોહિબુલ્લા નદવી, ડિમ્પલ યાદવ, ધર્મેન્દ્ર યાદવ, ઝિયા ઉર રહેમાન બર્ક, ઈકરા હસન વગેરે સાથે સંસદ પાસે આવેલી એક મસ્જિદમાં ગયા હતા. સપા સાંસદ મોહિબુલ્લા નદવી આ મસ્જિદના ઇમામ છે. ભાજપે સપા પર મસ્જિદમાં રાજકીય બેઠક યોજવાનો આક્ષેપ મૂકીને હોહા કરવાની મથામણ કરેલી પણ કોઈને તેમાં રસ નહોતો પડ્યો.

હવે આ મુલાકાતના એક ફોટા અંગે ઓલ ઈન્ડિયા ઈમામ એસોસિએશનના પ્રમુખ મૌલાના સાજિદ રશીદીએ કરેલી કોમેન્ટના કારણે બબાલ થઈ ગઈ છે. રશીદીએ કોમેન્ટ કરી કે, ડિમ્પલ યાદવ મસ્જિદમાં નગ્ન લાગે એવાં કપડાં પહેરીને આવેલાં. મૌલાનાએ ડિમ્પલ યાદવને સુફિયાણી સલાહ પણ આપી કે, ઈકરા હસન પાસેથી મસ્જિદમાં કઈ રીતે અવાય ને કેવાં કપડાં પહેરાય તેનું જ્ઞાન લેવું જોઈએ.

મૌલાના રશીદીની કોમેન્ટથી ભાજપની મહિલા સાંસદોને લાગી આવ્યું ને તેમણે સંસદની બહાર દેખાવો કર્યા તેમાં આ મુદ્દો રાજકીય બની ગયો. ભાજપની મહિલા સાંસદોનું કહેવું છે કે, મૌલાના સાજિદ રશીદીએ આ ગંદી કોમેન્ટ કરીને મહિલાઓનું અપમાન કર્યું છે એ નહીં ચલાવી લેવાય. ભાજપ શાસિત યુપીમાં રશીદી સામે પોલીસ ફરિયાદ પણ થઈ ગઈ. ડિમ્પલે ભાજપ સાંસદોની હરકતને હાસ્યાસ્પદ ગણાવીને મહિલા સન્માનની વાતોને રાજકીય ફાયદો માટેનું હથિયાર ગણાવ્યું છે.

ડિમ્પલ યાદવની એ વાત સાચી છે કે, ભાજપની મહિલાઓના સન્માનની વાતો સગવડિયા છે. ડિમ્પલે મણિપુર કાંડની યાદ અપાવીને સવાલ કર્યો છે કે, મણિપુરમાં મહિલાઓને નગ્ન કરીને જાહેરમાં પરેડ કરાવાઈ અને ગેંગ રેપ કરાયો ત્યારે ભાજપની મહિલા સાંસદોને મહિલાઓના ગૌરવ અને સન્માનની ચિંતા કેમ નહોતી થઈ ? એ વખતે ભાજપની કોઈ મહિલા સાંસદ મણિપુરની પીડિત મહિલાઓની વેદનાને વાચા આપવા માટે સંસદની બહાર પ્લેકાર્ડ લઈને કેમ નહોતી ઊભી રહી?

ડિમ્પલની વાત સો ટકા સાચી છે. મૌલાના સાજિદ રશીદીની કોમેન્ટ આઘાતજનક છે. ધર્મ સાથે સંકળાયેલી વ્યક્તિ કોઈ પણ મહિલા વિશે આવી ટિપ્પણી કરે એ શોભાસ્પદ નથી જ તેથી તેની ટીકા કરો કે વિરોધ કરો તેમાં કશું ખોટું નથી પણ આ વિરોધ પક્ષીય રાજકારણને આધારે કરાય છે એ આઘાતજનક છે. ભાજપની મહિલા સાંસદોને અત્યારે મહિલાઓનું ગૌરવ યાદ આવી ગયું કેમ કે ડિમ્પલ યાદવની ટીકા કરનાર એક મુસ્લિમ મૌલવી છે. બાકી ભાજપની આ જ મહિલા સાંસદો મણિપુરની ઘટના વખતે સાવ ચૂપ હતી જ.

મણિપુરમાં ગયા વર્ષે થયેલી હિંસામાં કુકી-જો સમુદાયની બે યુવતીઓ પર ગેંગ રેપ કર્યા પછી તેમને નિર્વસ્ત્ર કરીને જાહેરમાં પરેડ કરાવવામાં આવી હતી. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો ત્યારે આખા દેશનું માથું શરમથી ઝૂકી ગયું હતું પણ ભાજપની કોઈ મહિલા સાંસદ તેની ટીકા કરવા માટે બહાર આવી હોય તો હરામ બરાબર.

ડિમ્પલે મણિપુરની વાત કરી પણ ભાજપની મહિલા સાંસદો ભાજપના કે હિંદુવાદી સંગઠનોના નેતાઓ દ્વારા કે કહેવાતા હિંદુવાદીઓ દ્વારા મહિલાઓ માટે સાવ હલકી કક્ષાની કે ગંદી ટીકા કરાય ત્યારે પણ મોંમાં મગ ઓરીને બેસી રહે છે. મૌલાના સાજિદ રશીદી સામે તાત્કાલિક લખનઊમાં એફઆઈઆર પણ નોંધાઈ ગઈ પણ કોઈ હિંદુવાદી એવી વાત કરે તો એફઆઈઆરની વાત છોડો પણ ટીકા કરવાની તસદી પણ નથી લેવાતી.

અનિરુદ્ધાચાર્ય નામના એક કથાકારે કરેલી ટીકા આ બેવડાં ધોરણોનો તાજો પુરાવો છે. મધ્ય પ્રદેશમાં રહેતા કથાકાર અનિરુદ્ધાચાર્યનું મૂળ નામ અનિરુદ્ધ રામ તિવારી છે. ધાર્મિક વક્તા એવા અનિરુદ્ધાચાર્ય ભાગવત પુરાણ સહિતના હિન્દુ ગ્રંથો પર આધારિત પ્રવચનો આપીને પોતાની દુકાન ચલાવે છે અને સોશ્યલ મીડિયા પર પણ ખાસ્સા સક્રિય છે. આ મહારાજે હમણાં જ્ઞાન પિરસ્યું કે, આપણે ત્યાં ૨૫ વર્ષની છોકરીઓ લિવ ઈનમાં રહીને ૪ જગાએ મોં મારીને આવે છે. આવી છોકરીઓ લગ્નના સંબંધને નિભાવી શકે ખરી?

આ મુદ્દે હોહા થઈ પછી અનિરુદ્ધાચાર્યે ચોખવટ કરી કે, મેં દરેક છોકરીની વાત નથી કરી પણ કેટલીક છોકરીઓની વાત કરી છે. ભલા માણસ, તમે કેટલીક છોકરીઓની વાત કરો કે એક છોકરીની વાત કરો, આ વાત જ ગંદી માનસિકતાનો નાદાર નમૂનો છે અને મહિલાઓનું ઘોર અપમાન છે. ચાર જગાએ મોં મારવાનો મતલબ શું થાય એ કોઈને કહેવાની જરૂર નથી ને તેના વિશે ઝાઝું પિષ્ટપિંજણ પણ જરૂરી નથી કેમ કે તેમાં કોઠી ધોઈને કાદવ જ કાઢવાનો છે.

અનિરુદ્ધાચાર્યની ટીપ્પણી તેમની ગંદી માનસિકતા દર્શાવે છે. આપણે ત્યાં ધર્મ સાથે સંકળાયેલા લોકો સમાજમાં પ્રવર્તતી ભ્રષ્ટાચારથી માંડીને ધર્મના નામે થતાં ધતિંગો સહિતની બંદીઓ સામે ચૂપ રહે છે પણ સંસ્કાર અને સંસ્કૃતિના નામે ઊલટીઓ કર્યા કરે છે તેનો આ વધુ એક નમૂનો છે.

અનિરુદ્ધાચાર્યે આ દેશના બંધારણની પણ મજાક ઉડાવી છે. આ દેશનું બંધારણ દરેક વ્યક્તિને પોતાને ગમે એ રીતે અંગત જિંદગી જીવવાની છૂટ આપે છે. છોકરીઓએ લગન કરવાં હોય તો લગન કરે ને લિવ-ઈનમાં રહેવું હોય તો લિવ-ઈનમાં રહે એ તેમની મરજી છે. તેમાં કશું ગેરબંધારણીય નથી ને ગેરકાયદેસર પણ નથી.

બીજી વાત એ કે, અનિરુદ્ધાચાર્યે લિવ-ઈનમાં રહેનારી છોકરીઓ વિશે વાત કરી પણ લિવ-ઈનમાં રહેતા છોકરાઓ વિશે કશું ના બોલ્યા. છોકરીઓની સાથે છોકરા પણ ચાર જગાએ મોં મારે જ છે ને કેમ કે છોકરીઓ એકલી થોડી લિવ-ઈનમાં રહે છે? અનિરુદ્ધાચાર્યે તેમની ટીકા કરી નથી કેમ કે અનિરુદ્ધાચાર્ય જેવા લોકો પુરુષવાદી માનસિકતા ધરાવે છે અને હજુય સાતમી સદીમાં જીવે છે. એ લોકો એમ જ માને છે કે, કહેવાતી સંસ્કૃતિ અને સંસ્કારની જાળવણીની જવાબદારી છોકરીઓની જ છે, છોકરા તો છૂટ્ટા. જે કરવું હોય એ કરી ખાય ને મનફાવે ત્યાં મોં મારીને ચરી ખાય, તેના કારણે સંસ્કાર કે સંસ્કૃતિને કશું થતું નથી પણ છોકરી તેમની માન્યતાઓથી અલગ કંઈ પણ કરે તેમાં તો સંસ્કૃતિ રસાતાળ જતી રહેશે.

આ મુદ્દે બહુ ચર્ચાનો મતલબ નથી પણ આખી વાતનો સાર એ કે, મૌલાના રશીદી અને અનિરુદ્ધાચાર્યની માનસિકતામાં ઝાઝો ફરક નથી. બંને સ્ત્રીઓને પોતાની સંકુચિત માનસિકતાના ત્રાજવે તોળી રહ્યા છે. બંને સ્ત્રીઓને પોતાની અલ્પ મતિ પ્રમાણે કેરેક્ટર સર્ટિફિકેટ આપવા નીકળી પડ્યા છે પણ ભાજપની મહિલા સાંસદોને વાંધો ખાલી રશીદી સામે છે, અનિરુદ્ધાચાર્ય સામે નહીં. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, ગુરુવાર, તા. ૩૧-૭-૨૦૨૫, ભદ્રા,ગોસ્વામી તુલસીદાસ જયંતી,

- ભારતીય દિનાંક ૯, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રે ક. ૨૪-૪૧ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર કન્યામાં સવારે ક. ૧૧-૧૪ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૭ (તા. ૧)
- ઓટઃ સવારે ક. ૦૯-૪૦, રાત્રે ક. ૨૨-૩૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – સપ્તમી. બૃહસ્પતિપૂજન, શીતલા સપ્તમી, ગોસ્વામી તુલસીદાસ જયંતી, ભદ્રા પ્રારંભ ક. ૨૮-૫૮, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, બીલીનું વૃક્ષ વાવવું, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નવા વાસણ, વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મિત્રતા કરવી.
- આચમનઃચંદ્ર-શુક્ર ત્રિકોણ ભાઈ-બહેનોમાં પ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ. ચંદ્ર ચિત્રા યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

**મુખ્બિરે ઈસ્લામ**

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# જેવો આહાર તેવો ઓડકાર, જેવી નિયત તેવી બરકતઃ નેક માર્ગે કમાયેલી દૌલત ઈબાદતનો જ એક ભાગ

**દીને** ઈસ્લામના જે પાયાના નિયમો છે તેમાંનું એક બુનિયાદી સિદ્ધાંત ઈમાનદારી અર્થાત્ સચ્ચાઈ; સત્ય માર્ગ છે.

* નેકી; પ્રમાણિકતાથી મેળવેલી; રાઈના દાણા જેટલી પણ વસ્તુ ઈબાદત, અલ્લાહ-ઈશ્વરની સ્તૂતિને પાત્ર લેખવામાં આવી છે.

– ગુજરાતીમાં એક જાણીતી કહેવત છે કે,

* 'જેવો આહાર, તેવો ઓડકાર!' અને

* 'જેવી નિયત (આચરણ, વ્યવહાર, સોચ-સમજ) તેવી બરકતઃ

– દીને ઈસ્લામ ઈલાહી, ઈશ્વરઃ અલ્લાહનો ધર્મ તરીકે જીવમાત્રની ભલાઈ અર્થે આવેલો મહાન મઝહબોમાંનો એક છે.

– ઈસ્લામ તેની ઉમ્મત, પ્રજા; અનુયાયીને ધર્મના ધ્વજને લહેરાતો રાખવા ઈલ્મ, બોધ- જ્ઞાન થકી જીવન ઉત્તમોત્મ બનાવવા નેક, પ્રમાણિક નસીહત- શિખામણ- સલાહની હિદાયત; ધર્મની સાચી સમજ આપે છે.

– ઉમ્મતની ઈબાદત, નમાઝ, રોજા, ઝકાત, હજ- ધાર્મિક યાત્રા વગેરે તેની નિયત મુજબ શક્ય બને છે અને કબૂલ થાય છે.

– એક વખત હઝરત મુહંમ્મદ (સલ.) પાસેથી એક શખસ પસાર થયો. આપ હુઝૂરે અનવર (સલ.) પાસે બેઠેલા એક સહાબી (સાથી)એ અરજ કરી કરે, 'યા અલ્લાહના રસૂલ! આ માણસની મહેનત અલ્લાહના માર્ગમાં હોત તો કેટલું સારું થાત!' આપ હુઝૂરે અનવર (સલ.) ફરમાવ્યું કે- 'જો એ ઈન્સાન પોતાનાં નાનાં નાનાં સંતાનોમાં પાલણપોષણ માટે દોડી રહ્યો છે, તો તેની દોડ અલ્લાહના માર્ગમાં જ લેખાશે; પરંતુ જો તે પોતાની જાત માટે દોડી રહ્યો છે અને તેનો ઈરાદો એવો હોય કે લોકો સમક્ષ હાથ ફેલાવવો ના પડે, તો તેની એ દોડ પણ પરવરદિગારે આલમના માર્ગમાં જ ગણાશે, પરંતુ જો તેની દોડાદોડ (પ્રયત્નો) એવા હેતુથી થાય કે લોકો સમક્ષ પોતાની મોટાઈ બતાવે અને માલદારી (શ્રીમંતાઈ)નું પ્રદર્શન કરે, તો તેની આ બધી જ મહેનત સેતાનના માર્ગમાં જ ગણાશે.'

મજકુર હદીસ શરીફની હિદાયતમાં નિયમ જોવામાં આવશે તેનો ઉલ્લેખ છે.

આ હદીસ (હૂઝૂરે અનવર- સલ.ના કપનો)નો સ્પષ્ટ અર્થ એવો નથી કે માણસે વધારે ધન નહીં કમાવું જોઈએ. માલોદૌલત જરૂર કમાવ અને તેનો ખર્ચ કરો, ત્યારે અલ્લાહના માર્ગનો વિચાર પણ કરો. રબની રાહ એટલે ફકીરો- મહોતાજોને જ આપો એવું નથી, પરંતુ તમારાં બાળકો, માતા-પિતા, પત્ની પરિવાર માટે અથવા તમારે કોઈની પાસે હાથ લંબાવવો ના પડે, તમારી જરૂરિયાતોને તમે પહોંચી વળો, તે કારણે વધારે મહેનત કરતા હોવ, તો એ અલ્લાહના માર્ગની જ દોડાદોડ (કોશીશો) લેખાશે. નેક માર્ગે કમાયેલી દૌલત અને પરિશ્રમ ઈબાદતનો જ એક ભાગ છે.

મહાન સૂફી હઝરત સૂફિયાન સૌરી (રદ્દિયતઆલા અન્હો)નું એક કથન છે કે, 'નબુવ્વત અને ખિલાફત કાળમાં ધનસંપત્તિને અપ્રિય ગણવામાં આવતી હતી, પરંતુ હવે આપણા જમાનામાં માલ-દૌલત તો મોમીનની ઢાલ છે. આપ ફરમાવો છો કે- 'આપણી પાસે દિરહમ અને દિનાર (નાણાં) ના હોત, તો બાદશાહો- શેહનશાહો આપણને તેમના રૂમાલ (મોઢું લુછવા) બનાવી દેત.' પરંતુ સમયે કરવટ (પડખું) બદલ્યું છે. આજે તો એવો જમાનો આવ્યો છે, કે જો કોઈ શખસ જરૂરતમંદ હશે અથવા કોઈ વ્યક્તિ પોતાના લાભાલાભ માટે ધર્મને વેચી મારવા સુધ્ધાં સહેજે ખચકાશે નહીં.

'મિશ્કાત'માં હઝરત સૂફિયાન આગળ પણ ફરમાવે છે કે- 'હલાલ (ઈમાનદારીપૂર્વક)ની કમાણીમાં નકામો વ્યય થતો જ નથી.' ટૂંકમાં સારાંશ એ નીકળે છે, કે જાઈઝ (હક્ક)નાં સાધનોથી ધનસંપત્તિ મેળવો તથા ઘરખર્ચ અને બીજાં સારાં કામોમાં વાપરીને સૃષ્ટિના સર્જનહારને રાજી કરો. ઈસ્લામ ધર્મમાં જેટલી પણ ઈબાદતો છે, બધાનો આધાર નિય્યત, દાનત પર આધાર રાખે છે.

* નેક આશયથી કરવામાં આવતા નાના- મોટા દરેક કાર્ય અલ્લાહના દરબારમાં સ્વીકાર્ય બને છે.

* પ્રમાણિક કાર્યના મીઠાં ફળ આ દુનિયામાં તો મળવા પામે જ છે, પરંતુ આખેરત (મૃત્યુલોક)માં પણ મળવા પામતા હોય છે.

– નિખાલસ ઈબાદત

* ધંધારોજગારમાં બરકત.

* કુદરતી આફતો સામે ઢાલ, જેવા ન ધારેલા, ન કલ્પેલા, વિચારેલાં કાર્યોમાં બરકત આપનારા બની રહે છે.

**બોધઃ**

– સામાન્ય રીતે મોટા ભાગના મુસલમાનોએ પોતાની સમજમાં માત્ર

* નમાઝ,

* રોજા,

* હજ અને કેટલાંક કામોને ઈબાદત ગણી છે અને અફસોસ સાથે નોંધવું પડે છે કે ઈબાદતનો અર્થ એને જ ગણે છે.

– ખરી રીતે જીવનનું દરેક કામ અલ્લાહના અહેકામ, આદેશોને અનુસરીને હોય, તો તે 'ઈબાદત' છે.

– યાદ રાખવું જોઈએ કે દરેક માણસનું કામ કોઈને કોઈના કહેવાથી હોય છે, મતભેદ માત્ર માઅબૂદ (ઈબાદતની પાત્રતા) છે.

* કોઈનો માઅબૂદ ઈન્સાન છે,

* કોઈનો માઅબૂદ ખાહિશાત (મનેચ્છા) છે તો

* કોઈનો માઅબૂદ ખુદા છે, અલ્લાહ છે, રબ છે.

* હવે તમે વિચારો કે હું કોની ઈતાઅત, તાબેદારી કરી રહ્યો છું...?

* મારો માઅબૂદ કોણ છે?

– જો આપણે આપણી કસોટી કરીશું તો હકીકત સમજાઈ જશે કે આપણે આપણી જાત ઉપર અલ્લાહ કરતાં વધારે સર્વોપરી બીજાને ગણીએ છીએ, માની લીધેલા હાકેમ- લીડર- ચૌધરીને ખુશ રાખવા દરેક જાએઝ-નાજાએઝ, સત્ય- અસત્ય કામ કરતા કરીએ છીએ.

**સાપ્તાહિક સંદેશઃ**

– અલ્લાહ ઉપર ઈમાન, આસ્થા રાખવાથી શિર્ક, અલ્લાહની જાત સાથે કોઈની સરખામણી કરવાના વિચારો, ખોટી મોહબ્બત, પ્રેમ વગેરેથી નજાત, છુટકારો મળે છે.

* નમાઝ કે જે બુઝુર્ગી, માનવંત, આદર પ્રાપ્તતાનું મૂળ છે, ખુદા તરફની મદદ છે જે ઈન્સાનને તકબ્બુર, ઘમંડ, અહંકાર-અભિમાનથી બચાવે છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારત પર

જાહેરાત કરતા જણાવ્યું હતું કે હું ભારત પર પચીસ ટકા ટૅરિફ વત્તા પેનલ્ટી લાદી રહ્યો છું. ભારત સાથેના દ્વિપક્ષી વેપારમાં અમેરિકાની બાજુએ મોટી ખાધ રહેલી છે.

આમ છતાં, અમેરિકાના પ્રમુખની સોશ્યલ મીડિયા પોસ્ટમાં ભારતને 'મિત્ર' ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે ભારત ઊંચો ટૅરિફ દર વસૂલ કરતો હોવાથી છેલ્લાં કેટલાક વર્ષોથી અમેરિકાએ ભારત સાથે બહુ ઓછો વેપાર કર્યો છે. ભારત વિશ્વમાં સૌથી વધુ ટૅરિફ દર લેતા રાષ્ટ્રોમાંનું એક છે. આ ઉપરાંત ભારત રશિયા પાસેથી મોટી સંખ્યામાં લશ્કરી સાધનસામગ્રી ખરીદે છે. ભારત ચીનની જેમ રશિયા પાસેથી ઈંધણ (ખનિજ તેલ) વિપુલ પ્રમાણમાં ખરીદે છે. મોટા ભાગના દેશ ઇચ્છે છે કે રશિયા દ્વારા યુક્રેનમાં કરાતી કત્લેઆમ બંધ થાય, પણ એવા સમયે ભારત અને ચીન તેની પાસેથી મોટા પ્રમાણમાં ખરીદી કરી રહ્યા છે.

અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે (ભારત સાથેના વેપારમાં) બધું સમુંનમું નથી. ભારતે તેથી પહેલી ઑગસ્ટથી અમેરિકા ખાતે નિકાસ કરાતા માલસામાન પર પચીસ ટકા ટૅરિફ પ્લસ પેનલ્ટી ભરવી પડશે. ટ્રમ્પની સંબંધિત જાહેરાત અંગે ભારતે તાત્કાલિક કોઇ પ્રતિભાવ નહોતો આપ્યો.

અમેરિકી સરકારનું એક પ્રતિનિધિમંડળ સૂચિત દ્વિપક્ષી વેપાર-કરાર માટે મંત્રણા કરવા આવતા મહિને ભારત આવવાનું છે.

બન્ને દેશની સરકારના પ્રતિનિધિમંડળોએ ગયા અઠવાડિયે જ વૉશિંગ્ટનમાં વેપાર-કરાર માટેની મંત્રણાનો પાંચમો તબક્કો પૂરો કર્યો હતો.

ભારત સરકારના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વાણિજ્ય મંત્રાલયના ખાસ સચિવ રાજેશ અગ્રવાલ અને અમેરિકાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ દક્ષિણ અને મધ્ય એશિયા સાથેના વેપાર માટેના આસિસ્ટન્ટ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ બ્રેન્ડન લિન્ચ કરી રહ્યા છે. (એજન્સી)■

### ડૉલર સામે

ઉપરમાં ૮૭.૦૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૮૯ પૈસાના ગાબડાં સાથે ૮૭.૮૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયો ૨૧ પૈસા તૂટીને ચાર મહિનાની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતથી થતી આયાત સામે ૨૦થી ૨૫ ટકા ટૅરિફનો અણસાર આપતા અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતામાં વધારો થવાથી આજે રૂપિયો વધુ ગબડ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે આ અનિશ્ચિતતા અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી રહ્યા હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયો દબાણ હેઠળ રહીને ૮૭થી ૮૭.૯૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે. ■

### રશિયામાં

સૂચના આપી હતી. ધરતીકંપ બાદ દરિયામાંની જળસપાટીમાંના વધારાને લીધે રશિયાના સત્તાવાળાઓએ અનેક લોકો ઘાયલ થયા હોવાનું કબૂલ કર્યું હતું, પરંતુ કોઇ ચોક્કસ આંકડા નહોતા આપ્યા.

ઉત્તર જાપાનના અનેક કાંઠા વિસ્તારમાં દરિયાનું પાણી ફરી વળ્યું હતું અને થોડા લોકોને ઇજા થઇ હતી.

હવાઇ અને ઓરેગોનના કાંઠા વિસ્તારમાં રહેવાસીઓને સલામત સ્થળે જતાં રહેવાની સૂચના અપાઇ હતી.

અલાસ્કામાંના નેશનલ સુનામી વૉર્નિંગ સેન્ટરે સુનામી એક દિવસ પછી પણ આવવાની સંભાવના વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે સુનામીનું દરિયામાં કંઇ એક મોજું નથી હોતું, પરંતુ તેમાં શક્તિશાળી મોજાંની આખી શ્રેણી હોય છે અને દરિયામાં ઊંડાણથી સુનામી એક જેટ વિમાન જેટલી ઝડપે એટલે કે કલાક દીઠ સેંકડો માઇલની ઝડપે ફેલાય છે.

(અમેરિકાના) ઓરેગોન ડિપાર્ટમેન્ટ ઑફ ઇમર્જન્સી મેનેજમેન્ટે જણાવ્યું હતું કે નાનું સુનામી મોડી રાતે સ્થાનિક સમય મધરાતની થોડી મિનિટ પહેલાં આવી શકે છે. લોકોએ દરિયાકિનારા, બંદર, ગોદીથી થોડો સમય દૂર રહેવું જોઇએ.

જાપાને આ ભૂકંપની અસર પોતાને ત્યાંનાં અણુમથકો પર નહિ થઇ હોવાનો દાવો કર્યો હતો.

ઉત્તર જાપાનના કાંઠા પર આવેલા શહેર માત્સુશીમાના સેંકડો લોકોએ સલામત સ્થળે આશ્રય લીધો હતો.

ફિલિપાઇન્સના સત્તાવાળાઓએ લોકોને હાલમાં કાંઠા વિસ્તારમાં નહિ જવાની સલાહ આપી હતી.

મેક્સિકોના નૌકાદળે કેલિફોર્નિયાની નજીક એન્સેનાડામાં ઉત્તરના કાંઠા વિસ્તારમાં સુનામીની સંભાવના વ્યક્ત કરી હતી. પ્રશાંત મહાસાગરમાંના અનેક નાના ટાપુમાં ભય ફેલાયો હતો.

અમેરિકાના જિયોલોજિકલ સર્વેના અહેવાલ મુજબ ૮.૮ની તીવ્રતાવાળા ભૂકંપનું કેન્દ્ર ૨૦.૭ કિલોમીટરની ઊંડાઇએ આવેલું હતું.

ધરતીકંપના પાંચ કલાક પછી જાપાનના ટોક્યોની નજીક દરિયાનાં મોજાં વધુ ઊંચાં ઊછળતાં હતાં.

હવાઇની રાજધાનીમાં લોકો ડરીને દરિયાકાંઠાથી દૂર ભાગવા લાગ્યા હોવાથી રસ્તાઓ અને ધોરીમાર્ગો પર ટ્રાફિક જૅમ થયો હતો. (એજન્સી)■

### રાહુલ તો

સેવામાં વીતાવ્યા છે. ચીનના રાજદૂત તરીકે સૌથી લાંબા સમયગાળા માટે સેવા બજાવનારાંઓમાં હું મોખરે છું.

ગૃહમાં હાજર એક માનનીય સભ્યનું ચીન પરત્વેનું મમત્ત્વ એટલું છે કે તેમણે ભારત અને ચીન માટે 'ચિન્ડિયા' શબ્દ આપ્યો છે. જયશંકરના આ નિવેદનને પગલે ગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.

ઉપરોક્ત નિવેદન કરીને જયશંકરે કોઇના પણ નામનો ઉલ્લેખ કર્યા વિના કૉંગ્રેસના નેતા જયરામ રમેશ પર નિશાન સાધ્યું હતું.

ચીન અને ભારત સાથે મળીને કામ કરે એ વિચારને પ્રોત્સાહન આપવા જયરામ રમેશે વર્ષ ૨૦૦૦ના આરંભમાં 'ચિન્ડિયા'નો વિચાર આપ્યો હતો.

વર્ષ ૨૦૧૪માં એક મુલાકાત દરમિયાન તેમણે કહ્યું હતું કે દસ વર્ષ અગાઉ મેં જ્યારે 'ચિન્ડિયા'ના વિચારને વહેતો મૂક્યો હતો ત્યારે તેનો મુખ્ય આશય ભારત અને ચીન ભાવિ પડકારોને પહોંચી વળવા સાથે મળીને કામ કરે એ બાબતને પ્રોત્સાહન આપવાનો હતો.

રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર મુદ્દે ચાલી રહેલી ચર્ચા દરમિયાન વિદેશ પ્રધાન એસ. જયશંકરે વિપક્ષને જવાબ આપ્યો છે. તેમણે ઓપરેશન સિંદૂરમાં યુદ્ધવિરામ મુદ્દે સ્પષ્ટતા કરી હતી. તેમણે વિપક્ષને કહ્યું કાન ખોલીને સાંભળી લો, બાવીસ એપ્રિલથી ૧૭ જૂન સુધી પીએમ મોદી અને અમેરિકાના પ્રમુખ વચ્ચે એક પણ ફોન કોલ નથી થયો. વિપક્ષ વારંવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ વિરામમાં ડોનલ્ડ ટ્રમ્પની ભૂમિકા અંગે સ્પષ્ટતા માગી રહ્યું છે. તેથી વિદેશ પ્રધાનો આ અંગે સ્પષ્ટતા કરી હતી. (એજન્સી)■

### 'મોદી આવશે તો

નરેન્દ્ર મોદી જ ગૃહમાં આવે એવી બુધવારે માગણી કરી રહેલા વિપક્ષના સાંસદોને શાંત પાડવા કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે મારી સાથે જ લડી લો. મોદી જો તમને જવાબ આપવા આવશે, તો તમે વધુ તકલીફમાં મુકાશો. તમારા બધાનું (વિપક્ષના સાંસદોનું) શું હજી સુધી મન ભરાઇ નથી ગયું કે મોદીને ગૃહની બેઠકમાં બોલાવી રહ્યા છો.

અમિત શાહના જવાબથી અસંતુષ્ટ વિપક્ષના સાંસદો ગૃહની બેઠક છોડીને જતા રહ્યા હતા.

અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસ દેશની સલામતીને બદલે રાજકારણને પ્રાધાન્ય આપે છે અને મત મેળવવા ચોક્કસ કોમના લોકોને ખુશ કરવા પ્રયાસ કરે છે. (એજન્સી)■

### પહલગામ હુમલો

ટીમ આઈએસઆઈએલે અલ-કાઈદાના તેના સહયોગી સાથે જોડાયેલા અહેવાલમાં પહલગામ આતંકી હુમલાનો ઉલ્લેખ કર્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, જમ્મુ-કાશ્મીરના પહલગામમાં એક

પર્યટન સ્થળ પર પાંચ આતંકવાદીઓએ પર્યટકો પર હુમલો કર્યો હતો. આ હુમલાની જવાબદારી આતંકી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ) દ્વારા લેવામાં આવી છે. તેમજ આ હુમલાના સ્થળ પર તેનો ફોટો પણ શેર કરવામાં આવ્યો છે. ■

### જસ્ટિસ વર્મા

કરી છે એવી સામગ્રી વડા ન્યાયમૂર્તિ પાસે હોય તો તેમને રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનને જાણ કરવાનો અધિકાર છે. આગળ પગલાં લેવા કે નહીં લેવા એ રાજકીય નિર્ણય છે, પરંતુ ન્યાયતંત્રે એવો સંદેશો સમાજને આપવો પડે કે પ્રોસેસનું પાલન થાય છે.

જસ્ટિસ વર્મા વતી દલીલ કરતા સિનિયર એડવોકેટ કપિલ સિબલે એવી રજૂઆત કરી હતી કે આંતરિક તપાસ પંચે કરેલી તેમની હકાલપટ્ટીની ભલામણ ગેરકાયદે છે. આ રીતે કરાયેલી તેમની હકાલપટ્ટીની કાર્યવાહી એ ખતરનાક દાખલો બનશે. એડવોકેટ સિબલે કહ્યું હતું કે શરૂઆતમાં તેમણે સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી નહોતી કારણ કે ટેપ રીલિઝ કરવામાં આવી હતી અને તેમની શાખને બટ્ટો લાગી ગયો હતો. ■

### આજકાલ ૧૦૦માંથી

આધુનિક જમાનામાં સરેરાશ ૧૦૦ છોકરીમાંથી ભાગ્યે જ બેથી ચાર છોકરી 'ચારિત્ર્યશીલ' હોય છે. બાકીની બધી છોકરીને પુરુષમિત્રો (બૉયફ્રેન્ડ્સ) હોય છે.

તેમણે જણાવ્યું હતું કે જો કોઇ પુરુષ ચાર મહિલા સાથે લૈંગિક (સેક્સ્યુઅલ) સંબંધ રાખતો હોય, તો તે તેની પત્નીને 'સંતોષ' આપી નથી શકતો, કારણ કે તેને લગ્ન કે સહવાસની મર્યાદા વિનાના લૈંગિક સંબંધની આદત પડી ગઇ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો જો ચાર પુરુષની સાથે સેક્સુઅલ રિલેશન્સ રાખનારી મહિલાને એક પતિથી 'આનંદ' નથી મળતો.

પ્રેમાનંદ મહારાજે જણાવ્યું હતું કે આજના જમાનામાં ભાગ્યે જ બેથી ચાર મહિલા 'ચારિત્ર્યશીલ' અને માત્ર એક પુરુષ પ્રત્યે 'વફાદાર' હોય છે.

દરમિયાન, કથાવાચક અનિરુદ્ધાચાર્ય મહારાજે લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી મહિલાઓને લગતી કહેલી વાતથી પણ વિવાદ સર્જાયો છે.

અભિનેત્રી દિશા પટણીની બહેન ખુશબૂ પટણીએ અનિરુદ્ધાચાર્યના સંબંધિત નિવેદનની આકરી ટીકા કરી હતી. ■

# ગર્ભપાત માટે સગીર છોકરીઓના નામ જાહેર કરવા ડૉકટરો પર દબાણ

## હાઈ કોર્ટે પોલીસની ઝાટકણી કાઢી

મુંબઈઃ ગર્ભપાત કરાવવા ઈચ્છતી સગીર છોકરીઓના નામ જાહેર કરવાનો આગ્રહ ન રાખવો એવો સુપ્રીમ કોર્ટનો નિર્દેશ હોવા છતાં એવી સગીર છોકરીઓના નામ અને ઓળખ જાહેર કરવા ડોક્ટરોને ફરજ પાડવા બદલ હાઈ કોર્ટે પોલીસ સામે નારાજગી વ્યક્ત કરી છે. ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠે ૨૮ જુલાઈએ કહ્યું હતું કે આવી છોકરીઓના નામ અને ઓળખ જાહેર કરવાનો પોલીસનો આગ્રહ સગીર પીડિતો અને ડોક્ટરોની સતામણી જ છે.

શહેરના એક ગાયનેકોલોજિસ્ટે પિટિશન દાખલ કરી માંગણી કરી હતી કે સગીર વયની છોકરીનું નામ અને ઓળખ પોલીસ સમક્ષ જાહેર કર્યા વિના ગર્ભપાતની પ્રક્રિયા માટે તે સ્વતંત્ર છે.

અરજી મુજબ છોકરીએ ઓળખીતા છોકરા સાથે સંમતિથી જાતીય સંબંધો બાંધ્યા હતા અને હવે તે ૧૩ અઠવાડિયાની ગર્ભવતી છે. છોકરી અને તેના માતા-પિતા ગર્ભપાત કરવા ઇચ્છે છે, પરંતુ તેના ભવિષ્યને ધ્યાનમાં રાખીને તે તેની ઓળખ જાહેર કરવા તૈયાર નથી. હાઈ કોર્ટે ગાયનેકોલોજિસ્ટને યુવતીનું નામ અને ઓળખ જાહેર કરવાની ફરજ પાડ્યા વિના તેના ગર્ભપાતને મંજૂરી આપી હતી.

ખંડપીઠે સુપ્રિમ કોર્ટના આદેશને માહિતી અને જરૂરી કાર્યવાહી માટે મહારાષ્ટ્રના તમામ પોલીસ સ્ટેશનોમાં મોકલવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશની એક નકલ રાજ્યના પોલીસ મહાનિર્દેશકને પણ જરૂરી પગલાં લેવા માટે મોકલવામાં આવશે. (પીટીઆઈ)■

SOMAIYA VIDYAVIHAR
K J Somaiya Institute of Technology
Somaiya TRUST
K J SOMAIYA INSTITUTE OF TECHNOLOGY
(Formerly known as K J Somaiya Institute of Engineering and Information Technology)
An Autonomous Institute Permanently Affiliated to University of Mumbai.
Somaiya Ayurvihar Complex, Eastern Express Highway, Sion, Mumbai-400022.
Tel: 022-44444444, 022-44444408
Email: principal.tech@somaiya.edu • Web: https://kjsit.somaiya.edu.in/en
DTE Code: EN3209, Gujarati Linguistic Minority
Direct Second Year ( B.Tech.)
Admission Notice 2025-2026
K J. Somaiya Institute Technology (KJSIT) invites online applications for admissions to Direct Second Year Engineering (B Tech) Degree for **Vacancies against CAP & CAP-MI** seats if any after all CAP rounds, Please visit our Institute website https://kjsit.somaiya edu.in/en **for more details.**

| Pre-admission form online submission & Payment of Processing Fees of Rs.1,000/- | End Date |
| --- | --- |
| B.Tech. (Direct Second Year) | 10-09-2025 |

Sd/-
Principal



NATIONAL SILK EXPO
Direct Weavers Exhibition & Sale
Wedding & Festival Special
31 July to 4 Aug.
ADITYA BANQUETS - THANE (W)
In side Ashar IT Park Gate No. 3,
Wagle Street, Road No. 16z, Thane West
150+ certified weavers & best designers from all over India
Authentic & pure silk & cotton saree
only at weavers price from all over India
All latest variety & new design
Silk & Cotton Saree | Designer Wear | Ethnic Wear
Kurti & Dresses | Fashion Jewellery | Handcrafted Textiles
M: 9412258826 | Entry Free | All UPI Online / Debit & Credit Cards Accepted

# ગેરરીતિ નહીં અટકે તો 'શિવ ભોજન' યોજના બંધ કરી દેવામાં આવશેઃ ભુજબળ

મુંબઈઃ મહારાષ્ટ્રના અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન છગન ભુજબળે બુધવારે જણાવ્યું હતું કે 'શિવ ભોજન' યોજનાના અમલમાં ગેરરીતિની ફરિયાદો આવી રહી છે અને જો આ ફરિયાદો ચાલુ રહેશે તો યોજના બંધ કરી દેવી પડશે.

અગાઉની મહારાષ્ટ્ર વિકાસ આઘાડી (એમવીએ) સરકાર દ્વારા ૨૦૨૦માં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને રાહત દરે ખોરાક પૂરો પાડવા માટે શિવ ભોજન થાળી યોજના શરૂ કરવામાં આવી હતી અને મહાયુતિ સરકારો દ્વારા એ ચાલુ રાખવામાં આવી હતી.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ભુજબળે જણાવ્યું હતું કે 'શિવ ભોજન થાળી યોજનાથી દરરોજ બે લાખ લોકોને લાભ થાય છે. ખોરાક તૈયાર કરવાની જવાબદારી છે એવા કેટલાક કેન્દ્રો જરૂરી ૧૦૦ થાળી પૂરી પાડતા નથી અને કેટલાક તો બિલકુલ નથી આપતા. મેં અધિકારીઓને કહ્યું છે કે કોઈ ગેરરીતિ ન થાય તેની ખાતરી કરો, નહીં તો યોજના બંધ કરવી પડશે. અલબત્ત અત્યારે યોજના ચાલુ છે.'

ભુજબળની આ ટીપ્પણી મહારાષ્ટ્રના મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેની રજૂઆતના પગલે આવી છે. તટકરેએ સ્વીકાર્યું હતું કે અંદાજે ૨૬.૩૪ લાખ અપાત્ર વ્યક્તિઓ મહિલાઓને માસિક રૂ. એક હજાર ૫૦૦ની સહાય આપતી સરકારની લાડકી બહિણ યોજનાનો લાભ લઈ રહી છે.

તટકરેએ વધુમાં જાણકારી આપી હતી કે જે ૨૬.૩૪ લાખ લાભાર્થીઓની સહાય હંગામી ધોરણે સ્થગિત કરવામાં આવી છે તેમની માહિતીની સંબંધિત જિલ્લા કલેક્ટરો દ્વારા ચકાસણી કરવામાં આવશે અને જે લોકો પાત્ર જણાશે તેમના લાભો સરકાર દ્વારા ફરી શરૂ કરવામાં આવશે. (પીટીઆઈ) ■

# ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસનો ચુકાદો આજે?

મુંબઈઃ રાજ્યના સંવેદનશીલ શહેર ગણાતા માલેગાંવમાં છ વ્યક્તિનો ભોગ લેનારા અને ૧૦૦થી વધુને જખમી કરનારા બ્લાસ્ટના કેસમાં ૧૭ વર્ષ બાદ ગુરુવારે વિશેષ એનઆઈએ કોર્ટ ચુકાદો આપે એવી શક્યતા છે.આ કેસમાં ભાજપનાં નેતા અને ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞા ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત સહિત સાત આરોપી સામે અનલૉફુલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) ઍક્ટ (યુએપીએ) અને ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ ખટલો ચલાવવામાં આવ્યો હતો.અન્ય આરોપીઓમાં મેજર (નિવૃત્ત) રમેશ ઉપાધ્યાય, અજય રહિરકર, સુધાકર દ્વિવેદી, સુધાકર ચતુર્વેદી અને સમીર કુલકર્ણીનો સમાવેશ થાય છે. કેસની તપાસ કરનારી નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા આરોપીઓને અનુરૂપ સજા આપવાની માગણી કરાઈ હતી.૨૦૧૮માં શરૂ થયેલો ખટલો ૧૯ એપ્રિલ, ૨૦૨૫માં પૂરો થયો હતો, જેનો ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો.માલેગાંવમાં એક મસ્જિદ નજીક બાઈકમાં ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ બૉમ્બધડાકો થયો હતો. (પીટીઆઈ) ■

# ૧૦ વર્ષની બાળકીના પેટમાંથી અડધા કિલો વાળનો ગુચ્છો કાઢવામાં આવ્યો

અમરાવતીઃ મહારાષ્ટ્રના અમરાવતીમાં પાચન સંબંધિત સમસ્યાની ફરિયાદ બાદ ૧૦ વર્ષની બાળકીના પેટમાંથી સર્જરી દ્વારા લગભગ અડધો કિલો વાળનો ગુચ્છો કાઢવામાં આવ્યો હોવાનું ડોક્ટરોએ જણાવ્યું હતું.

હોસ્પિટલના બાળરોગ સર્જન ડૉ. ઉષા ગજભીએએ જણાવ્યું હતું કે છોકરીને લાંબા સમયથી વાળ ખાવાની આદત હતી. છેલ્લા પાંચથી છ મહિનાથી ઊલટી, ભૂખ ન લાગવી અને વજન ઘટાડવાની ફરિયાદો બાદ વીસ દિવસ પહેલા તેને હોસ્પિટલમાં લાવવામાં આવી હતી.

તબીબી તપાસ અને કાઉન્સેલિંગ પછી છોકરીએ તે વાળ ખાતી હોવાનું ડૉ. ગજભીયેને જણાવ્યું હતું. તબીબી તપાસમાં જાણવા મળ્યું કે તેના પેટમાં વાળનો ગુચ્છો ભેગો થઈ ગયો હતો. ઓપરેશન દ્વારા તેના પેટમાંથી વાળ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યા હતા. ■

# કોકાટે વીસેક મિનિટ ગૃહમાં ઓનલાઈન કાર્ડ ગેમ રમ્યાઃ રોહિત પવાર

મુંબઈઃ મહારાષ્ટ્રના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે ૧૮થી ૨૨ મિનિટ સુધી વિધાનસભામાં પોતાના મોબાઈલ ફોન પર ઓનલાઈન કાર્ડ ગેમ રમી રહ્યા હોવાનો તપાસનો અહેવાલ છે એવો દાવો એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે બુધવારે કર્યો હતો.નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના કોકાટેએ દાવો કર્યો હતો કે તેઓ કોઈ ગેમ નહોતા રમી રહ્યા, પરંતુ ઓનલાઇન રમીનું એક નોટિફિકેશન મોબાઈલની સ્ક્રીન પર થોડી સેકંડ માટે આવ્યું હતું અને તેમણે એની અવગણના કરી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસરમાં રોહિત પવારે જણાવ્યું હતું કે 'કૃષિ પ્રધાન ૪૨ સેકંડ માટે નહીં પરંતુ ૧૮થી ૨૨ મિનિટ સુધી કાર્ડ ગેમ રમી રહ્યા હતા. આ અહેવાલ રાજ્ય વિધાનસભાનો છે જે મુખ્ય પ્રધાન તેમજ નાયબ મુખ્ય પ્રધાનને સુપરત કરવામાં આવ્યો છે. શું સરકાર આ વિશે કોઈ સ્પષ્ટતા કરશે?'રોહિત પવારે જ સૌથી પહેલા સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો જેમાં ગયા અઠવાડિયે સમાપ્ત થયેલા ચોમાસા સત્ર દરમિયાન વિધાન પરિષદમાં પ્રધાનને મોબાઇલ ફોન પર કાર્ડ ગેમ 'રમતા' દર્શાવવામાં આવ્યા હતા. ■

# બોલો,ભિખારી પાસે સાડા સાત કરોડની સંપત્તિ

## મુંબઈમાં બે મોટા ફ્લેટ, થાણેમાં દુકાનો અને...

મુંબઈઃ ભિખારીનું નામ સાંભળતા જ આપણા મનમાં ગરીબ, ઘર વગરના, ગંદા કપડા પહેરેલા રોડ-રસ્તા પર પૈસા માંગતા વ્યક્તિઓનું ચિત્ર ઉપસી આવે છે. પરંતુ હવે પરિસ્થિતિ એવી રહી નથી. કેટલાક લોકો ભીખ માંગીને કરોડપતિ પણ બની ગયા છે, જેમાંથી એક છે ભરત જૈન અને તે દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, આઝાદ મેદાન અને આસપાસના વિસ્તારોમાં ભીખ માંગે છે. ભીખ માંગીને તે દરરોજ બે થી અઢી હજાર રૂપિયા કમાય છે અને મહિને સરેરાશ ૭૫,૦૦૦ રૂપિયા.

મુંબઈ અને નજીકના શહેરોમાં ઘણી મોટી કંપનીઓમાં કામ કરતા સુશિક્ષિત મુંબઈગરાઓને દિવસમાં ૧૨-૧૨ કલાક કામ કરવા છતાં આટલો પગાર મળતો નથી. ભરત જૈને ભીખ માંગીને ભેગા કરેલા પૈસામાંથી મુંબઈમાં ૧.૪ કરોડ રૂપિયાના બે ફ્લેટ, થાણેમાં બે મોટી દુકાન ખરીદી છે. એક દુકાન માટે દર મહિને તે ૩૦,૦૦૦ રૂપિયા ભાડું વસૂલ કરે છે અને બીજી દુકાનમાં તેમનો પરિવાર તે સ્ટેશનરીનો વ્યવસાય ચલાવે છે. તેમના બાળકો એક મોટી ખાનગી શાળામાં અભ્યાસ કરે છે. આટલી મોટી સંપત્તિ મેળવવા છતાં, ભરત જૈને ભીખ માંગવાનું છોડ્યું નથી.

ભરત જૈન જીવવા માટે કે બે સમયનું ભોજન મેળવવા માટે ભીખ માંગતા નથી. તેઓ ભીખ માંગીને કમાયેલા પૈસા યોગ્ય જગ્યાએ રોકાણ પણ કરે છે. તેમણે આ વ્યવસાયમાંથી કમાયેલા પૈસાનું રોકાણ કર્યું અને કરોડપતિ બન્યા. ■

# શાળામાં ગૂટલી મારીને બાળકો ગેમ રમવા આવતા હોવાની ફરિયાદો

## ગૅમિંગ ઝોનના કર્મચારીને મનસેના નેતાએ તમાચો માર્યો

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં આવેલા ગૅમિંગ ઝોનના કર્મચારીને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પદાધિકારીએ તમાચો માર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, જેને કારણે પદાધિકારીની ટીકા થઇ રહી છે. બાળકો તેમના ઘરમાંથી પૈસા ચોરીને તથા શાળામાં ગૂટલી મારીને વારંવાર ગૅમિંગ ઝોનમાં જતા હોવાની ફરિયાદો મળ્યા બાદ મનસેના પદાધિકારીએ મંગળવારે ગૅમિંગ ઝોનના કર્મચારીને તમાચો માર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ પ્રકરણે અત્યાર સુધી તેમને કોઇ ફરિયાદ મળી નથી અને અને તેઓ વાયરલ થયેલા વીડિયોની ચકાસણી કરી રહ્યા છે.

વીડિયો ક્લિપમાં મનસેનો કલ્યાણનો પ્રમુખ ઉલ્હાસ ભોઇર શાળાના યુનિફોર્મમાં વિદ્યાર્થીઓની ગૅમિંગ ઝોનમાં હાજરી અંગે ત્યાંના કર્મચારીને પ્રશ્નો પૂછતો જોવા મળે છે. ગૅમિંગ ઝોનના કર્મચારીએ કહ્યું હતું કે પરિસરમાં કોણ પ્રવેશ કરે છે તેના પર અમારું કોઇ નિયંત્રણ નથી. આથી ભોઇરને ગુસ્સો આવ્યો હતો અને તેણે કર્મચારીને તમાચો માર્યો હતો. ભોઇરે કહ્યું હતું કે આવી બેદરકારી આખી પેઢીને ગંભીર અસર કરી શકે છે.■



With deep sorrow, we announce the passing of our beloved

# Shri Niraj Parekh

09th August 1973 - 30th July 2025

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः।।

Weapons cannot cut the soul, fire cannot burn it, water cannot wet it, and wind cannot dry it.

**PRAYER MEET ON**

01ST AUG 2025 FRIDAY - 4:00 PM TO 5:30 PM
AT SHREE VARDHAMAN STHANAKWASI JAIN SANG, LOKMANYA TILAK ROAD,
OPP. DIAMOND TALKIES, BORIVALI WEST, MUMBAI – 400092.

**DEEPLY MOURNED BY**

THE ENTIRE PAREKH FAMILY, MANAGEMENT AND STAFF
GANDHAR GROUP OF COMPANIES

# પુણે કોર્ટે સગીરના પિતાની કામચલાઉ જામીન અરજી ફગાવી

પુણેઃ પુણેમાં મે, ૨૦૨૪માં થયેલા પોર્શે કાર અકસ્માતમાં સંડોવાયેલા સગીર ડ્રાઇવરના બિલ્ડર પિતાએ તેની ૭૯ વર્ષની માતાની તબીબી સ્થિતિને ટાંકીને કરેલી કામચલાઉ જામીન અરજી કોર્ટે બુધવારે ફગાવી દીધી હતી. ગુનાનો પ્રકાર અને નપુરાવા સાથે ચેડાં કરવાની વાજબી આશંકાથને ધ્યાનમાં લેતાં આ તબક્કે સગીરના પિતાને જામીન પર છોડવા માટે કોઇ કારણ નથી, એમ એડિશનલ સેશન્સ જજ કે. પી. ક્ષીરસાગરે જણાવ્યું હતું. વ્યવસાયે બિલ્ડર એવા અરજદારે કહ્યું હતું કે તેની માતા ગંભીર તબીબી સ્થિતિથી પીડાઇ રહી છે. સર્જરી અગાઉ અને બાદમાં તેની હાજરી જરૂરી હોવાનું અરજીમાં જણાવાયું હતું. જોકે તપાસકર્તા પક્ષે અરજીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે અરજદારની માતાની બીમારી ઉંમર સાથે સંબંધિત છે અને તેના જીવને તાત્કાલિક કોઇ જોખમ નથી. અરજદાર/આરોપીની માતાની કરોડરજ્જુની સર્જરી એ પૂર્વનિર્ધારિત સર્જરી છે. તેના પિતા, બહેન, પત્ની, પુત્ર, સાળા તેની માતાની સંભાળ રાખી શકે છે, એમ વિશેષ સરકારી વકીલ શિશિર હિરેએ દલીલ કરી હતી.

તપાસકર્તા પક્ષે એવી પણ દલીલ કરી હતી કે માતાની મેડિકલ પ્રિસ્ક્રિપ્શન ૭ જુલાઇ, ૨૦૨૫ની છે અને જામીન માટે અરજી ૮ જુલાઇ, ૨૦૨૫ના રોજ કરવામાં આવી છે. (પીટીઆઇ)

# નવી મુંબઈમાં વૃદ્ધના ઘરમાંથી ૮૫ લાખનું સોનું ચોર્યુંઃ ત્રણ નોકરાણી વિરુદ્ધ ગુનો

થાણેઃ નવી મુંબઈમાં ૬૪ વર્ષના વૃદ્ધના ઘરમાંથી ૮૫.૫ લાખ રૂપિયાના સોનાના દાગીના, લગડી અને સિક્કા ચોરવા બદલ ત્રણ નોકરાણી વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ નેરુળમાં રહેતા વૃદ્ધના ઘરમાં એપ્રિલથી જૂન દરમિયાન ચોરીની ઘટના બની હતી. એ સમયગાળામાં વૃદ્ધના ઘરે ત્રણ મહિલા ઘરકામ કરતી હતી. ત્રણેય નોકરાણીએ વૃદ્ધની જાણ બહાર ઘરમાંથી સોનાના દાગીના, લગડી અને સિક્કા ચોર્યા હતા, જેની કિંમત ૮૫.૫૦ લાખ રૂપિયા હતી. નેરુળ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બે નોકરાણી નેરુળની રહેવાસી છે. જ્યારે ત્રીજી નોકરાણી મુંબઈમાં રેલવે સર્વન્ટ ક્વાર્ટર્સમાં રહે છે. ત્રણેય જણે ઘરકામ કરતી વખતે ચૂપચાપ વૃદ્ધના ઘરમાં હાથફેરો કર્યો હતો. દરમિયાન ઘરમાં ચોરી થઇ હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ વૃદ્ધે નેરુળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે સોમવારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

## છેલ્લા પાનાનું ચાલુ

### ઘાટકોપર રેલવે

વાયરમાં આગ લાગી હોવાનું પ્રથમદર્શી જણાયું હતું. આગ ઝડપભેર ફેલાતાં આખી દુકાનને ચપેટમાં લઈ લીધી હતી. શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

દરમિયાન ઘટનાસ્થળે પહોંચેલા ફાયર બ્રિગેડના જવાનોએ આગ ઓલવવાની કામગીરી હાથ ધરી હતી. લગભગ વીસેક મિનિટમાં જ આગ પર કાબૂ મેળવી લેવાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### મહારષ્ટ્ર કૉંગ્રેસની

જણાવ્યું હતું કે, રાજ્ય કારોબારી સમિતિના નવ નિયુક્ત સભ્યોમાંથી ૬૬ ટકા નવા ચહેરાઓ છે, જ્યારે ૩૩ ટકા અનુભવી નેતાઓ છે. નવી ટીમમાં ૪૧ ટકા અન્ય પછાત વર્ગો (ઓબીસી), ૧૯ ટકા અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અને નોંધપાત્ર સંખ્યામાં મહિલાઓનો સમાવેશ થાય છે. અમે આ પસંદગીમાં ભૌગોલિક અને સામાજિક સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

### ટ્યૂશન ટીચરે

લેવા માટે ગઇ હતી.

મોટી બહેન ટ્યૂશન ક્લાસમાં પહોંચી ત્યારે તેણે ભાઇને રડતો જોયો હતો. તેણે આ અંગે શિક્ષિકાને પૂછતાં તેણે કહ્યું હતું કે તે અભ્યાસના દબાણને કારણે હતાશ છે. દરમિયાન બાળક ઘરે ગયા બાદ ફરી રડવા લાગ્યો હતો. આથી માતાએ પૂછતાં તેણે હાથમાંની ઇજાઓ બતાવી હતી. ખરાબ લખાણ બદલ શિક્ષિકાએ તેને ડામ આપ્યા હોવાનું બાળકે જણાવ્યા બાદ માતાએ શિક્ષિકાને ફોન કરી આ અંગે પૂછ્યું હતું. શિક્ષિકાએ ડામા આપ્યાનું કબૂલીને જવાબ આપ્યો હતો કે ખરાબ લખાણને કારણે તેને સજા થઇ છે. તેણે બાળકની માતાને વધુ દલીલ ન કરવાનું પણ કહ્યું હતું.

દરમિયાન બાળકને હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો અને બાદમાં કુરાર પોલીસ સ્ટેશનમાં શિક્ષિકા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

### હિન્દુત્વવાદી

સેવા આપી ચૂક્યા છે, પરંતુ ટોળાના સભ્યો સાંભળવાના મૂડમાં નહોતા. તેઓએ અપશબ્દો બોલ્યા અને અમારા પર બાંગ્લાદેશી હોવાનો આરોપ લગાવ્યો.

શેખે દાવો કર્યો હતો કે જ્યારે કાર્યકરોએ 'જય શ્રી રામ' ના નારા લગાવવાનું શરૂ કર્યું અને પરિવારના સભ્યોને પોલીસ સ્ટેશન આવવા દબાણ કર્યું, ત્યારે તેમની સાથે આવેલા બે વ્યક્તિઓએ પોતાને પોલીસ તરીકે ઓળખાવી. આખા પ્રકરણ દરમિયાન સાદા કપડામાં આ બે પોલીસકર્મીઓ ચૂપચાપ ઊભા રહ્યા અને કંઈ કર્યું નહીં. જ્યારે તેઓ ચંદનનગર પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે મહિલા પોલીસ ઇન્સ્પેક્ટરે તેમના દસ્તાવેજો લીધા અને બહાર રાહ જોવા કહ્યું. અમને બે કલાક રાહ જોયા પછી, અધિકારીએ અમને બીજા દિવસે ફરી મળવા કહ્યું અને ચેતવણી આપી કે જો અમે તેમ કરવામાં નિષ્ફળ જઈશું તો અમને બાંગ્લાદેશી નાગરિક જાહેર કરવામાં આવશે, એમ શેખે કહ્યું. (પીટીઆઈ)

### મહારષ્ટ્રમાં ગેરકાયદે

રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમે કહ્યું હતું કે છેલ્લાં ચાર વર્ષમાં રાજ્યમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશીઓ પર રાજ્ય સરકાર અગાઉ ક્યારેય ન કરાઈ હતી તેવી કડક કાર્યવાહી કરી રહી છે. ૨૦૨૧માં રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા ૧૦૯ બાંગ્લાદેશીઓને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૦૨૨માં ૭૭ અને ૨૦૨૩માં ૧૨૭ને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. ૨૦૨૪માં ૭૧૬ ગેરકાયદેસર બાંગ્લાદેશી રહેવાસીઓની ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૨ ને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. માર્ચ ૨૦૨૪ સુધી રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા ૬૦૦ બાંગ્લાદેશીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. (પીટીઆઈ)

### આજે બાન્દ્રા,

૨.૦૦થી ૫.૦૦ વાગ્યા સુધીનો છે. જોકે, આ વિસ્તારોમાં પાણી પુરવઠો સ્થગિત રહેશે. નરગીસ દત્ત માર્ગ, પદ્મશ્રી દેવ આનંદ માર્ગ (ઝિગ ઝેગ માર્ગ), પાલી માલા માર્ગ પર પાણી પુરવઠાનો નિયમિત સમય રાત્રે ૧૦થી એક વાગ્યા સુધીનો છે. અહીં પણ પાણી પુરવઠો બંધ રહેશે. જ્યારે કાંતવાડી વિસ્તારના કેટલાક ભાગો, પાલી નાકા, પાલી ગાવઠણ, શેરલી, રાજન અને માલા ગામના કેટલાક ભાગોમાં સવારે ૧૦થી બપોરે બે વાગ્યા સુધી પાણી પુરવઠો ઓછા દબાણે રહેશે. ખારદાંડા કોલીવાડા, દંડપાડા, ચુઈમ ગાવઠણ, ગઝધરબંધ ઝૂંપડપટ્ટીના કેટલાક ભાગો, ખાર પશ્ચિમના કેટલાક ભાગોમાં સાંજે ૫.૩૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી પાણી પુરવઠો ઓછા દબાણે રહેશે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રે નાગરિકોને પાણી પુરવઠા બંધના સમયગાળા દરમિયાન પાણીનો કરકસરથી ઉપયોગ કરીને સહયોગ આપવા અને સાવચેતીના પગલા તરીકે આગામી ચારથી પાંચ દિવસ સુધી પાણી ઉકાળીને અને ફિલ્ટર કરીને વાપરવા અપીલ કરી છે.

### 'અભિવ્યક્તિની

ન્યાયમૂર્તિ અજય એસ. ગડકરી અને ન્યાયમૂર્તિ રાજેશ એસ. પાટીલની ખંડપીઠ સમક્ષ મંગળવારે આ અરજીની સુનાવણી થઈ હતી. ખંડપીઠે ૪૬ વર્ષની મહિલા શિક્ષિકાની એફઆઈઆર રદ કરવાની અરજીને ફગાવી દીધી હતી. ૧૫ મેએ પુણેમાં એફઆઈઆર નોંધાઈ હતી.

બોમ્બે હાઈકોર્ટની ખંડપીઠે આ અરજીને ફગાવી દેતાં અભિવ્યક્તિની સ્વતંત્રતાના દુરુપયોગ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. ખંડપીઠે કહ્યું હતું કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો દુરુપયોગ કરીને સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ મૂકવી, ઉચ્ચ અધિકારીઓ સામે પાયાવિહોણા આક્ષેપો કરવા અને લોકોમાં રોષ પેદા થાય અથવા તેમની ભાવનાઓને ઠેસ પહોંચે એવી સામગ્રી સોશિયલ મીડિયા પર મૂકવી એ કેટલાક લોકો માટે ફેશન બની ગઈ છે.

એફઆઈઆર અનુસાર શિક્ષક જે સોસાયટીમાં રહે છે ત્યાં મહિલાઓનું વોટ્સએપ ગ્રુપ છે. તેમાં ૩૮૦ સભ્યો છે. ૭ મેએ ઓપરેશન સિંદૂર શરૂ થયું હતું ત્યારે જૂથના ઘણા લોકોએ ઓપરેશનની પ્રશંસા કરી હતી. એ સમયે શિક્ષકે રજૂઆત કરી હતી કે આ જૂથનો ઉપયોગ રાષ્ટ્રીય ન્યૂઝ ચેનલ તરીકે ન થવો જોઈએ.

અન્ય એક સભ્યએ આ સંદેશનો જવાબ આપતા કહ્યું કે આ સમય દેશભક્તિ દર્શાવવાનો છે. અરજદારે આ મેસેજ પર હાસ્યજનક ઇમોજી પોસ્ટ કરી હતી, તેમજ કેટલાક અન્ય મેસેજ પણ મૂક્યા હતા. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારત વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી પણ કરી હતી.

### ઉત્તન-વિરાર

કનેક્ટર્સથી ૯,૦૭૫ વૃક્ષોને અસર થશે. આમાંથી ૧,૮૬૮ વૃક્ષો કાપી નાખવામાં આવશે, ૧,૬૧૨ વૃક્ષોનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે અને ૫,૫૯૫ વૃક્ષો જાળવી રાખવામાં આવશે. ઉત્તન કનેક્ટર દ્વારા ૮.૭૧ હેક્ટર મેન્ગ્રોવ્સ અને વિરાર કનેક્ટર દ્વારા ૬.૬૮ હેક્ટર મેન્ગ્રોવ્સને અસર થશે. ટ્રાન્સમિશન લાઇન અને પાણીની પાઇપલાઇન પણ ડાયવર્ટ કરવી પડશે. વર્સોવા-વિરાર સી લિંક પ્રોજેક્ટ મૂળ રીતે વર્સોવાથી વિરાર સુધી હતો. જોકે, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ઉત્તર કોસ્ટલ રોડ અને દહિસર-ભાયંદર લિંક રોડ (ડીબીએલઆર)ને અમલમાં મૂકી રહ્યું છે, જે વર્સોવાથી ભાયંદરને વૈકલ્પિક માર્ગ દ્વારા દરિયાકાંઠે જોડે છે, તેથી પ્રસ્તાવિત સી લિંક ઉત્તનને વિરાર સાથે જોડશે.

આ પ્રોજેક્ટમાં ઉત્તનથી વિરાર સુધીનો ૨૪.૨૫ કિમી લાંબો દરિયાઈ પુલ શામેલ છે. તે ૧ કિમીના અંતરે દરિયાકાંઠાની સમાંતર ચાલશે. તેમાં પ્રાદેશિક પ્રવેશ માટે ત્રણ કનેક્ટર્સનો સમાવેશ થાય છે.

- ૯.૩૨ કિમી લાંબો ઉત્તન (મીરા-ભાયંદર) કનેક્ટર, ઉત્તન બીચ નજીક એક ઇન્ટરચેન્જથી શરૂ થાય છે અને નેતાજી સુભાષચંદ્ર બોઝ ગ્રાઉન્ડ નજીક મુખ્ય માર્ગ દ્વારા મીરા-ભાયંદર સાથે જોડાય છે.

-વસઈ કનેક્ટર ૨.૫ કિમી લાંબો હશે, જે દરિયાઈ લિંકને વે સાઇડ એમેનિટીઝ પર એક ઇન્ટરચેન્જ સાથે જોડશે.

-વિરાર કનેક્ટર એ વિરાર સુધીનો ૧૮.૯૫ કિમીનો વિસ્તાર છે, જે અર્નાલા બીચ નજીક શરૂ થાય છે. એક ઇન્ટરચેન્જ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડાશે.

### બદલાપુર-વાંગણી

સામનો કરવો પડ્યો હતો. બુધવારે સવારે આઠ વાગ્યાની આસપાસ બદલાપુર અને વાંગણી વચ્ચેના રેલવે ટ્રેક પર તિરાડ જોવા મળી હતી. આ કારણે બદલાપુરથી ઉપડતી સવારે ૮:૧૧ વાગ્યેની લોકલ ટ્રેન આગળ ઊભી રહી ગઈ હતી. આ અંગે માહિતી મળતાં, રેલ્વે વહીવટીતંત્રે તાત્કાલિક ટ્રેક રિપેરિંગનું કાર્ય શરૂ કરી દીધું હતું. અડધા-પોણા કલાકમાં રિપેર કાર્ય પૂર્ણ થયા બાદ ઊભી રહેલી કર્જત લોકલ ટ્રેનને વાંગણી મોકલવામાં આવી હતી. આના કારણે કર્જત જતી લોકલ ટ્રેનોને તેમ જ લાંબા અંતરની ટ્રેનોને પણ અસર થઈ હતી. ઉપરાંત કર્જતથી આવતી લોકલ ટ્રેનો મોડી દોડતી હોવાથી, બદલાપુર અને અંબરનાથથી ઉપડતી લોકલ ટ્રેનોમાં તે મુસાફરોની ભીડ જોવા મળી હતી. આમ મુસાફરોને ભારે અગવડતા પડી હતી.

### ફૂડ ડિલિવરી

કિલો એમડી મળી આવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ એન્ટિ-નાર્કોટિક્સ સ્ક્વોડને રવિવારે મળેલી માહિતીને આધારે દીવા ગામ નજીકના માર્ગ પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. સાંજે ૫.૫૦ વાગ્યે આવેલા આરોપીને તાબામાં લેવાયો હતો. તેની પાસેથી જપ્ત કરાયું ડ્રગ તે વેચવાને ઇરાદે લાવ્યો હતો. આરોપી વિરુદ્ધ શિળ ડાયઘર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.બીજા કેસમાં ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના અધિકારીઓએ ભિવંડી-મુંબઈ ચેનલ રોડ પર કલવા નજીક છટકું ગોઠવી શાહરુખ સત્તાર મેવાસી ઉર્ફે રિઝવાન (૨૮)ને પકડી પાડ્યો હતો. મધ્ય પ્રદેશના મંદસૌરના વતની રિઝવાનના વાહનની તપાસ કરતાં અંદાજે ૯૩ લાખ રૂપિયાનું એમડી મળી આવ્યું હતું. આરોપી રિઝવાન આંતરરાજ્ય ડ્રગ તસ્કરી સિન્ડિકેટનો સભ્ય હોવાનું પોલીસનું માનવું છે. કોર્ટે તેને છ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપીએ કોની પાસેથી ડ્રગ પ્રાપ્ત કર્યું તેની તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશે. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૧૦. મહિલાઓ માટે

**કાન**

૪૦ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા, ઘાટકોપર- અંધેરી- સેન્ડહર્સ્ટ રોડ, વાલકેશ્વર- દાદર- ચોપાટી ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૬૨૩૧)

### ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી ઈસ્ટ નવામાં**

વન બેડ (1.35) ટુ બેડ (1.55 થી 2.25) થ્રી બેડ (2.50 થી 3.25) ફર્નિશ/અનફર્નિશડ સ્ટેશનને ગંગર 8080524858. (બી-૧૬૩૧૨)

**CHEMBUR**

Two Adjoining Flats available for Sell at Tilak Nagar Colony. Building will go in Redevelopment on or before March 2026. Call 9833986526. (SDB-2769)

**LALBAG, MAIN ROAD,** New Bldg with OC, Low maintenance 2 Bed 650 cpt 3.2 Cr. Genuine Seller, 9773038617. (B-16104)

1) NASIK SALE 1/2 BEDroom - 27 / 47 Lac. 2) Boiser West 1 Bedroom 1BHK, Shop - 7.50L 3) Palghar 1 Bedroom - 20 Lac. 4) Mira Road 1 Bedroom 63.50, Rent - 18000/- 5) Borivali West 2 Bedroom - 1.80 Lac 6) Kandivali West 3 Bedroom 1000' - 3.25 Cr, Rent - 75000/= 9167332595 / 9930013550 / (All inclusives) (137-C)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૯૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દરિયા 9326495003. (એસડીબી-૨૭૭૨)**

■ હેવી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 3300 ફૂટ ગાળો આઉટરાઈટથી વેચવાનો છે. ટાઈલ્સ ઈટાલીયન મારબલ - ગ્રેનાઈટ માટે - 9987123826. (બી-૧૬૨૩૫)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**નિયતી જ્યોતિષ**

દેવી ઉપાસક, ફક્ત બહેનો માટે જ્યોતિષને લગતા દરેક કાર્યની સ્પેશ્યાલિસ્ટ. મુંબઈ - 9586654869. (એસડીબી-૨૭૮૭)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૮૪-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનમાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## હિન્દુ મરણ

**નથું તુલસી ઔદિચ્ય બ્રહ્મ સમાજ**

શ્રીમતી મંજુલા મહેતા (ઉં.વ. ૭૬) તા. ૨૮-૭-૨૫એ કૈલાસવાસી થયેલ છે. તે જનકરાય જીવરામ મહેતાના ધર્મપત્ની. જે અતુલ તથા કલ્પેશના માતુશ્રી. નિધિ અને ક્ષમાના સાસુ. હેત્વી, કુશ, ગંધાલી, વૃંદા, પરમ અને વત્સના દાદીમા. સ્વ. રમણિકભાઈ તથા સ્વ. પ્રધુમનભાઈના ભાભી. નરેન્દ્ર જેશંકર વ્યાસ, પ્રવીણા હર્ષદ વ્યાસ તથા સ્વ. ભરત જેશંકર વ્યાસના બહેન. પ્રાર્થનાસભા તા. ૧-૮-૨૫ શુક્રવારે ૫ થી ૭. કોરા કેન્દ્ર હોલ, શિંપોલી રોડ, એલાઇટ લકઝરી, ગોલ્ડન ડેલિક્સી પાસે, દળવીનગર બોરીવલી વેસ્ટ.

**પટેલ**

ચંદ્રિકા ચંદ્રકાંત સાહેબા (ઉં.વ. ૯૪) તેઓ ધનંજય, નીતા અને સૌમિલના માતા. અમિતભાઈ પટેલ અને પારુલના સાસુ અને ઋષિ-માધુરી, સમીરા-વિશાલ અને જૈમિનના બા. ૨૯-૭-૨૫ના મુંબઈમાં શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખી નથી.

**દશા શ્રીમાળી**

મુંબઈ નિવાસી, સુશીલાબેન અજમેરા, સ્વ. ઉમેશભાઈ જમનાદાસ અજમેરાના ધર્મપત્ની. સ્વ. વનરાવનદાસ મોદીના પુત્રી. પ્રણવ અને કુંતલના માતા. દેવલ તરમેન્દ્ર પંડિત અને મિલન સૂર્યકાન્ત ઉદાનીના સાસુ. પાર્થ અને ઈશાના દાદી. હિતા હેમ કોઠારી અને વેદીકાના નાની સોમવાર, તા. ૨૮-૭-૨૫ના અક્ષરધામ નિવાસી થયા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા (હાલ સાયન) હસમુખરાય વૃજલાલ મહેતાના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૮૯) તા. ૨૮-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે રાકેશ-અનુ, નિપુલ-મીનાના માતુશ્રી. જીમીત, રોનીત અને પરમ-તન્વીના દાદી. સ્વ. ભુપતરાય, કનેયાલાલ, સ્વ. નટવરલાલ, સ્વ. પ્રતાપરાય, ચંદ્રકાંતભાઈ, વર્ષાબેન અને વિનોદીનીબેનના ભાભી. પિયર પક્ષે નાના રાજકોટવાળા (હાલ માટુંગા) સ્વ. બાબુભાઈ ઓધવજી વળિયાના પુત્રી. સ્વ. કિશનભાઈ, દેવેન્દ્રભાઈ, સ્વ. રવિન્દ્રભાઈ, સ્વ. રમીલાબેન, અરુણભાઈ અને ઈંદિરાબેનના બહેન. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૧-૭-૨૫ના ૫.૩૦થી ૭.૦૦. યોગી સભાગૃહ. દાદર સ્ટેશનની સામે, (ઉઠમણાની પ્રથા બંધ છે).

**શિ.સં.ઔ.અ.બ્રાહ્મણ**

હોઈદડ નિવાસી, હાલ પનવેલ, પ્રવિણકુમાર (ઉં. વ. ૭૮) તે સ્વ. રવિશંકર હરીશંકર જોશીના જ્યેષ્ઠ સુપુત્ર. તે હંસાબેનના પતિ. નાના ખોખરા નિવાસી સ્વ. પુરુષોત્તમ જે. પંડ્યાના ભાણેજ. કમળેજ નિવાસી સ્વ. લક્ષ્મીશંકર જે. પંડ્યાના જમાઈ. સ્વ. નિર્મળાબેન એસ. ભટ્ટ, ગં.સ્વ. ભદ્રાબેન રે. જોશી, સ્વ. ઉષાબેન ત્રિ. ઉપાધ્યાય, દિલીપભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, સુધીરભાઈ, સ્વ. ભાસ્કરભાઈ, છાયાબેન જાની, દિપાબેન જોશી તથા કિર્તીભાઈના મોટા ભાઈ. રાકેશ, સચીન, વૈશાલીના પિતાશ્રી તા. ૨૯-૭-૨૫, મંગળવારે કૈલાશવાસ થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૩૧-૭-૨૫, ગુરુવાર, ૪ થી ૬. શ્રી પનવેલ લોહાણા મહાજન વાડી, (રવજી ભીમજી રંગપરીયા માર્ગ-મિરચી ગલ્લી).

**કપોળ**

ભિવંડીવાળા સ્વ. વ્રજલાલ પ્રભુદાસ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. પુષ્પાવતી વ્રજલાલ મહેતા (ઉં. વ. ૯૬) સોમવાર, તા. ૨૮-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ. રશ્મી હરેશ પારેખ, સ્વ. યોગેશ, કૌશિક, શૈલેષના માતુશ્રી. નિરૂબાળા, દક્ષા, હીનાના સાસુ. તે અક્ષય, નિરવ, હાર્દિક, રોનક, દેવાંગ, ઋષભના દાદી. પુનાવાળા સ્વ. છગનલાલ કેશવજી કાણકિયાના દીકરી. સર્વ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. ઠે.- કૌશિક વ્રજલાલ મહેતા, ગોપાલ નગર, ભિવંડી.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

શિહોર નિવાસી હાલ કાંદિવલી, કેતનભાઈ જાની (ઉં. વ. ૬૦) તે સ્વ. હંસાબેન નર્મદાશંકર જાનીના પુત્ર. તે દર્શનાબેનના પતિ. તે સ્મિતના પિતા. શૈલેષભાઈ અને ભાવના વિનોદરાય પારેખના નાના ભાઈ. સ્વ. પરમાનંદભાઈ પ્રભાશંકર પંડ્યાના જમાઈ. સ્વ. પંકજભાઈ, દિપકભાઈ, ભાવેશભાઈ, હર્ષાબેન અશોકકુમાર ભટ્ટ, કલ્પનાબેન વિરેન્દ્રભાઈ દવેના બનેવી તા. ૨૯-૭-૨૫ને મંગળવારના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૮-૨૫ને શુક્રવારના ૪ થી ૬, શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, શંકરના મંદિર પાસે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), ૧લે માળે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટિયા**

ચિત્રા અરવિંદ મર્ચન્ટ (ઉં. વ. ૭૭) તે સ્વ. નિર્મલા અરવિંદ મર્ચન્ટના પુત્રી. નરેન્દ્ર, પ્રતાપ, પ્રતિમા, નૈનાના બેન. તે સૌ. ઈશાના નણંદ તા. ૨૮-૭-૨૫ના રોજ મુંબઈ મલાડ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**જાંબુ બ્રાહ્મણ**

જંબુસર નિવાસી, હાલે વિલેપાર્લે, ગં.સ્વ. મનોરમાબેન બાલાશંકર જોશીના પૌત્ર અને ગં.સ્વ. મીનાબેન નયનકુમાર જોશીના પુત્ર નકુલ નયન જોશી તે સુધીરભાઈ બાલાશંકર જોશીના ભત્રીજા. અમર નયન જોશીના ભાઈ. ગં.સ્વ. કોમલ નકુલ જોશીના પતિ. રૂદ્રાના પપ્પા તા. ૨૬-૭-૨૫ના દેવલોક પામ્યા છે. તમામ લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભાઃ અમૃતબાગ હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ). તા. ૩-૮-૨૫, સમય ૪ થી ૬.

**કપોળ**

ભોજાવદરવાળા હાલ મલાડ, સ્વ. રમાબેન બચુભાઈ ગાંધીના પુત્ર અશોકભાઈ (ઉં. વ. ૭૨) તે રશ્મિબેનના પતિ. કૃતિ-અપુર્વ, કેશા-વિરાજ, પ્રતિક-કિંજલના પિતા. રાજેન્દ્ર-મેઘના, રક્ષા-હરેશ, નિલમ-જીતેન્દ્ર, લીના-વિજયના ભાઈ. શિહોરવાળા હરેન્દ્રભાઈ નરશીદાસ મોદીના બનેવી તા. ૨૭-૭-૨૫ને રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ચિંચણ તારાપુર ઘોઘારી દશા પોરવાડ વણિક**

ચિંચણ નિવાસી હાલ કાંદીવલી, મિનાક્ષીબેન (ગોકુલપુરી) (ઉં.વ. ૭૮) તે સ્વ. ધનલક્ષ્મી અને સ્વ. જગજીવનદાસ નથુભાઈ શાહની પુત્રી. સ્વ. શશિકાંતભાઈ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. જિતેન્દ્રભાઈ, સ્વ. શોભનાબેન પીયૂષકુમાર શાહ, સ્વ. સુધાબેન ચંદ્રકાંત શાહ, સ્વ. કિરીટભાઈની બહેન. મધુકાંતાબેન, સ્વ. કાશમીરાબેન, જયોતિબેન, સ્મિતાબેનના નણંદ. તા. ૨૯/૭/૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૧/૭/૨૫ ગુરૂવારના ૫.૦૦ થી ૭.૦૦. લોહાણા મહાજનવાડી, બીજે માળે શંકરમંદિરની બાજુમાં, એસ. વી. રોડ, કાંદીવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળવતન નાથદ્વારા હાલ કાંદિવલી, સ્વ. પુષ્પાબેન કેશવલાલ ગોકળદાસ રામાણીના સુપુત્ર નલીનભાઇ રામાણી (ઉં.વ. ૭૬) સોમવાર, તા. ૨૮-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જે પદમાબેનના પતિ. ભરતભાઈ, કુમુદબેન જીતેન્દ્ર ગણાત્રા, રમીલાબેન ગિરીશ લાખાણી, દક્ષાબેન મુકેશકુમાર પુજારાના મોટાભાઈ. ભાવીશા દેવેન્દ્ર, વૈશાલી રાકેશ બુધ્ધદેવ, અલ્પા મનીષ બુધ્ધદેવ તથા ભાવના કપિલ નથવાણીના પિતાશ્રી. સ્વ. રણછોડદાસ ખીમજી કાનાબારના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૧-૭-૨૫ના ૪ થી ૬. શ્રી હાલાઇ લોહાણા મહાજનવાડી કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ ઘાટકોપર, સ્વ. ભાનુબેન હરજીવનદાસ હરગોવિંદાસ ગાંધીના સુપુત્ર કિશોરભાઈ ગાંધી (ઉં.વ. ૭૫) તે સરોજબેન ગાંધીના પતિ. કાજલ ધર્મેન મેહતા, મેનકા ગૌરવના પિતા. સુરેશ હરજીવનદાસ ગાંધી, સ્વ. શર્મિષ્ઠા ધીરજલાલ મેહતા, ગં.સ્વ. રસીલા નટવરલાલ પારેખના ભાઈ. મોટા આકડિયાવાળા સ્વ. વસંતાબેન જયંતિલાલ માણેકલાલ ભુવાના જમાઈ, મંગળવાર, તા. ૨૯-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ ધોળાદ્રી હાલ વાપી, રણછોડભાઈ ગીગાભાઇ કવા (ઉં.વ. ૮૯) રવિવાર, તા. ૨૭-૭-૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. તે જેઠાભાઇ અને ચંદ્રકાન્તભાઈના પિતાશ્રી. સ્વ. વિઠ્ઠલભાઈ, સ્વ. પુનાભાઈ, સ્વ. કાંતિભાઈ, નાનજીભાઈ, મગનભાઈ, નારણભાઇ ત્રિકમભાઇ, વલ્લભભાઈ, સ્વ. જમનાબેન નાગજીભાઈના મોટાભાઈ. ઘનશ્યામ, સુમિત હર્ષ, શૈલેષભાઇ, ઉમેશભાઈ, નિલેશભાઈ, પ્રદીપભાઈ, મનીષભાઈ, સ્વ. મહેશભાઈ, સ્વ. નવનીતભાઈ, ભાવેશભાઈ, પ્રશાંતભાઈ, નીરવભાઈ અને પંકિતબેન ધ્રુવકુમાર કારેલીયાના દાદા. ભારતીબેન અને શિલ્પાબેનના સસરા. મિત, ક્રીશીવ અને ત્રિશાના પરદાદા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૧-૭-૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફર સેંટર, કાર્ટર રોડ, દત્તપાડા, અંબાજીમાતા મંદિરની બાજુમાં. બોરીવલી ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ ભુજ હાલે મુલુંડ, સ્વ. વાલજી વિશ્રામ રૂપારેલના સુપુત્ર પ્રભુદાસભાઈ (ઉં.વ. ૮૪) તે મંજુલાબેનના પતિ. સ્વ. શંકરભાઈ સ્વ. ગુલાબભાઈ અને વિજયાબેન (પપ્પી)ના મોટાભાઈ. મનિષ, બીના વિશાલ ઠક્કરના પિતાશ્રી. સ્વ. ગોકલદાસ ઠાકરશી ગણાત્રા ગામ કચ્છ બરંદા હાલે થાણા, જમાઈ તા. ૨૮-૭-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૧-૭-૨૫ના ૫.૩૦ થી ૭.૦૦. અશોક હોલ, અશોકનગર, મેહુલ સિનેમા પાસે, નાહુર રોડ, મુલુંડ વેસ્ટ. બૈરાઓએ તેજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપડપંજ દશા શ્રીમાળી વણિક વૈષ્ણવ**

હાલ મુંબઈ, શ્રીમતી ઉલ્લાસબેન પરીખ તા. ૨૯-૭-૨૫ના શ્રીજીચરણવાસ થયો છે. તે સ્વ. નવીનચંદ્ર વાડીલાલ પરીખના ધર્મપત્ની. અ. સૌ. ભારતી, દિપીકા, મોનીકાના માતુશ્રી. ભરત, લક્ષ્મીકાંત, શૈલેશના સાસુમા. શેનીલ, ભાવીન, ટ્વિંકલ, પલક, કૈરવ, રૂચીતના નાની. અમીત, પૂર્વી, અભિષેક, પારસ, પૂજા, પાયલના નાનીસાસુ. પ્રાર્થના સભા અને લૌકીક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**ઝાલાવાડ વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

આણંદપુર (ભાડલા) નિવાસી હાલ વસઈ રોડ, સ્વ. મણીલાલ માધવજીભાઈ સંઘવીના ધર્પત્ની ગં.સ્વ. સુશીલાબેન (ઉં. વ. ૮૮) તા. ૨૭-૭-૨૫ને રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સુરેશભાઈ, હરેશભાઈ, હીતેશભાઈ, દીનેશભાઈ, ગીતાબેન, વર્ષાબેન, મીનાબેન, રંજનબેન, સ્વ. આરતીબેનના માતુશ્રી. રક્ષાબેન, કલ્પનાબેન, નયનાબેન, માનસીબેન, રાજેશકુમાર, નીલેશકુમાર, ઈલેશકુમાર, જીતેન્દ્રકુમારના સાસુ. સ્વ. મુળજીભાઈ પોપટલાલ વોરાના દીકરી (ખસવાળા). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. હીતેશભાઈ મણીલાલ સંઘવી, બિલ્ડીંગ નં. ૧, ફ્લેટ નં. ૧૦૨, રામ રહીમ પાર્ક, દિગમ્બર જૈન મંદીરની બાજુમાં, વસઈ રોડ (વે), સાઈનગર.

**વેરાવળ વિશા ઓશવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ મુંબઈ વિલેપાર્લે, ઉમેશ બિપિનચંદ્ર શાહના ધર્મપત્ની રીતુ (ટીનુ) (ઉં.વ. ૫૨) તે જશુબેન બિપિનભાઈની પુત્રવધૂ. ચિ. અનુષ્કા તથા ચિ. શનીના માતુશ્રી. ચિ. શીતેષના ભાભી. અ.સૌ. દીપાના જેઠાણી. ચિ. દેવાંશના કાકી. તે બિલખા નિવાસી સ્વ. રજનીકાંતભાઈ તથા સ્વ. રેખાબેન દોશીની પુત્રી મંગળવાર, તા. ૨૯-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૧-૭-૨૫, ગુરુવારના ૧૦થી ૧૨. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ મુલુંડ, સ્વ. સુંદરજી જસરાજ શેઠના સુપુત્ર બિપિનચંદ્ર (ઉં.વ. ૭૨) મંગળવાર, તા. ૨૯-૭-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે હંસાબેનના પતિ. ચિ. અક્ષિતાના પિતાશ્રી. મીતેનકુમાર શાહનાં સસરા. ચિ. ક્રિશ્વીના નાના. તે સ્વ. અમુલખભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સ્વ. હિંમતભાઈ તથા મનુભાઈ તે સ્વ. વસંતબેન, સ્વ. પ્રભાબેન-કાંતાબેન-કૈલાસબેન તથા હર્ષાબેનના ભાઈ. તે સ્વ. વાડીલાલ વશરામ શાહ (પાલિતાણાવાળા)ના જમાઈ. ભક્તિથી મુક્તિનો કાયક્રમ તા. ૧-૮-૨૫ને શુક્રવારના ૧૦થી ૧૨. સ્થળઃ અશોક હોલ, અશોક નગર, મેહુલ ટોકિઝની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

છત્રાસા નિવાસી હાલ રાજકોટ, રંજનબેન કનકરાય અવલાણી (ઉં.વ. ૭૬) તા. ૨૮-૭-૨૫, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે વડાલા નિવાસી નંદલાલ ડાહ્યાલાલ દોશીના સુપુત્રી. તે સ્વ. નિર્મળાબેન, સ્વ. અનુપચંદભાઈ, સ્વ. રમાબેન, મહાસુખભાઈના બેન. સુનીતા અમીત અને જલ્પાના માતુશ્રી. જીજ્ઞેશભાઈ અને ટ્વિંકલના સાસુમા. પ્રાર્થનાસભા તા. ૩૧-૭-૨૫, ગુરુવારે ૧૦.૦૦ કલાકે. સ્થળઃ સંભવનાથ સંઘ જૈન ઉપાશ્રય, રાજકોટ મુકામે રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોટી પાનેલી નિવાસી હાલ વસઈ, સ્વ. શકુંતલાબેન બબનલાલ સુગંધીની સુપુત્રી સ્વ. સુનીતાબેન શાહ (ઉં.વ. ૬૫) ૨૮/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બાબુલાલ ગુલાબચંદ શાહના ધર્મપત્ની. અમિત અને સુનીલના માતુશ્રી. પૂનમ અને રૂપાના સાસુ. ઉમેશભાઈ, રાજેશભાઈના બેન. પ્રાર્થનાસભા ગુરુવાર, ૩૧/૭/૨૫ના ૧૦.૩૦ થી ૧૨.૩૦. વિશ્વકર્મા હોલ, વિરસાવારકર નગર, વસઈ વેસ્ટ.

**ઝાલાવાડી વિસા શ્રીમાળી મૂ. પૂ.જૈન**

વઢવાણ નિવાસી હાલ મુંબઈ, અ. સૌ. કલ્પનાબેન જીતેન્દ્રભાઈ પાટડીયા (ઉં.વ. ૭૪) તે સ્વ. સમતાબેન વાડીલાલ લહેરચંદ પાટડીયાના પુત્રવધૂ. સ્વ. તેજસ - ખુશ્બુ તથા ભાવેશ - વૈશાલીના માતૃશ્રી. મધુબેન - મહેન્દ્રભાઈ તથા રમીલાબેન - જીતેન્દ્ર કુમારના ભાભી. પ્રિશા, પ્રિયાંશ તથા કેવનના દાદી. સ્વ. દમયંતીબેન રમણીકલાલ દોશીના દીકરી. તા. ૨૯/૭/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧/૮/૨૫ના ૯.૩૦ થી ૧૨. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એસ.વી. રોડ, પારેખ ગલીના નાકે, કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ દશા શ્રીમાળી ઓશવાળ જૈન**

પાટણ નિવાસી હાલ મુંબઈ તંબોલી વાડાના, વિમલાબેન શાહ (ઉં.વ. ૯૦) તે સ્વ. ચીનુભાઈ ચીમનલાલ શાહના ધર્મપત્ની. આરતી, પિયુષ, પ્રતીકના માતુશ્રી. જયેશકુમાર, સ્વ. હેમાબેન અને તૃપ્તિના સાસુ. સ્વ. ઉત્તમચંદ ગણેશચંદની દીકરી. તા. ૨૯-૭-૨૫ મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. બી/૪૦૧, લાભ શ્રીવલ્લી, બજાજ રોડ વિલેપાર્લે વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈ હાલે વિલેપાર્લેના લતાબેન નેમચંદ ગડા (ઉં.વ. ૭૨) સોમવાર, તા. ૨૮-૭-૨૫ના અવસાન પામેલ છે. તે મોંઘીબેન પોપટલાલના પુત્રવધૂ. પ્રદિપ, ડૉ. દિપ્તી, જ્યોતીના મમ્મી. ઈન્દુ, નિલેશ, મનોજના સાસુ. ડૉ. શૈલી, ડૉ. દ્રષ્ટિ, અક્ષયના દાદી. પાર્થ, યશ, મૈત્રીના દાદીસાસુ. ગામ છોટાપરના પુરીબેન રણધીર ઝાલાણીની દિકરી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન. બી-૯૦૮, ન્યુ સર્વોતમ હાઉસીંગ સોસાયટી, એસ.વી. રોડ, ઈરલા બ્રીજ, અંધેરી-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ વામકા હાલે લાકડિયા વિરજી અરજણ બચુ ગાલા (ઉં.વ. ૭૫) તા. ૨૮-૭-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મીઠીબેન અરજણના સુપુત્ર. લક્ષ્મીબેનના પતિ. હરેશ, જ્યોતિ, જયેશના પિતાશ્રી. શીતલ, રાજેશના સસરા. ક્રિશ, ક્રિનાના દાદા. આધોઈના સ્વ. પદમાબેન રૂપશી દેવરાજના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૩૧-૭-૨૫ સમય. ૧૦.૩૦ થી ૧૨ કલાકે સ્થળ. કરશન લધુ નિસર હોલ, દાદર. નિવાસ સ્થાન. ૧૩૦૧, ફોર્ચ્યુન હાઈટ્સ, સિદ્ધાર્થનગર, ગોરેગાવ-વેસ્ટ.

ગામ આધોઈના અશોક પ્રેમજી ખેતશી શાહ (ઉં.વ. ૪૨) દેશમાં તા. ૨૮-૭-૨૫, સોમવારે અવસાન પામેલ છે. સ્વ. બુધ્ધિબેન પાલણના પરપૌત્ર. સ્વ. પુનઈબેન, ગં.સ્વ. અમરતબેન ખેતશીના પૌત્ર. જવેરબેન પ્રેમજીના સુપુત્ર. ભાવના, જીજ્ઞેશના ભાઈ. સ્વ. મોંઘીબેન પોપટલાલ અરજણ ગાલાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. લૌકીક વ્યવહાર બંધ છે. રહેઠાણઃ શાહુ નગર, સેકટર ૫, મકાન નં.૬, આધોઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

છસરાના નરેન્દ્ર મણીલાલ લાલજી ગાલા (ઉં.વ. ૬૬) તા. ૨૮-૭-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી નેણબાઇ લાલજી ઉમરશી ગાલાના પૌત્ર. મોઘીબાઇ ઉર્ફે મંજુલાબેન મણીલાલ ગાલાના સુપુત્ર. કપાયાના માતુશ્રી ખેતબાઇ ખીયશી સવા ગોગરીના દોહીત્ર. સ્વ. અમિતા ઉર્ફે લક્ષ્મી, ભારતી, સ્વ. રસીક, હંસા, હરેશના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મંજુલાબેન ગાલા, સી-૭, ગોદાવરી કો.ઓ. સોસાયટી, શિવ મંદિર રોડ, રામનગર, ડોંબીવલી (પૂર્વ).

લાખાપરના હેમલતા કાંતિલાલ ગાલા (ઉં.વ. ૭૮) તા. ૨૯-૭ના મરણ પામ્યા છે. સ્વ. કાંતિલાલના પત્ની. રતનબેન વસનજીના પુત્રવધૂ. દીપ્તિ, તૃપ્તિ, વંદનાના માતુશ્રી. વાંકી હિરબાઈ, જીવીબાઈ, સોનબાઈ નાનજી માણેક સાવલાના પુત્રી. ભવાનજી, નરસી, વેલજી, રમેશ, પત્રી લધીબાઈ કુંવરજી, ભોરારા રતનબાઇ મોરારજી, લુણી શાંતાબેન જયંતીલાલ, છસરા લતા રમણીકના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. કાંતીલાલ ગાલા, એ-૧૦૧, ઇશ્વર સ્વરૂપ, મામલતદાર વાડી રોડ નં.૩, મલાડ (વેસ્ટ).

બાંભડાઇના માતુશ્રી દમયંતીબેન કાંતિલાલ સોની (ઉં.વ. ૭૬) તા. ૨૯-૭-૨૫ના અવસાન પામેલ છે. નાનબાઈ મેઘજી લીલાધર સોનીના પુત્રવધૂ. દેવપુર - દોંડાઈયાના મુલબાઈ નાનજી નેણશીના સુપુત્રી. સ્વ. કાંતિલાલના પત્ની. અમિત, ભાવેશના માતુશ્રી. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. નિ. : અમીત સોની, રૂમ નં. ૨, રામ નિવાસ ચાલ, ટીકીટાર કમ્પાઉન્ડની સામે, વિલેજ રોડ, ભાંડુપ (વે).

બિદડાના નગીનભાઈ કુંવરજી ફુરીયા (ઉં.વ. ૮૦) તા. ૨૯-૭-૨૫ના અવસાન પામ્યા છે. જીવીબેન કુંવરજી કેશવજીના સુપુત્ર. જયવંતીબેનના પતિ. હીના, હિતેન, હેમલના પિતાશ્રી. કોડાયના તરૂલતા રમેશ ડુંગરશી, વાંકીના જયવંતી (સ્મિતા) વસંત કુંવરજીના ભાઈ. કાંડાગરાના કંકુબેન રતનશી માણેક દેઢિયાના જમાઈ. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી (૧લે માળે) ટા. ૪ થી ૫.૩૦.

## પારસી મરણ

ધન જહાંગીર સુરતી (ઉં. વ. ૮૩) તે પ્રોચી ધન સુરતીના પતિ તે મરહૂમ જહાંગીર સુરતી અને મરહૂમ મની સુરતીના દીકરા. તે દરિયસ, જહાંગીરના પપ્પા. તે લૈલા, અશોષના સસરા. તે નતાશા, યોહાન, ઝારાના ગ્રાન્ડ ફાધર તા. ૨૯-૭-૨૫ના ગુજરી ગયા છે. ઠે.: ૫૧, વેલેન્ટિના, એન. ગામડિયા રોડ, ઑફ પોદ્દાર રોડ, મુંબઈ-૨૬. ઉઠમણું તા. ૩૧-૭-૨૫ના છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# સફળતા-પૈસા ને પ્રસિદ્ધિએ મને પાગલ કરી નાખી હતી...

(ભાગ: ૫)

નામ: મેરેલિન મનરો
સમય: ૫ ઓગસ્ટ, ૧૯૬૨ (સવારે ૩.૫૦)
સ્થળ: ૧૨૩૦૫ ફિફ્થ હેલેના ડ્રાઈવ, બ્રેન્ટવૂડ, લોસ એન્જેલસ
ઉંમર: ૩૬ વર્ષ

**હોલિવૂડના ઈતિહાસમાં સૌથી વધુ મહેનતાણું લેનારી અભિનેત્રી...** હોલિવૂડના ઈતિહાસમાં જેના સૌથી વધુ પ્રશંસકો રહ્યા, જેને ફોટોગ્રાફર્સ દિલોજાનથી ચાહતા અને અમેરિકન અખબારો, મેગેઝિન્સ જેના વિશે છાપવા ઉત્સુક રહેતા એવી એક બહુચર્ચિત અભિનેત્રી તરીકે હું પૂરેપૂરી પ્રસિદ્ધિ માણી રહી હતી... મિલર સાથેના લગ્ન પૂરા થઈ ગયા હતા! અમારા પાંચ વર્ષના લગ્નજીવનમાં હું એક વાત શીખી, કોઈને એટલા ન ચાહવા કે આપણે આપણી જાતને ભૂલી જઈએ! આર્થર મિલરથી હું બહુ પ્રભાવિત હતી... હું માનતી હતી કે એ જ મારા જીવનમાં આશાનું કિરણ છે, પરંતુ 'મિસ ફિટ્સ'ના શુટિંગ દરમિયાન નવાડામાં મેં એમની ડાયરીમાં લખેલી એક નોંધ વાંચી, 'હું માનતો હતો કે, મેં એક પરી સાથે લગ્ન કર્યા છે, પરંતુ હવે મને સમજાય છે કે, એ વિખરાયેલી છે, ગૂંચવાયેલી છે... એનો ઉપરનો ચહેરો ખૂબસુરત છે, પરંતુ એ મુખવટો હટાવતા મને જે પરી દેખાઈ એની મને દયા આવે છે. એને મદદની, બચાવની જરૂર છે જે હવે હું કરી શકું એમ નથી...' આ વાંચતાં જ મને સમજાઈ ગયું હતું કે, મિલર થાકી ગયા છે! એ હવે મારે માટે કંઈ કરી શકે એમ નથી. મારી રહી સહી આશા પણ તૂટી ગઈ ત્યારે મેં છૂટાછેડાની માગણી કરી જે એમણે કોઈ ચર્ચા કર્યા વગર આપી દીધા!

હું ફરી એકવાર એકલી, અધૂરી અને હતાશ હતી... શરાબની માત્રા વધી ગઈ હતી. આવક બેશુમાર હતી-પ્રસિદ્ધિ થકવી નાખે એવી... મારા એજન્ટે મને એ જ દિવસોમાં એક ઘર બતાવ્યું, ૧૨૩૦૫ ફિફ્થ હેલેના ડ્રાઈવ, બ્રેન્ટવૂડ! ચાર બેડરૂમનું એ ઘર, પ્રાઈવેટ સ્વિમિંગ પુલ અને ૨૬૦૦ સ્કવેર ફિટમાં ફેલાયેલું લોસ એન્જેલસના શાંત વિસ્તારમાં એક સુંદર ઘર હતું... ૭૭ હજાર ૫૦૦ યુએસ ડોલર-એ સમયે ઘરની કિંમત હતી, પરંતુ મારે કંઈ જ વિચારવાની જરૂર નહોતી કારણ કે, મારી પાસે એ પૈસા તૈયાર હતા. મેં એ ઘર ખરીદ્યું અને સાથે જ યુનીસ મરે-મારી હાઉસકિપર પણ મારી સાથે રહેવા આવી.

એ દરમિયાન મારી સાંજને કોઈપણ રીતે બિઝી રાખવા હું હોલિવૂડની બધી જ પાર્ટીઝમાં જવા લાગી હતી. પિટર લોફોર્ડ, હોલિવૂડના એક જાણીતા વ્યક્તિ હતા. એમને સ્ટાર્સ સાથે સંપર્ક રાખવો ગમતો. એ અવારનવાર પાર્ટી આપતા જેમાં હોલિવૂડના સ્ટાર્સને નિમંત્રિત કરતા. આવી જ એક પાર્ટીમાં હું જોન એફ. કેનેડીને મળી. એ અમેરિકાના રાષ્ટ્રપતિ હતા. દિલધડક, હેન્ડસમ, શાલિન, સ્ટાઈલિસ્ટ અને અમેરિકાની સૌથી પાવરફૂલ પોઝિશન પર બેઠેલો માણસ. એ પાર્ટીમાં ફ્રેન્ક સિનાત્રા (મ્યુઝિશિયન) અને રેટ પેક નામના બેન્ડના સભ્યો પણ સામેલ હતા. કોઈ વિચિત્ર પ્રકારની નશીલી પાર્ટી હતી એ... જોન એફ. કેનેડી સાથે એ મારી પહેલી મુલાકાત નહોતી, પરંતુ એ દિવસે કંઈક એવું બન્યું જેનાથી અમે એકબીજાની નિકટ આવી ગયાં!



મેરેલિન મોનરો – જોન એફ. કેનેડી

જોન પરણેલા હતા, નિકી કેનેડી એની પત્ની હતી. એમને બે સંતાનો હતા... એમના ભાઈ રોબર્ટ કેનેડી એ વખતે અમેરિકાના એટર્ની જનરલ હતા. બંને ભાઈઓ અમેરિકા પર રાજ કરતા હતા! કેનેડી પાર્ટીના શોખીન હતા. પ્રેસિડેન્ટ હોવા છતાં એમને આવી પ્રાઈવેટ પાર્ટીઝ ગમતી. પ્રેસમાં કોઈ ગોસિપ ન થાય એ માટે કેનેડીને ગમતી પાર્ટીઓ એમના બનેવી-પિટર લોફોર્ડના બીચ હાઉસ પર ગોઠવવામાં આવતી. (પિટર લોફોર્ડ અને પેટ્રિશિયા 'પેટ' કેનેડી પરિણીત હતા. પિટર લોફોર્ડ એક અંગ્રેજી-અમેરિકન અભિનેતા હતા, અને પેટ કેનેડી રાષ્ટ્રપતિ જોન એફ. કેનેડીના બહેન હતા. તેમણે ૧૯૫૪ માં લગ્ન કર્યા, જેના કારણે લોફોર્ડ રાષ્ટ્રપતિના બનેવી બન્યા. તેમના લગ્ન ૧૯૬૬ સુધી ચાલ્યા.) એ જ બીચ હાઉસ પર મારી અને જોનની ખાનગી મુલાકાતોનો દોર શરૂ થયો. જોન ધીમે ધીમે મારાથી એટલો બધો આકર્ષાયો કે એ એના પ્રાઈવેટ જેટમાં મને લોસ એન્જેલસથી વોશિંગ્ટન બોલાવતો...

આવી વાત છાની રહી શકે નહીં. રોબર્ટ કેનેડી અને નિકી (જોનની પત્ની) બંનેને આ વાતની જાણ થઈ. રોબર્ટ કેનેડી માટે મારી સાથેનો સંબંધ જોનની રાજનૈતિક કારકિર્દી માટે જોખમકારક હતો જ્યારે નિકી માટે એનું લગ્નજીવન ભયમાં હતું. એ જ ગાળામાં ડો. રાલ્ફ ગ્રીનસન સાથે પણ મારા ખૂબ નિકટના સંબંધો હતા... હું રાલ્ફને અડધી રાત્રે ફોન કરીને બોલાવતી, ને એ આવતા! હું ગભરાયેલી, ડરેલી, એકલવાયી હોઉં ત્યારે રાલ્ફ મારો સહારો બની રહેતા. પોતાના પેશન્ટ સાથે આવો અંગત સંબંધ કેળવવાનો સાયકિયાટ્રીમાં નિષેધ છે, પરંતુ મારા સૌંદર્ય સામે રાલ્ફ કદાચ બધું ભૂલી ગયા હતા! હું વધુને વધુ બેફામ બનતી જતી હતી. રાલ્ફની પત્ની માટે પણ હું માથાનો દુઃખાવો બની ગઈ હોઈશ એમ માનું છું...

સફળતા, પૈસા અને પ્રસિદ્ધિએ મને પાગલ કરી નાખી હતી... સામે, આ પ્રસિદ્ધિ, પૈસો અને પ્રેમીઓ નહીં ટકે એ ભય મને અસુરક્ષિત બનાવતો હતો! બે તદ્દન વિરોધાભાસી મનઃસ્થિતિમાં ઝોલાં ખાતી હું બાયપોલર મૂડસ્વિંગ્સનો શિકાર બની ગઈ. પ્રોપોલિન નામની દવા લીધા વગર મારો દિવસ ઉગતો નહીં કે, સાંજ આથમતી નહીં! જોન સાથેની નિકટતાથી મને અમેરિકાની એક પાવરફૂલ વ્યક્તિ હોવાનો અહેસાસ થવા લાગ્યો. પરિસ્થિતિ ત્યાં પહોંચી જ્યાં જોન મને એમની રાજનૈતિક મિટિંગ્સમાં પણ હાજર રાખવા લાગ્યા. રોબર્ટ આ સહી શકે એમ નહોતા એટલું જ નહીં, હવે એફબીઆઈને પણ જોન અને મારા સંબંધ સામે વાંધો ઉઠાવવાની જરૂરિયાત લાગી...

મિલર સાથેના સંબંધ પછી હું ડાયરી લખવા લાગી હતી. મારા ગમા-અણગમા, મનોભાવોને ડાયરીમાં ઉતારવાથી મને સારું લાગશે એવું ડો. રાલ્ફ ગ્રીનસનનું પણ માનવું હતું. જોન સાથેના સંબંધો, અમારી મુલાકાતોના સમય દરમિયાન બનેલી ઘટનાઓ... એ સમયે મને મળેલા બીજા રાજનૈતિક લોકો વગેરે બધું જ હું એ ડાયરીમાં લખતી થઈ ગઈ! હું કદાચ જાણતી નહોતી કે, આ ડાયરી એક સ્ફોટક હથિયાર હતી જે પ્રેસિડેન્ટની ગાદી ઉથલાવી શકે એમ હતી. ક્યૂબાના આર્મ્સ ડિલિંગની મિટિંગ વખતે હું જોનની સાથે હતી. એફબીઆઈને આ વાતની જાણ થઈ ત્યારે એમને ખતરાની ઘંટી વધુ ભયજનક રીતે સંભળાઈ... એફબીઆઈના હેડ જે.એડગરહુવર-મારી પાછળ લાગી ગયા. મારી જાણ બહાર મારા ફોન ટેપ થવા લાગ્યા. હું કોને મળું છું, ક્યાં જાઉં છું એ બધી જ ઝીણી ઝીણી વિગતોનું રિપોર્ટિંગ એફબીઆઈના હેડ ક્વાર્ટર પર થવા લાગ્યું.

આનું એક બીજું કારણ પણ હતું, આર્થર મિલર સાથેના લગ્ન દરમિયાન મારા કેટલાક કમ્યુનિસ્ટ મિત્રો બન્યા હતા. સામ્યવાદ અને રશિયા સાથેના એમના સંપર્કો પૂરવાર થઈ ચૂક્યા હતા, પરંતુ મેં એમને મળવાનું છોડ્યું નહોતું. એફબીઆઈને એવો સંદેહ હતો કે, જોન કેનેડી પાસેથી વિગતો મેળવીને હું આ કમ્યુનિસ્ટ ગ્રૂપમાં અમેરિકાની સુરક્ષા અંગેની, રાજકીય વિગતોની જાસૂસી કરું છું... મને આ બધા વિશે કોઈ જાણ નહોતી!

એમાં ૧૯મી મે, ૧૯૬૨ના દિવસે મેં એક એવું કામ કર્યું... જે કદાચ મારા મૃત્યુને આમંત્રણ આપવા જેવું હતું. (ક્રમશઃ) ■

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# હાથે કરેલાં...યુ નો, ક્યાં વાગ્યાં...!




**'સાંભળો** છો? આ આત્મનિર્ભરતા વિશે તમે અનેક ભાષણો ને સેમિનારો કર્યાં છે તો તમે સમય કાઢીને આ તમારી પત્ની તેમ જ બાળકોને પણ એ થોડુંક જ્ઞાન આપતા હો તો આપણો પણ ઉદ્ધાર થઈ જાય. ખરું ને? 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે, ને પડોશીને આટો.' એના કરતાં આજે થોડો પ્રકાશ ઘરમાં પણ પાડી જ દો.'

'શારદા, તું ભણેલી છે, પણ ગણેલી નથી. આખા સમાજનાં દરેક ઘરોમાં મેં મારાં આત્મનિર્ભર ભાષણો દ્વારા એવી જાગૃતિ આણી છે કે દરેક ઘરોમાં માથાદીઠ આવક શરૂ થઈ ગઈ. દરેકેદરેક સવારે ઊઠીને પોતાનાં 'સ્વ' ને જાગૃત કરી અવનવાં કામો અને ગૃહ ઉદ્યોગોમાં લાગી પડ્યાં છે. પછી એ સ્ત્રી, પુરુષ કે પછી નવયુવાનો કેમ ન હોય!'

'એમ? તો તો આપણાં ઘરનાંને જાગૃત કરવામાં તમારું ભાષણ અને અવનવી ટેક્નિક કામ આવશે. 'સ્વ' જાગૃતિની એમ પણ (તમારા સહિત) તમારા વારસદારોને ખૂબ જરૂર છે.'

સમીરભાઈએ ઘરનાને ખૂણે ખૂણેથી શોધીને પહેલાં એમના મોબાઇલ સ્વિચ ઑફ કરાવીને એક પેટીમાં મૂકી દીધા. ભાષણ સાંભળવા નહીં ટેવાયેલા એવા વારસદારોમાંથી એકે પૂછ્યું, : 'વોટ ઇઝ મિનિંગ ઑફ આત્મનિર્ભર?'

દાદા સમીરભાઈની બહાર દાદાગીરી ચાલતી, પણ પૌત્ર સામે શું બોલે? અંગ્રેજીમાં ત્રણ વાર નાપાસ થયેલા દાદાએ મોટાને વઢતાં કહ્યું, : 'અલ્યા દીપ, તેં તારા છોકરાને કશું શીખવાડ્યું જ નથી કે શું? ચાલ, ઊભો થઈને તું જ તારા છોકરાને આત્મનિર્ભર એટલે હું, એને અંગ્રેજીમાં હું કહેવાય, તે સુપેરે સમજાવ. ગામડા ગામમાં અંગૂઠાછાપને હો આત્મનિર્ભર એટલે હું, એ ખબર છે. આપણા નેતાઓએ હો રોજ આત્મનિર્ભરની વાતો ટી.વી. રેડિયો પર કરી કરીને પોતાનું ગળું ઘહી નાખ્યું, પણ આ તારા છોકરા...'

ત્યાં બીજા પૌત્રે પૂછ્યું, : 'દાદા, વોટ ઇઝ મિનિંગ ઑફ ઘહી નાખ્યું?'

સમીરભાઈએ બાળકોને મોં પર આંગળી મૂકીને બેસવા કહ્યું અને શારદા તરફ કરડાકીભરી નજરે જોઈને કહ્યું :

'જુઓ, સાંભળો. આત્મનિર્ભર એટલે જાતનું કામ દરેકે જાતે કરવું. પોતાનાં કામ બીજા પાસે ન કરાવવાં અને કંઈક નવું કામ કરીને આવક ઊભી કરવી.'

પછી છોકરાઓ તરફ કરડાકી ભરેલી આંખે જોતાં કહ્યું, : 'અને હા, બાપાની પેઢીમાંથી બેઠાં બેઠાં ખાવાનું છોડીને, પોતે પોતાના પગ પર ઊભા રહેવું. કંઈક નવો ધંધો કરવો.'

ફરી એક ટાબરિયાએ મોં ઉપરની આંગળી ઉઠાવીને ઊભા થતાં કહ્યું, : 'ઇટ મિન્સ... દાદુ, ઓન લેગ ઉપર ઊભા રહેવું. એમ જ કહેવું છે ને? મારી જેમ જ લેગ પર...! સો આઈ એમ આત્મનિર્ભર!'

'દીપ, પહેલાં તારા ટાબરિયાને બરાબર ગુજરાતી અને અંગ્રેજી ભણાવ. સભા બરખાસ્ત...!'

એમ કહી સમીરભાઈ પોતાના કોપભવનમાં જતા રહ્યા. પણ જતાં જતાં મોટાનું છેલ્લું વાક્ય સંભળાયું :

'મમ્મી, પપ્પા અંગ્રેજીમાં કેટલી વાર નાપાસ થયેલા?'

રાતે જમતી વેળા શારદાબેહેને સમીરભાઈને કહ્યું, 'ટેબલ ઉપર બધું મૂકી દીધું છે. જાતે લઈને જમી લેજો.'

'કેમ? તમે ક્યાં જવાના છો?'

'ઘરમાં જ છું. કશે નથી જવાની.'

'તો પછી પીરસી દો, જાવ.'

એવું સમીરભાઈ જેવું બોલ્યા કે શારદાબહેને વળતાં કહ્યું, : 'જાતે લેશો તો તમે આત્મનિર્ભર બનશો. 'ગોળ ખાવો શરીર માટે હાનિકારક છે.' એમ કહેનારે પહેલાં ગોળ ખાવાનો બંધ કરવો પડે છે. સમજ્યા?' (મેરી બિલ્લી મુજીકો મ્યાઉં!)

'મારા ભાષણનો ગર્ભિત અર્થ સમજવા જેટલી બુદ્ધિ પણ તારામાં નથી.'

'હા, હું અભણ છું, તો અભણ... પણ મને આત્મનિર્ભર એટલે શું તે બરાબર ખબર છે અને તમને પણ જ્યારે આપણે અમેરિકા જઈશું, ત્યારે તેનો અર્થ બરાબર સમજાશે. હમણાં તો મારા ઉપર બહુ ઑર્ડર કરો છો, પણ... ત્યાં ખબર પડશે.'

બંને અમેરિકા પહોંચ્યાં.

ચાર દિવસ દીકરા – વહુએ ખાટલેથી પાટલે કર્યાં. પછી ભયંકર ઠંડીમાં ઘરમાં રહીને અકળાયેલા સમીરભાઈને સવારની ચા હજી મળે એ પહેલાં જ વહુએ જોબ પર જતાં જતાં કહ્યું, 'પપ્પા, તમે કપડાંની લોન્ડ્રી કરી લેજો અને ઝાડુ (ઊભા ઊભા મશીનથી) કાઢી લેજો. ગાર્ડનમાં ગ્રાસ બહુ થઈ ગયું છે, તે બપોર પછીના સેશનમાં કાપી નાખજો. સાધનો ગેરેજમાંથી શોધી લેજો. ટાઇમપાસનો ટાઇમપાસ... હેલ્થ પણ સારી રહે અને તમને આત્મનિર્ભરતા જેવો અહેસાસ પણ જીવંત રાખશે. અને મોમ, તમે સાંજનું ડિનર બનાવી લેશો. અને હા, અગત્યના ખાસ પાંચેક મહેમાનો પણ આવવાના છે એટલે એકાદ સ્વીટ ડિશ અને ફરસાણ પણ બનાવજો. તમારે પણ કામ હોય તો ટાઇમપાસનો પ્રશ્ન જ ના ઊભો થાય. ખરું ને? અને હા, અમને મોડું થાય છે. તમે તમારી ચા બનાવી લેજો અને બાળકોને દૂધ, સિરિયલ, બ્રેડ... જે ખાવું હોય તે બનાવીને ખવડાવજો. પપ્પા, તમે ટાઇમસર બાળકોને સ્કૂલે મૂકી આવજો. ખાલી વીસથી ત્રીસ મિનિટને અંતરે જ સ્કૂલ છે. જેકીએ સ્કૂલ જોઈ છે. એ રસ્તો બતાવશે. અહીં બાળકો સાથે વાલીએ જવું જ પડે. મેં તમારો ફોટો વગેરે સ્કૂલમાં આપી દીધો છે...બાય મોમ... ડેડ... એન્જોય યોર પ્રિસિયસ ટાઇમ વિથ ચિલ્ડ્રન...!'

'શારદા, મારી ચાનાં ઠેકાણાં નથી અને આ કામોનું લિસ્ટ થમાવી... વોટ ઈઝ ધીસ શારદા...'

'ધીસ ઈઝ આત્મનિર્ભરતા! સમીર ડાર્લિંગ... લેટ્સ રેડી ફોર આત્મનિર્ભરતા...!'

ત્યાં ટાબરિયાં બોલ્યાં, 'દાદુ, વોટ ઈઝ મિનિંગ ઑફ આત્મનિર્ભરતા?'

સમીરભાઈએ માથે હાથ મૂક્યો ને બોલ્યા :

'હાથે કરેલાં હૈયે વાગ્યાં!' ■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# આસપાસ કઈ રીતે વિસ્તરે છે આવું જૂઠ્ઠાણાનું જાળું...




મેઘા બરાબર સોળ વર્ષને ચાર મહિનાની હતી જ્યારે પહેલીવાર એને અહેસાસ થયો કે એની જિંદગી જૂઠ્ઠાણાથી છલકાય ઊઠી છે. આમ કોઈ મોટી નૌટંકી કે ડ્રામા માફક નહી, પરંતુ નાનાં-નાનાં જૂઠ્ઠાણાં, એક પર એક રાખેલી ઈંટો માફક ચણાતાં ગયાં છે.

ક્યારેક કોઈ ખોટું બહાનું, ખોટી વાર્તા, ખોટા વાયદા, ખોટા હાસ્ય અને આંસુ. અમુક નજીવા અસત્ય કે જેનાથી કોઈને મોટો ફર્ક પડે નહીં. જોકે એની જાતને પણ નહોતો પડતો, હમણાં સુધી તો.

મેઘા સ્કૂલમાં થોડી પોપ્યુલર ખરી. સ્પોર્ટ્સમાં આગળ પડતી, પબ્લિક સ્પીકિંગમાં એનો જોટો ના જડે એવી, દેખાવમાં તો એકદમ આકર્ષક. સ્વભાવ એવો કે સહુની સાથે મેચ થઈ જાય. ટૂંકમાં એ એક એવી છોકરી હતી, જે દરેકને પસંદ આવી જાય, પણ આ સહુના વ્હાલા થવાની લ્હાયમાં એ ખોટું બોલવાના રવાડે ક્યારે ચડી ગઈ એનો ખ્યાલ રહ્યો નહીં. એવું અસત્ય કે જેનાથી અન્યોને તલભાર પણ નુકસાન નહોતું, પરંતુ મેઘાના વ્યક્તિત્વને બનતાં પહેલાં જ પીંખી નાખવા સક્ષમ હતું.

એ દરેક વસ્તુ સમજી-વિચારીને કરતી. શું પહેરવું, શું બોલવું, કોની સાથે બોલવું, કોની મિત્રતા રાખવી. આ બધું એના મનમાં એક જ સવાલ પર આવીને અટકતું : લોકો શું વિચારશે? લોકોને હું ગમીશ તો ખરાંને? એ મારું સારું-સારું તો બોલશેને?

આમ સતત વ્હાલા રહેવા એ સામેવાળાને ગમે એવું કરવા પ્રયત્નશીલ રહેતી અને જાતે છેતરાતી જતી.

આ માનસિકતાની શરૂઆત નાના-નાના બદલાવોથી થયેલી. લિપસ્ટિક લગાવવાનું પસંદ નથી, પણ પછી ફ્રેન્ડસને નહિં ગમે... હંમેશાં એવા ડ્રેસ પહેરવા જે ફેશનમાં હોય. ભલે ને પછી પોતે એમાં અસહજતા અનુભવે. ક્લાસમાં આવતા કોઈ છોકરા પર સાચો-ખોટો ક્રશ પણ કરી લીધો, કારણ કે, એની ફ્રેન્ડ્સ પોતપોતાના ક્રશ વિષે વાતો કરે ત્યારે એની પાસે પણ કંઈક હોવું તો જોઈએ ને ડંફાસ મારવા.... વખત જતાં એના જીવનમાં આવા બિનઉપદ્રવી જૂઠ્ઠાણાંની લાઈન લાગી. મેઘા જાતને ક્યારેક પૂછી ઉઠતી, 'શું ખરેખર મારે બીજાને સારું લગાડવાં ખોટું બોલવું જરૂરી છે?' અને જવાબ મળતો : 'ના' ....તેમ છતાં એ જૂઠ્ઠાણું ચલાવ્યે જતી.

આમ તો એ જે કંઈપણ કરી રહેલી એમાં એને લગાવ અનુભવાતો નહીં, પરંતુ જાહેરમાં સત્ય બોલવું એને ખૂબ ખતરનાક લાગતું. સાચી લાગણીઓ વ્યક્ત કરી દેવામાં એને ડર લાગતો કશુંક ગુમાવી દેવાનો. એ જે છોકરીઓ સાથે હરતી-ફરતી, એમની સાથે જોરથી હસતી, નાની નાની વાતોમાં ઈન્સ્ટા સ્ટોરી મૂકતી ને સ્નેપચેટ સ્ટ્રીક તો અવિરત ચાલતી રહેતી. બસ, આવી દુનિયાનો ભાગ બનવાં એણે જુઠ્ઠાણા સાથે જગ્યા બનાવવી પડતી. જો એ પોતાના મનમાં ચાલી રહેલા વિચારો વ્યક્ત કરે તો એને નહોતું લાગતું કે કોઈ એને અપનાવશે -સ્વીકારશે. એ ઉપરથી હસતી અને અંદરથી થાકતી રહેતી.

પછી એક દિવસ એવો ઉગ્યો જ્યારે બધું જ બદલાઈ ગયું. સ્કૂલમાં રિસેસ પડી હતી. હંમેશાં બારી પાસેના ટેબલ પર મેઘા બેસતી. એની ખાસ ફ્રેન્ડ જેનીશા એને એક વીડિયો બતાવવા આવી. કોઈ અજાણી સ્કૂલ ગર્લ 'ઈન્સ્ટાગ્રામ' પર પોતાની સાચી ઓળખ સાથે પોતે જેવી છે એવી કઈ રીતે મિત્રો અને સગા-સંબંધીઓ સમક્ષ રજૂ થઈ એના વિશે વાત કરતી હતી :

'તમે જેવા છો એવા પરફેક્ટ છો. શા માટે બીજાને ગમવા માટે ખોટા મ્હોરા ચડાવી ફરવું. સો બી એઝ યુ આર. એન્ડ સી ધ મેજીક ઓફ બીઈંગ યોરસેલ્ફ વિધાઉટ એની લાઈ...' પેલી છોકરીની એ રીલ ખત્મ થાય ત્યાં જેનીશાએ મોઢું ચડાવતા કહ્યું, 'આવું બધું આ લોકોનું ધ્યાન ખેંચવા માટે કરે છે. આમાં શું મોટી વાત છે. એવો તો કયો મોટો એવરેસ્ટ ચડી લીધો. તું બહેનજી જેવી છો તો એવી થઈને બહાર આવી. એમાં શું?'

આવું સાંભળી બધા હસવા લાગ્યા. મેઘા પણ હસી. જોકે એની અંદર કંઈક તૂટી ગયું. કાંઈક એવું કે જે એ હંમેશાંથી છુપાવતી આવી છે. એ વીડિયોમાં રહેલી છોકરી થોડી ગભરાતી ચોક્કસ હતી, પણ એની વાતોમાંથી સત્ય છલકાતું હતું. એણે જે પણ કંઈ કહ્યું હતું એ વાત વર્ષોથી મેઘા ખુદ પોતાની અંદર છુપાવી રહી છે.

એ રાત્રે એણે અરીસામાં જાતને જોઈ. લાંબા સમય સુધી એ તાકતી રહી. ચહેરો તો એને જાણીતો લાગ્યો, પણ આંખ ખૂબ અજાણી. ધીરેથી એ બોલી, 'હું કદાચ એવી જ છું. એ અજાણી છોકરી જેવી. પણ સામે છેડે અરીસો ચુપ રહ્યો. કદાચ એ પણ ખોટું બોલતાં શીખી ગયેલો કે શું?

એ પછી બધું જ બદલવા લાગ્યું. મેઘા ચૂપ થઈ ગઈ. દોસ્તોની સાથે પોતાની મરજી વિરુદ્ધ કશું જ ના કરતી.

એ એવું કરવા લાગી જેમાં પોતે સહજતા મહેસૂસ કરતી હોય, જેમકે બેસીને વાતો કરવી. ગમતી પ્રવૃતિઓ કરવી. મેઘામાં આવેલો બદલાવ આસપાસના મિત્રોએ તરત નોટિસ કરી લીધો. થોડાક મિત્રો એની જાતે જ દૂર થઈ ગયા. હવે એને ખાસ કોઈ બોલાવતું નહીં, પણ મેઘાને એકલતામાં પોતાની જાત ફરીથી જડી આવી.

અંતે મેઘાએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકી. વર્ષોથી દબાવેલો ડર, શરમ અને જુઠ્ઠાણાને ફગાવી એણે પોતાના નામ સાથે બધું જ સાચું લખ્યું. કઈ રીતે બીજાની નજરમાં ઉપર ઊઠવા એણે જાતને નીચી પાડી દીધેલી. સતત ખોટું બોલી એ કેવી થાકી ગયેલી... એ બધું જ લખી નાખ્યું. આ ખોટું એવું હતું કે જો હજુ વધારે સમય એની સાથે રહ્યું હોત તો એનું વ્યક્તિત્વ જ તદ્દન ખોટા પાયા પર રચાય જાત, પરંતુ મેઘા સમયસર એમાંથી બહાર નીકળી ગઈ અને જુઠાણાં નામના રાક્ષસને જીવનમાંથી તગેડવામાં સફળ રહી. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# બ્લોક પ્રિન્ટ કે જે ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતી નથી...







**બ્લોક પ્રિન્ટ આજે પણ લોકપ્રિય છે. જે ન માત્ર પારંપરિક વસ્ત્રોમાં, પરંતુ આધૂનિક ફેશન અને ઘરના સામાનમાં પણ જોવા મળે છે. એનાથી કારીગરોને રોજગાર પણ મળી રહે છે. આ એક ટકાઉ અને પર્યાવરણની દૃષ્ટિએ સલામત છે. બ્લોક પ્રિન્ટથી એક હટકે લૂક આવે છે.**

બ્લોક પ્રિન્ટ એ ભારતની ખૂબ જ જૂની અને જાણીતી કળા છે. આમ તો બ્લોક પ્રિન્ટની શરૂઆત ચાઈનામાં થઈ હતી. ત્યાર બાદ એશીયામાં ફેલાણી જેમ કે, ભારત, જાપાન અને ઈંડોનેશિયા. ભારતમાં પણ ખાસ કરીને રાજસ્થાનના આજુબાજુનાં ગામમાં જેમકે સાંગાનેર અને બાગ્રુ જેવા ગામમાં બ્લોક પ્રિન્ટ ખૂબ જ પ્રચલિત છે. બ્લોક પ્રિંન્ટ કપડા પર તો થાય જ છે જેમકે, ડ્રેસ, દુપટ્ટા, સ્કાર્ફ, શર્ટ કે પછી કુર્તા પર થાય છે. તે સાથે હોમ ડેકોર જેમ કે ચાદર, પડદા કે પછી કુશન કવર, આર્ટ અને સ્ટેશનરી જેમ કે એનવેલપ કે પછી પેપર પર પણ બ્લોક પ્રિન્ટ થાય છે. ચાલો જાણીયે બ્લોક પ્રિન્ટ કેવી રીતે કરાય અને બ્લોક પ્રિન્ટેડ કપડાં કઈ રીતે પહેરી શકાય.

## બ્લોક પ્રિન્ટ કઈરીતે કરવી

બ્લોક પ્રિન્ટ કરવા માટે મોટાં મોટાં ટેબલની જરૂર હોય છે. જેની પર ફેબ્રીકને ટાંચણીની મદદથી બાંધવામા આવે છે. ત્યાર બાદ ડ્રેસને અનુરૂપ બ્લોકની પસંદગી કરવામાં આવે છે. બ્લોક લાકડામાંથી બનાવેલા હોય છે. બ્લોકની સાઈઝ અલગ અલગ હોય છે. ડિઝાઈન સિલેક્ટ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું કે, બ્લોક કેટલા કલરમાં હોવા જોઈએ. બ્લોકમાં એક કલરથી લઈને ચાર કે પાંચ કલર વાપરી શકાય તેવી પણ ડિઝાઈન હોય છે. ખાસ કરીને કોટનના કપડામાં બ્લોક પ્રિન્ટ કરવામાં આવે છે, જેથી કરીને કલર સરખો પકડાય. સીલ્ક અને લીનન જેવાં કાપડ પર પણ બ્લોક પ્રિન્ટ સુંદર લાગે છે.

જે બ્લોક પ્રિન્ટ કરતા કારિગર હોય તેઓ માપનો અંદાજો લેવામાં માહિર હોય છે. એક બ્લોક જો ખોટું મુકાઈ ગયું તો આખી ડિઝાઈન ફેલ થાય છે. બ્લોકમાં ડિઝાઈનની વેરાઈટી આવે છે જેમકે, બુટ્ટી, બુટ્ટા, જાલ, ક્લોઝ બોર્ડર કે પછી કાંગરી વાળી બોર્ડર. ડ્રેસની ડિઝાઈન પ્રમાણે તેમ જ પર્સનાલિટી પ્રમાણે બ્લોકની ડિઝાઈન પસંદ કરી શકાય.

સાડી - બ્લોક પ્રિન્ટની સાડી ખૂબ જ સુંદર લાગે છે. બ્લોક પ્રિન્ટની સાડી એ સહુની પસંદ નથી હોતી. આ એક ક્લાસ ચોઈસ છે. બ્લોક પ્રિન્ટની સાડી મોટે ભાગે કોટન, કોટા દોરીયા કે પછી અવરગંડીની સાડીમાં કરવામાં આવે છે. બ્લોક પ્રિન્ટની સાડી પહેરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂર હોય છે. આ સાડીને જો બરાબર ન પહેરવામાં આવે તો ખૂબ જ ખરાબ લાગશે. બ્લોક પ્રિન્ટ કરેલી સાડીમાં કોન્ટ્રાસ્ટ બ્લાઉઝ ખૂબ જ ઊઠીને આવે છે. જેમકે, બેજ કલરની સાડી હોય અને તેની પર જો બ્લેક કલરથી બ્લોક પ્રિન્ટ કરવામાં આવ્યું હોય તો આ કલર કોમ્બિનેશન સાથે મરુન કલરનું બ્લાઉઝ પહેરી શકાય. રેડી સાડી પણ આવે છે અને તમે તમારી ચોઈસ મુજબ સાડી બનાવડાવી પણ શકો. સાડીમાં નીચે બોર્ડર, બોર્ડર બાદ બે ઈંચની જગ્યા છોડી ૬ કે ૮ ઈંચના બુટ્ટા એક અલગ જ લૂક આપશે.

ડ્રેસ - ડ્રેસમાં ડિઝાઈન કરવા માટે ઘણા ઓપ્શન છે જેમ કે, કુર્તામાં બોર્ડર, બુટ્ટા અને નાની બુટ્ટીઓ અને બોટમમાં જાલની ડિઝાઈન. જો તમને બોટમ પ્લેન રાખવી હોય તો કુર્તાને સરખો ભરવો પડે છે. અથવા તો, સાવ પ્લેન ડ્રેસ પહેરવો અને તેની સાથે બ્લોક પ્રિન્ટ વાળો દુપટ્ટો પહેરી શકાય. કોટન અથવા ફલોઈ દુપટ્ટો ડિપેન્ડિંગ કે તમારી ચોઈસ કેવી છે. બ્લોકની ડિઝાઈન સીલેક્ટ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું જેમ કે, જેટલી ડેલીકેટ પ્રિન્ટ હશે તેટલો જ ડ્રેસ સુંદર લાગશે. તમારી હાઈટ બોડીને હિસાબે ડ્રેસની ડિઝાઈન અને બ્લોકની ડિઝાઈન સિલેક્ટ કરી શકાય. અમુક ચોકકસ કલર કોમ્બિનેશન સારા જ લાગે જેમ કે, વાઈટ સાથે સીંગલ કલરમાં લાઈટ બ્લૂ, પીંક, ઓરેન્જ કે ગ્રીન. ગોલ્ડન સાથે બ્લેક અને મરુન કલર સારા લાગી શકે. ઓરેન્જ કલર સાથે મરુન કલર અને બ્લેક કલર સારો લાગી શકે.

જો તમને બ્લોક પ્રિન્ટનું જ્ઞાન ન હોય તો બ્લોક પ્રિન્ટ વાળા કપડાં પહેરવાં નહી. જો તમે કોમ્ફિડન્ટ ન હોવ તો ફેશનનું આંધળું અનુકરણ કરવું નહીં. ■

# જનરેશન ઝેડમાં ફેમસ ડુપ્લિકેટ પ્રોડક્ટ્સ



ફોકસ પ્લસ
પ્રતીમા અરોરા
feedback.ladki@
bombaysamachar.com

ફેશનની દુનિયામાં ડુપ્લિકેટ વસ્તુઓનો વપરાશ કરવો એ બહુ મોટી વાત નથી. પરંતુ સમય પસાર થવાની સાથે મોટી અને નાની કંપનીઓના પ્રોડકટસના ડુપ્લિકેટનું વેચાણ ખૂબ જ કોમન થઈ ગયું છે. આનું વધુ એક કારણ એ છે કે, નવા જનરેશનને આ ઘણા ગમે છે અને તેની માંગ પણ વધુ છે તેથી તે ખૂબ પોપ્યુલર પણ છે. પહેલા લોકો ડુપ્લિકેટ વસ્તુઓ લેતા અચકાતા પરંતુ જનરેશન ઝેડ આનું ખુલ્લા મનથી સ્વાગત કરી રહી છે. આ એક એવો ટ્રેન્ડ છે કે જે ફેશન બની ગયો છે.

મોટી કંપનીઓના પ્રોડકટ્સની વધતી જતી કિંમત, જે આમજનતાની આવક અને આર્થિક અસ્વસ્થતાને કારણે ડુપ્લિકેટ વસ્તુઓને ઘણું પ્રોત્સાહન મળ્યું છે. જનરેશન ઝેડ આને ખુલ્લા મનથી અપનાવે છે અને ઓરીજીનલ વસ્તુ ખરીદી ન શકવાનો તેમને અફસોસ નથી.

જ્યારે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ પોતાના પૈસા બચાવવા માટે આને ખરીદે છે, અને પોતાના ગ્રૂપમાં એવી ઈમ્પ્રેશન પાડે છે કે, ઓરિજિનલ લાગતું છતાં સસ્તી એવી ડુપ્લિકેટ વસ્તુ અમે ખરીદી શકીયે છીએ. આ ડુપ્લિકેટ વસ્તુઓની ખાસ વાત તો એ છે કે, આ કપડાંના ફોટા પાડી સોશ્યલ મીડિયા પર શેર કરવામાં આવે છે જેથી બીજા જુવે અને તેનું વેચાણ વધે. આવા પ્રોડકટસ માર્કેટમાં ઘણી જગ્યાએ ઉપલબ્ધ છે અને સોશ્યલ મીડિયા ઈન્ફલ્યુએંસર પણ આનો ઉપયોગ કરે છે.

ડુપ્લિકેટ વસ્તુ એટલે ઓરિજિનલની કોપી. તે પ્રોડકટસ એટલા આબેહૂબ લાગે છે કે જેને ઓરિજિનલ વસ્તુઓનું જ્ઞાન ન હોય તેઓ તો માર જ ખાઈ જાય. આમ જોઈએ તો, કાર્બન કોપીવાળા પ્રોડકટસ ખરીદીને જનરેશન ઝેડને અહેસાસ થાય કે, તેઓ કોઈ મોંઘી વસ્તુના માલિક થઈ ગયા છે.

## કાર્બન કોપી ખરીદવા કે વહેંચવામાં ખોટું શું છે ?

દેશના મોટા મોટા શહેરો જેમકે, મુંબઈ, દિલ્હી, બેંગલોર અને બીજા કોઈ નાના શહેરોમાં પોતાના કન્ઝ્યુમરને મોંઘા પ્રોડકટ્સની બદલે, સસ્તી કાર્બન કોપી આપવામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાંડ પોતે જ નવા નવા પ્રોડકટસ બનાવી વેચે છે.

મોટા ભાગે આ કંપનીઓ બ્રાન્ડનું નામ સિલેક્ટ કરી, તેના અક્ષરો આગળ પાછળ કરી સાચા મેન્યુફેક્ચરર વસ્તુ સાચી હોવાનો ભ્રમ પેદા કરે છે. તેથી જ મોટા શહેરોમાં આ મોટી મોટી કંપનીઓની કાર્બન કોપી જેમકે, મેકઅપ પ્રોડકટ્સ, જૂતા, કપડા, ગોગલ્સ ઓનલાઈન કે ઓફલાઈન દરેક જગ્યાએ ખરીદાય અને વેચાય છે.

વિશ્વ સ્તર પર જોઈએ તો સોશ્યલ મીડિયા ક્રિએટર્સ દ્વારા જનરેશન ઝેડની વચ્ચે લોકપ્રિય થનારા આ ટ્રેન્ડને ખૂબ જ બઢાવી ચડાવીને લોકો સમક્ષ મૂકવામાં આવે છે અને આ લોકો પણ સમજી ગયા છે કે, જો આપણે ઓરિજિનલ ન પહેરી શકીએ તો ડુપ્લિકેટ પહેરવામાં શું ખામી છે. આમ જોઈએ તો આમાં ન તો કોઈ બ્રાંડની ચોરી થાય છે અને ન તો કોઈ છેતરપિંડી થઈ રહી છે. તો પછી ડુપ્લિકેટ ખરીદવામાં નુકસાની શું છે. જનરેશન ઝેડને આ કાર્બન કોપીવાળા પ્રોડકટસ પહેરવામાં કોઈ પ્રોબ્લેમ પણ નથી.

જનરેશન ઝેડ ફાસ્ટ ફેશનની આ દોટમાં અલગ અલગ પ્રકારના બ્યુટી પ્રોડકટ્સ અને કપડાંના ટીકાઉપણામાં કોઈ વધારે ઉમીદ પણ ન રાખવી જોઈએ. જનરેશન ઝેડ આવા નવા વિકલ્પોથી ખૂબ જ ખુશ છે કારણકે, આબેહૂબ બનાવાયેલા આ પ્રોડકટ્સ તેમને ખૂબ જ સસ્તા ભાવમાં મળે છે.

આમજનતા આ પ્રોડકટસને ખરીદીને પોતાનું સોશ્યલ સ્ટેટસ અપગ્રેડ કરી લે છે. તેથી જ મુંબઈ અને દિલ્હી જેવા મોટા શહેરો આ ડુપ્લિકેટ પ્રોડકટ્સમાં ભરાઈ પડ્યા છે અને પુષ્કળ કમાય છે. આનાથી કસ્ટમર પણ ખુશ અને દુકાનદાર પણ ખુશ. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com

# સંસારને સ્વર્ગ એ બનાવે છે...



**તાજેતરમાં** એક સુંદર વાક્ય વાંચવામાં આવ્યું.
- કોણે લખ્યું છે એની ખબર નથી, પરંતુ એનો ભાવાર્થ સરસ છે. કહે છે:
'ઘરને જો સ્વર્ગ બનાવવું હોય તો એ કામ માત્ર સ્ત્રી કરી શકે.
- બીજા શબ્દોમાં કહી શકીએ કે
* સ્ત્રી ઘરને સ્વર્ગ બનાવે છે.
- એનો અર્થ એટલે કે સિક્કાની બીજી બાજુ એવી થઈ કે
* જે સ્ત્રી ઘરને સ્વર્ગ નથી બનાવી શકતી એ નર્ક બનાવી દે છે.
- વાત ખૂબ સરસ અને સમજવા જેવી છે.
- તમે રોજ સવારે ઑફિસે, કારખાને કે દુકાને જાઓ ત્યારે ચાલાક માણસ તમારા ચહેરા પરથી સમજી જશે કે આજે તમારો મૂડ કેવો છે?
- અને મૂડ બનાવવા -
- બગાડવાનું સ્ત્રીના હાથમાં હોય છે.
- ગુજરાતી ભાષામાં કહેવત છે
* ચા બગડી તેનો દિવસ બગડ્યો.
* અથાણું બગડ્યું તેનું વરસ બગડ્યું.
- કેટલાક લોકો ચાને બદલે દાળ બગડી તેનો દિવસ બગડ્યો એમ પણ કહે છે, ઠીક છે.
- પરંતુ સ્ત્રી બગડી તેનું આખું જીવન બગડ્યું એમ કેમ નથી કહેતા? કોણ જાણે.
- જગવિખ્યાત ચિંતક સોક્રેટિસની પત્ની માથાભારે હતી એમ કહેવાય છે.
- એકવાર સોક્રેટિસ વિદેશી મહેમાનો સાથે બેઠેલા ત્યારે મહેમાનોની અવરજવરથી ત્રાસેલી પત્ની અંદરના રૂમમાં અસંસ્કારી બકવાસ કરતી હતી.
- પરંતુ સોક્રેટિસ ચૂપ રહ્યા.
- એથી વધુ ઉશ્કેરાયેલી પેલી સ્ત્રીએ બહાર આવીને સોક્રેટિસના માથા પર ગંદું પાણી ફેંક્યું.
- આ જોઈ મહેમાનો ચોંકી ઊઠ્યા, પણ સોક્રેટિસે હસતાં હસતાં કહ્યું:
* એ તો ગાજવીજ પછી વરસાદ થાય ને એના જેવું છે.
- કહેવાનું એ છે કે,
* સ્ત્રી ધારે તો સંસારને સ્વર્ગ બનાવી શકે.

* * *

## સંત રાબિયા

- સંત રાબિયાએ ઊંચા દરજ્જાની અહિંસા કેળવી હતી.
- પ્રાણીમાત્ર પ્રત્યે તેમના માતૃહૃદયમાં અપાર મમતા હતી.
* પોતાનો બધો સમય તે ઈશ્વર, અલ્લાહની પ્રાર્થના, સ્તૂતિ, બંદગીમાં જ ગાળતી.
* બંદગી, પ્રાર્થનામાં ખલેલ ન પડે એ માટે તે ગાઢ જંગલમાં જઈ બેસી જતી.
- સંત હસન બસરી પણ ક્યારેક ક્યારેક જંગલમાં તેમને મળવા જતા. તેઓ પણ ઉચ્ચ દરજજાના સંત હતા.
- એક વખત તેઓ રાબિયાને શોધતા શોધતા જંગલમાં પહોંચ્યા.
- ત્યાં જોયું તો રાબિયા ધ્યાનસ્થ છે.
* તેમની ચારેબાજુ જંગલી પ્રાણીઓ તેમને ઘેરી, પ્રેમભાવે ઊભાં છે!
- હસનસાહેબને જોતાં જ પશુઓ ભયભીત થઈ ભાગી ગયાં.
- તેઓ વિચારવા લાગ્યાં,
* અરે! મારા જેવા અહિંસકથી પણ આ પ્રાણીઓ ભાગે છે!'
- સંત હસને રાબિયાને પૂછ્યું,
* પ્રાણીઓ મને જોઈને ભાગ્યાં કેમ?
- રાબિયાએ પૂછ્યું,
* 'આજે તમે શું ખાધું છે?'
- હસનસાહેબ બોલ્યા, 'ગોશ્ત!' (માંસ).
- રાબિયાએ ખડખડાટ હસતાં કહ્યું,
* 'અરે હસનસાહેબ!'
- તમે માંસ ખાવ છો તો પછી બિચારાં પ્રાણીઓ તમારાથી ભયભીત બનીને કેમ ન ભાગે?
- કબ્રસ્તાન સાથે આવેલા યમરાજને જોઈને તો ભલભલા ભડવીર પણ ભાગે, તો બિચારાં પ્રાણીઓ ભાગે તેમાં તમને આશ્ચર્ય થાય છે!?'
- આ હતો રાબિયા અને હસનની અહિંસાનો ફેર!

બોધ:
કહ્યું છે કે,
- અહિંસાના ભાવથી ભરેલું હૃદય પ્રાણીમાત્રના હૃદય પર રાજ કરે છે.

***

સ્ત્રી-પુરુષ:
સ્ત્રીનું મગજ ૧૭મે વરસે અને પુરુષનું મગજ ૨૦મે વરસે પુખ્ત થાય છે. ■

# પુરુષ



મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## કહું દોસ્ત સે, દોસ્ત કી બાત ક્યા ક્યા...

*દોસ્તી...*

આ માત્ર એક શબ્દ નથી, પણ એક ઊંડો, લાગણીસભર સંબંધ છે, જે જીવનના દરેક તબક્કે આપણને ટેકો આપે છે, હૂંફ આપે છે અને ક્યારેક તો મૌન રહીને પણ ઘણું બધું કહી જાય છે.

ખાસ કરીને પુરુષોની દોસ્તી, જે બહારથી ભલે કડક અને લાગણીવિહીન દેખાતી હોય, પણ અંદરથી તે આત્માનો અરીસો હોય છે, જ્યાં શબ્દોની જરૂર ઓછી પડે છે અને સમજણનો સેતુ વધુ મજબૂત હોય છે. આ દોસ્તીમાં 'કહું દોસ્ત સે, દોસ્ત કી બાત ક્યા ક્યા' એક મિત્ર બીજા મિત્રને શું શું કહે છે એ માત્ર વાતો નથી, પણ એકબીજાના અસ્તિત્વમાં ભળી જવાની, સુખ-દુ:ખના સાથી બનવાની, અને ક્યારેય ન તૂટે તેવા બંધનની કહાની છે.

પુરુષોની દોસ્તીમાં ઘણીવાર લાગણીનો સીધો પ્રવાહ જોવા નથી મળતો. એ 'આઈ લવ યુ' કહીને પ્રેમ વ્યક્ત નહીં કરે, પરંતુ ખભા પર મૂકેલો હાથ, એક નજર, કે પછી સાથે બેસીને પીવાયેલી એક ચાનો કપ આ બધું જ ઘણું કહી જાય છે. એમની દોસ્તીમાં એક અનોખી મર્દાનગી હોય છે, જ્યાં એકબીજાની મજાક ઉડાવવી, ફિલ્મોના ડાયલોગ બોલીને હસવું, કે પછી ક્રિકેટના મેદાન પર એકબીજાને પડકારવા જેવી રોજિંદી વાત હોય છે, પણ આ બધાની પાછળ એક અદમ્ય લગાવ, એક ઊંડો વિશ્વાસ અને એક અનોખી સમજણ છુપાયેલી હોય છે.

જ્યારે જીવનમાં મુશ્કેલી આવે છે ત્યારે આ જ દોસ્તો ઢાલ બનીને ઊભા રહે છે, કોઈ પણ પ્રશ્ન પૂછ્યા વિના, કોઈ પણ અપેક્ષા રાખ્યા વિના.

ભલેને બાળપણની શેરીઓની ધૂળમાં રમીને મોટી થયેલી દોસ્તી હોય, કે પછી કોલેજના દિવસોમાં રાતોની રાતો જાગીને કરેલી મસ્તીથી બંધાયેલી દોસ્તી હોય, પુરુષ માટે મિત્ર એક સુરક્ષિત આશ્રયસ્થાન જેવા હોય છે. અહીં એ પોતાના ડર, પોતાની નબળાઈ અને પોતાના અંદરના તોફાનને કોઈ પણ સંકોચ વિના રજૂ કરી શકે છે. સમાજની અપેક્ષાઓનું ભારણ પુરુષોને ઘણીવાર લાગણીને દબાવી દેવા મજબૂર કરે છે, પરંતુ મિત્રોની સંગતમાં આ બધાં બંધન તૂટી જાય છે. એ સાચા અર્થમાં 'પોતાના' હોય છે. એક મિત્ર બીજા મિત્રના મૌનને પણ સમજી જાય છે, એની આંખોમાં છુપાયેલા-લપાયેલા દુ:ખને ઓળખી જાય છે અને તેને બહાર કાઢવા માટે કોઈ પણ હદ સુધી જવાની તૈયારી રાખે છે.

સમય વીતતો જાય છે, જવાબદારીઓ વધતી જાય છે, પણ પુરુષોની દોસ્તી એક મજબૂત વટવૃક્ષની જેમ ઊભી રહે છે. લગ્ન પછી, કારકિર્દીના પડકારો વચ્ચે, કે પછી સંતાનોના ઉછેરમાં જીવનના દરેક તબક્કે આ દોસ્તો એકબીજાની પડખે ઊભા રહે છે. એ ભલે રોજ મળતા ન હોય, કે રોજ ફોન પર વાતો ન કરતા હોય, પણ જ્યારે પણ મળે છે ત્યારે એવું લાગે છે કે સમય જાણે થંભી ગયો હોય. જૂની યાદો તાજી થાય છે, નવાં સપનાઓ વહેંચાય છે, અને એક અનોખી ઊર્જાનો સંચાર થાય છે. આ દોસ્તીમાં કોઈ ઈર્ષ્યા નથી, કોઈ શરત નથી, ફક્ત નિસ્વાર્થ પ્રેમ અને અતૂટ વિશ્વાસ છે.

પુરુષોની દોસ્તીમાં ઘણીવાર ગહેરાઈ ત્યારે દેખાય છે જ્યારે જીવનની સૌથી અંધકારમય ક્ષણો આવે છે. નોકરી ગુમાવવી, સંબંધોમાં ભંગાણ, કે પછી કોઈ અંગત દુ:ખ આવી પરિસ્થિતિઓમાં જ્યારે દુનિયા આખી વિરુદ્ધ ઊભી હોય તેવું લાગે છે ત્યારે આ મિત્રો જ હોય છે જે મજબૂત ટેકો પૂરો પાડે છે. એ ન્યાય કરવાને બદલે સાંભળે છે, સલાહ આપવાને બદલે સમજણ આપે છે અને રડવા માટે એક ખભો પણ આપે છે.

આ દોસ્તી જ એમને ફરીથી ઊભા થવાની શક્તિ આપે છે, પડકારોનો સામનો કરવાની હિંમત આપે છે. ખાસ આ વિકરાળ દુનિયામાં ટકી જવાનું કારણ પૂરું પાડે છે, નહીંતર કોણ જાણે કેટલાય પુરુષ પારિવારિક કે આર્થિક ત્રાસને કારણે હોમાઈ ગયા હોત !

આ દોસ્તી કોઈ બંધનમાં બંધાતી નથી. તે કોઈ દેખાડો નથી. તે મનના ઊંડાણમાંથી નીકળતો એક નિસ્વાર્થ ભાવ છે, જે પુરુષોના જીવનમાં એક અણમોલ ખજાના સમાન છે. 'કહું દોસ્ત સે, દોસ્ત કી બાત ક્યા ક્યા' આ ફક્ત એક વાક્ય નથી, પણ પુરુષોની દોસ્તીની અદભુત ગાથા છે, જ્યાં શબ્દો કરતાં લાગણીઓ વધુ બોલે છે, અને જ્યાં સમયની કે ભૌગોલિક સીમાઓની કોઈ અસર થતી નથી. આ એ બંધન છે જે આત્માને આત્મા સાથે જોડે છે, અને જીવનભર અડીખમ ઊભું રહે છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## બહુપતિ કે બહુપત્ની...આ તે કેવી પ્રથા?!

ડિયર હની,

કેટલાક સમાચાર વાંચીએ તો મન ચકડોળે ચઢી જાય છે. હમણા વાંચ્યું કે, એક લગ્નમાં એક
સ્ત્રી છે ને બે પતિ. અને ત્રણેયમાં આ મુદ્દે કોઈ વિવાદ નથી. ઊલટાની ત્રણેયમાં સહમતી છે. બે
ભાઈ એક સ્ત્રીને પરણ્યા છે. આવા લગ્નની ચર્ચા થાય એ સ્વાભાવિક છે.
હિમાચલ પ્રદેશનો આ કિસ્સો છે અને ત્યાંની હટ્ટી જનજાતિમાં આવો રિવાજ છે. આવી પ્રથા
અન્ય જ્ઞાતિઓમાં પણ છે અને એને 'ભ્રાતુક બહુપતિ' પ્રથા કહેવામાં આવે છે.
હિમાચલમાં જ નહિં, પણ દક્ષિણનાં રાજ્યો ટોડા અને કેટલીક જાતિઓમાં આવી પ્રથા છે.
આ જ રીતે બહુપત્ની પ્રથા પણ છે. ગુજરાતમાં આદિવાસી પુરુષ બે પત્ની કરે છે. ડેડીયાપાળાનાં
ધારાસભ્ય ચૈતર વસાવાને બે પત્ની છે. અને એ ત્રણેયના એક ઈન્ટરવ્યૂમાં મેં જોયેલું અને એમાં
પણ બંને પત્ની કહેતી હતી કે, અમને કોઈ સમસ્યા નથી..અમે બહેનોની જેમ રહીએ
છીએ....આદિવાસીઓમાં આ સામાન્ય છે. નાગા,બેગા ,ગૌંડ, ટોડા વિગેરેમાં બહુપત્ની પ્રથા
જોવા મળે છે.
ભારતમાં જ નહિં, પણ વિદેશોમાં પણ આવી પ્રથા જોવા મળે છે. તિબેટ, નેપાળ અને
નાઈજીરિયાના કેટલાક ભાગોમાં પણ બહુપતિ પ્રથા જોવા મળે છે. કેન્યા અને દક્ષિણ અમેરિકાના
કેટલાક વિસ્તારમાં પણ આવા કિસ્સા જોવા મળે છે તો પશ્ચિમ અને મધ્ય આફ્રિકા, કેટલાક
મુસ્લિમ દેશોમાં બહુપત્ની પ્રથા અમલમાં છે. અમેરિકાના કેટલાક સંપ્રદાયમાં પણ આવું જોવા
મળે છે.
આ વાત આજના સમયમાં ગળે ઉતારવી મુશ્કેલ છે, પણ બંને પ્રથા માટે કારણ અપાય છે.
બહુપતિ પ્રથા પાછળ એક કારણ એવું છે કે, ખેતીલાયક જમીન ઓછી હોય અને જમીન
ભાઈઓ વચ્ચે વહેચાય તો એ આર્થિક રીતે નુકસાનકારક બને છે, પણ એક જ પત્ની ભાઈઓ
વચ્ચે હોય તો જમીન વિભાજન થતું નથી. સંસાધનો ઓછા હોય તો આ પ્રથાથી વસતિ નિયંત્રણ
રહે છે. ઉચ્ચ પર્વતીય વિસ્તારો કે જ્યાં જીવનનિર્વાહ મુશ્કેલ હોય ત્યાં આવી પ્રથા વધુ જોવા મળે
છે.
બહુપત્ની પ્રથા માટે સ્ત્રીઓની સંખ્યા ઓછી હોવાનું કારણ અપાય છે. વધુ બાળકો થાય એને
શ્રમ શક્તિની દ્રષ્ટિએ ફાયદાકારક માનવામાં આવે છે અને એકથી વધુ પત્ની હોય તો સમાજમાં
દરજ્જો અને પ્રતિષ્ઠા મળે છે એવી પણ માન્યતા છે.
આ બધાં કારણો જે તે સમયે માનવામાં આવતા હશે પણ આજે સમય ઘણો આગળ નીકળી
ગયો છે. આપણે ત્યાં રાજાઓ એકથી વધુ પત્ની રાખતા અને વિલાસી જીવન ગાળતા હતા. એ
સિવાય બીજું કોઈ લોજીક નહોતું.
આ બધા વચ્ચે મહાભારતમાં દ્રૌપદીનો કિસ્સો ચર્ચાસ્પદ જ છે. એ વિશે ઘણું બધું કહેવાયું છે
અને લખાયું છે. મને તો એ વાત જ સમજાતી નથી કે, અર્જુન મત્સ્યવેધ કરી દ્રૌપદીને મેળવે છે
અને માતા કુંતી પાસે જાય છે તો માતા કહે છે, પાંચેય ભાઈઓમાં વહેંચી લો ...આ આખી
ઘટના જ વિચિત્ર છે. એક તો સ્ત્રી કોઈ ચીજ નથી કે એને મત્સ્યવેધ થકી મેળવી શકાય. અને
માતા કુંતીની જે વાત છે એ તો એકદમ અન્યાયી છે તેમ છતાં પાંચ પાંડવોએ આવી વાત કેમ
માની લીધી? એ બધા ભાઈઓ તો કોઈને કોઈ કલામાં પારંગત હતા- સમજુ હતા. એમણે કેમ
માતા કુંતીને વાત ના સમજાવી?
એથી ય આગળ વાત કરીએ તો દ્રૌપદીની ઈચ્છાનું શું? એ પાંચ પતિ વચ્ચે વહેંચાવા માગતી
હતી કે કેમ? એને કોઈએ પૂછવાની તસ્દી પણ કેમ ના લીધી? શું સ્ત્રીની કોઈ મરજી હોય ના
શકે? આ પ્રશ્નોનો કોઈ જવાબ મળતો નથી. ત્યારે પણ પુરુષ પ્રધાન સમાજ હતો અને આજે
પણ છે.
એક સ્ત્રી એકથી વધુ પુરુષ સાથે પોતાનો પ્રેમ કઈ રીતે વહેંચી શકે? એ જ વાત પતિને પણ
લાગુ પડે જ છે. કોઈ સ્ત્રી કે કોઈ પુરુષ એના જીવનસાથીની બેવફાઈ સહન કરી શકતા નથી.
આવા કિસ્સામાં શું બને છે એ આપણે જાણીએ છીએ. ખૂનખરાબા સુધી વાત પહોંચે છે,
પણ આજે ય કેટલીક જ્ઞાતિઓમાં બહુપતિ કે બહુપત્ની પ્રથા
મોજૂદ છે અને એ સ્વીકાર્ય છે એનું આશ્ચર્ય છે. મુસ્લિમો
ચાર બીબી કરી શકે છે એ પાછળ કારણો જે તે સમયે જે
હશે એ પણ, આજના સમયમાં એ કોઈ હિસાબે યોગ્ય નથી.
મોટાભાગે આવી પ્રથાઓ ઘટતી જાય છે, પણ કેટલાક
સંપ્રદાયોને આવી છૂટ મળે છે તો એ બંધ કેમ ના થાય?
અને આ વિષે કોઈ મહિલા સંગઠન અવાજ કેમ ઉઠાવતા
નથી? તું આ વિષે શું માને છે? વળતા પત્રમાં જરૂર
જણાવજે.

તારો બન્ની

## અહા...કેવી મસ્ત મજાની જિંદગી!

સંધ્યા છાયા
feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

સાઠ સાલ પછી જિંદગી કેટલી સરસ રીતે જીવી શકાય એનું ઉદાહરણ છે. ભાવેશભાઈની પ્રવૃત્તિઓ જોઈએ તો ખ્યાલ આવે કે 'સાઠે બુદ્ધિ નાઠી' કહેવત જેણે પણ કહી હશે એ ખોટી છે. સાઠે તો અનુભવનો અર્ક જીવનમાં મળે એટલે બુદ્ધિ તેજ થાય.

વ્યવસાય ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ, પણ એ એક ક્રિયેટિવ આર્ટિસ્ટ છે. ભાવેશભાઈને ફરવાનો બહુ શોખ. ખૂબ ફરે અને ત્યાંના કલ્ચર, ખાનપાન, ભાષા વિષે અભ્યાસ કરે. એ માને કે અલ્ઝાઈમર અને પાર્કિંસન જેવી બીમારીથી બચવું હોય તો તન અને મનને સતત પ્રવૃત્તિમય રાખવું જોઈએ. જીવનસંધ્યાએ એક એવો શોખ રાખવો જોઈએ, જે છેલ્લાં શ્વાસ સુધી તમારી સાથે રહે.

લૉકડાઉન દરમિયાન લોકો સાથે સંપર્કમાં રહેવાનો અને કંઈક શીખવવાનો ભાવેશભાઈને વિચાર આવ્યો. મળી તો શકાતું ન હતું, તો શું કરવું... 'ઝૂમ' મીટિંગ કરવાનો વિચાર કર્યો. દર ગુરુવારે ઝૂમ મીટિંગના માધ્યમથી જુદા-જુદા વિષય અને વકતાઓને સાથે લઈને એમણે કાર્યક્રમની શરૂઆત કરી. લોકોને બેથી ત્રણ કલાક મનોરંજન કરાવતા અથવા કોઈક નોલેજ ઓરીએન્ટેડ કાર્યક્રમ આપતા. ભાવેશભાઈનો પોતાનો સમય પસાર થતો અને બીજાને પણ મજા આવતી. આમ લૉકડાઉનમાંથી હેમખેમ બહાર નીકળી ગયા.

પરિવારમાં ભાવેશભાઈનાં બા, પત્ની અને બે દીકરી. બંને દીકરીઓના લગ્ન પછી ભાવેશભાઈના પત્ની આરતીબહેન પાસે કોઈ ખાસ પ્રવૃત્તિ ન રહી. જીવનનો ઘણો સમય દીકરીઓને ઉછેરવામાં ગયો. હવે જ્યારે આરતીબહેન પાસે સમય જ સમય છે ત્યારે ભાવેશભાઈએ આરતીબહેનના કુકિંગની રેસીપીના વીડિયો યુટ્યૂબ પર મૂકવા માંડ્યા. આરતીબહેન રસોઈમાં એક્સપર્ટ તેથી ટેકનોસેવી ભાવેશભાઈએ આરતીબહેનની રેસીપી બનાવતા વીડિયો શૂટ કર્યા, એડિટ કર્યા અને યુટ્યૂબ ચેનલ શરૂ કરી. દર અઠવાડિયે એક વાનગી બનાવીને યુટ્યૂબ પર પોસ્ટ કરતા ગયા. એનો બહુ ફાયદો થયો. પતિ-પત્ની બંનેને આમાં બહુ મજા આવતી હતી. સાથે સાથે એમની દીકરીઓ ભણવામાં વ્યસ્ત હોવાને કારણે રસોઈ આવડતી ન હતી એ મમ્મીની ચેનલમાં જોઈને શીખી ગઈ. હવે એમને કોઈ પણ રેસિપી પૂછવા માટે મમ્મીને ફોન નહોતો કરવો પડતો.

અઠવાડિયામાં એક વાર એ આ વીડિયો પોસ્ટ કરતા. બાકીના સમયમાં શું કરવું? આરતીબહેનને ગાવાનો બહુ શોખ. ભાવેશભાઈએ એમને સારામાં સારી મ્યુઝિક સિસ્ટમ લઈ આપી. આમાં ગીતો સાંભળીને આરતીબહેન ઘણું શીખ્યા. અને આજે તો એ સ્ટેજ શો પણ કરે છે!. લોકો એમના પ્રોગ્રામમાં ગાવા માટે આરતીબહેનને બોલાવે છે. આરતીબહેનનો આત્મવિશ્વાસ વધી ગયો. સ્ટેજ ફિયર ચાલી ગયો. અને હવે એ સતત વ્યસ્ત રહે છે. એમની સોસાયટીમાં મહિનામાં બે વાર ગીતો-સંગીતનો કાર્યક્રમ એ લોકો ગોઠવે છે, જેમાં આરતીબહેનનું ગાયન તો હોય જ. ડયુએટમાં ભાવેશભાઈ સાથ આપતા. સાથ આપતા આપતા હવે પોતે પણ ગાવા માંડ્યા છે. આ યુગલ રોજ સાંજે એક દોઢ કલાક ગીતો ગાય અને



રેકોર્ડ કરે.

ભાવેશભાઈને સતત પ્રવૃત્તિમાં જોઈએ. એ નિવૃત્તિમાં માનતા જ નથી. સતત કંઈક ને કંઈક શીખતા રહે છે. તાજેતરમાં ભાવેશભાઈ જર્મની ગયા હતાં. એમની એક દીકરી જર્મની છે. દીકરીને ત્યાં દીકરીનો જન્મ થયો. ભાવેશભાઈએ નક્કી કરી લીધું કે મારે જર્મન ભાષા શીખવી છે ને શીખવાનું ચાલુ કર્યું અને આજે કામ પૂરતું બોલી શકે છે. ભાવેશભાઈ ઈચ્છે કે એમની દોહિત્રી જ્યારે અહીં એમને મળવા આવે ત્યારે એ એની સાથે જર્મનમાં વાત કરી શકે. જર્મન ભાષા શીખવી અઘરી છે પણ ભાવેશભાઈ શીખવાનું છોડતા નથી. એ ખુશ થાય છે કે હવે દીકરી-જમાઈ સાથે જર્મનમાં વાત કરી શકશે.

ભાવેશભાઈ માને છે કે સમાજે આપણને ઘણું આપ્યું છે તો આપણે પણ સમાજને કંઈક પાછું વાળવું જોઈએ. એમને વિચાર આવ્યો કે વડીલોને મોબાઈલ ફોન, કમ્પ્યુટર વાપરવામાં તકલીફ થાય છે. તેથી એમણે ડિજિટલ લિટરસી ઝુંબેશ શરૂ કરી.

સિનિયર સિટિઝન તેમ જ યુવાનોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ શીખવવા માટે શિબિર કરે છે. એ ઉપરાંત, સાયબર સિક્યોરિટી અને સાયબર ફ્રોડથી કેવી રીતે બચવું તે શીખવે છે.

આ ઉપરાંત ભાવેશભાઈ ફોટોગ્રાફી, કેલિગ્રાફી, વીડિયો ગ્રાફી પણ શીખે છે. આમ એ આજીવન વિદ્યાર્થી છે.

પરિવારમાં એ ફેમિલી ડૉક્ટર જેવાં છે. નાનપણથી સ્વપ્ન ડૉક્ટર બનવાનું હતું પણ બની ગયા સી.એ. તેથી એમણે બોમ્બે હૉસ્પિટલથી છ મહિનાનો નર્સિંગનો કોર્સ કર્યો. તેથી મિત્રો કે પરિવારમાં કોઈ બીમાર પડે તો પ્રથમ કન્સલટ ભાવેશભાઈને કરે પછી ડૉક્ટરની સલાહ લે.

એક વાત ભાવેશભાઈ બહુ સરસ કહે છે. એ કહે છે ઉંમર થાય પછી બેમાંથી એક ક્યારે અલવિદા કરી દે તે કહેવાય નહીં. મોટે ભાગે એવું બને છે કે બેમાંથી એક અલવિદા કરી દે પછી પાછળ રહેલ પતિ-પત્નીનું જીવન દુષ્કર બની જાય છે. તેથી એકલા રહેવાની આદત પાડવી જોઈએ....

ભાવેશભાઈ આરતીબહેનને એકલાં જ ટ્રાવેલિંગમાં મોકલે. તાજેતરમાં આરતીબહેન જર્મની ગયા તો ભાવેશભાઈ દોઢ મહિનો એકલા રહ્યા, રસોઈ બનાવીને જમ્યા, ઘર સાચવ્યું. ભાવેશભાઈ જ્યારે એકલા બહારગામ જાય ત્યારે આરતીબહેન એકલા આરામથી રહી શકે. આમ એકલા રહેવાની ટ્રેનિંગની શરૂઆત એ યુગલે કરી દીધી છે.

જો ભાવેશભાઈ આ ઉંમરે આટલું બધું કરી શકતા હોય તો યુવાનો કેટલું બધું કામ કરી શકે.... મુશ્કેલી તો બધાંના જીવનમાં આવે, એમાંથી આનંદની પળો ચોરી લઈને માણવાની છે. ભાવેશભાઈ આરતીબહેનને જોઈને મીઠી ઈર્ષા થાય કે કેવી મસ્ત મજાની જિંદગી જીવી રહ્યું છે આ યુગલ! ■

# હાઈવે પર ઓચિંતિ બ્રેક મારવી ડ્રાઈવરની બેદરકારી ગણાયઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે આપેલા એક મહત્ત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે ધોરીમાર્ગ પર કોઇ પણ ચેતવણી વિના કારની બ્રેક અચાનક મારવી એ ડ્રાઇવરની બેદરકારી જ ગણાય અને તેને અકસ્માત માટે જવાબદાર ગણી શકાય.

ન્યાયાધીશ સુધાંશુ ધૂળિયા અને ન્યાયાધીશ અરવિંદ કુમારની બનેલી બૅન્ચે મંગળવારે જણાવ્યું હતું કે ડ્રાઇવર અંગત ઇમર્જન્સી કે અન્ય કારણસર હાઇવેની વચ્ચે અચાનક કાર ઊભી રાખીને રસ્તાના અન્ય વપરાશકારો (વાહનચાલકો) માટે જોખમ ઊભું કરે તો તે બેદરકારી જ ગણાય.

બૅન્ચ માટે ચુકાદો લખનારા ન્યાયાધીશ ધૂળિયાએ જણાવ્યું હતું કે હાઇવે પર મોટા ભાગે બધા વાહનો ઝડપથી જ દોડતા હોય છે અને જો કોઇ ડ્રાઇવરે પોતાનું વાહન અચાનક ઊભું રાખવું હોય, તો તેણે અન્ય વાહનચાલકોને પહેલાં સિગ્નલ બતાવવું જોઇએ અથવા અન્ય ચેતવણી આપવી જોઇએ.

કોઇમ્બતુરમાં ૨૦૧૭ની સાત જાન્યુઆરીએ માર્ગઅકસ્માત બાદ ડાબો પગ ગુમાવનારા એન્જિનિયરિંગના વિદ્યાર્થી એસ. મહંમદ હકીમે કરેલી અરજીના સંબંધમાં સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો આપ્યો હતો.

આ કિસ્સામાં એક કાર હાઇવે પર અચાનક ઊભી રહી હતી અને તેની પાછળ હકીમની મોટરસાઇકલ અથડાઇ હતી. હકીમ રસ્તા પર પડી ગયો હતો અને પાછળથી આવતી બસ તેના પગ પર ફરી વળી હતી. (એજન્સી)■

# ભગવાન બુદ્ધના પીપરહવા અવશેષો ૧૨૭ વર્ષ પછી ભારતમાં લાવવામાં આવ્યા



નવી દિલ્હી : ભગવાન બુદ્ધના પીપરહવા અવશેષ ૧૨૭ વર્ષ બાદ ભારતમાં પાછા લાવવામાં આવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ નોંધીને બુધવારે કહ્યું હતું કે આ અવશેષ ૧૮૯૮માં શોધાયા હતા, પરંતુ વસાહતી શાસનને લીધે તેને વિદેશમાં લઈ જવામાં આવ્યા હતા. મોદીએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે આપણા સાંસ્કૃતિક વારસા માટે આ હર્ષનો દિવસ છે.

મોદીએ એક્સ પર લખ્યું હતું કે ભગવાન બુદ્ધના પવિત્ર પીપરહવા અવશેષ ૧૨૭ વર્ષ પછી ભારતમાં આવ્યા છે. આ પવિત્ર અવશેષ ભગવાન બુદ્ધના અને તેમના ઉમદા બોધના ભારત સાથેના ગાઢ સંબંધની યાદ અપાવે છે. આપણા ભવ્ય વારસાનાં વિવિધ પાસાંને જાળવી રાખવા અને એનું રક્ષણ કરવાની આપણી પ્રતિબદ્ધતા બતાડે છે.

મોદીએ કહ્યું હતું કે આ વર્ષની શરૂઆતમાં આ પવિત્ર અવશેષ આંતરરાષ્ટ્રીય હરાજી માટે આવ્યા ત્યારે મારી સરકારે અવશેષ ભારતને ફરી મળે એની તકેદારી લીધી હતી.

પીપરહવા પ્રોજેક્ટ અંગે સંશોધન, માહિતી અને સમાચાર આપતી વેબસાઈટના જણાવ્યા પ્રમાણે ભારત-નેપાળ સરહદની નજીકના ઉત્તર પ્રદેશના પીપરહવામાં બુદ્ધના પ્રાચીન સ્તુપને ખોદતા આ અવશેષ ૧૮૯૮માં મળ્યા હતા. આમાં બુદ્ધના હાડકાના ટુકડા. સોપસ્ટોન, સ્ફટીકની પેટી અને સોનાનાં આભુષણો અને રત્નોનો સમાવેશ થાય છે. વેબસાઈટ કહે છે કે વાળના અવશેષો થાઈલૅન્ડના રાજાને વિશ્વના બૌદ્ધોમાં વિતરણ કરવા આપવામાં આવ્યા હતા. જે પથ્થરની પોટીમાં આ અવશેષો હતા એ પેટી કોલકાતાના ઈન્ડિયન મ્યુઝિયમમાં રાખવામાં આવી છે. (એજન્સી)■

# ઘણાં સત્યોનો પર્દાફાશ થવાના ડરે મોદી ટ્રમ્પને જુઠાડા નથી કહી રહ્યાઃ રાહુલ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ અંગે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૩૦ વાર કરેલા દાવાને ‘સ્પષ્ટપણે નકારવાનો’ ઈનકાર કરી રહ્યા છે કારણ કે મોદી અતિશય નબળી વિકેટ પર છે અને તેમને ઘણો ઢાંકપીછોડો કરવાનો છે, એમ કૉંગ્રેસે બુધવારે કહ્યું હતું.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ટ્રમ્પ ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામમાં તેમની ભૂમિકા અંગે ખોટું બોલી રહ્યા છે એમ વડા પ્રધાન મોદી કહેતા નથી કારણ કે જો મોદી એમ કહે તો અમેરિકાના નેતા સત્ય ઊઘાડું પાડી દેશે. ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામમાં ભૂમિકા ભજવવાનો દાવો વારંવાર દોહરાવ્યો એ અંગે પ્રહાર કરતાં કૉંગ્રેસે કહ્યું હતું કે ‘અમેરિકાના પ્રમુખ મોદીના ગળે સાપની જેમ વીંટળાઈ ગયા છે અને તેમના કાનમાં ‘ફૂફાડો મારીને કડવું સત્ય કહી રહ્યા છે.’

ટ્રમ્પની યુદ્ધવિરામ અંગે દાવો દોહરાવતી અને ભારત અમેરિકાના ૨૦થી ૨૫ ટકા જેટલો ટૅરિફનો સામનો કરી રહ્યું છે એવી છેલ્લામાં છેલ્લી ટકોર વિશે પૂછવામાં આવતાં રાહુલે કહ્યું હતું કે એ દેખીતું છે કે મોદીએ એમ કહ્યું નથી કે ટ્રમ્પ ખોટું બોલે છે. જે બન્યું છે એ સમજી શકાય એવું સ્પષ્ટ છે. દરેક જણ જાણે છે કે મોદી એમ કહી શકે એમ નથી. આ વાસ્તવિકતા છે. જો મોદી એમ કહે તો ટ્રમ્પ ખુલ્લેઆમ સત્ય ઉજાગર કરશે. આથી વડા પ્રધાન આમ બોલી શકતા નથી. (એજન્સી)■

# પહલગામમાં મહિલાઓના સિંદૂર ભુંસાયા પણ તેનો બદલો લેવાના ઑપરેશનને ‘સિંદૂર’ નામ કેમ?: જયા બચ્ચન

નવી દિલ્હીઃ ચોમાસા સત્ર દરમિયાન ઑપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચને પણ ભારત દ્વારા આતંકવાદીઓ વિરુદ્ધ હાથ ધરવામાં આવેલા આ ઑપરેશન પર વાત કરી હતી. તેમણે એવો પણ પ્રશ્ન કર્યો હતો કે આ ઓપરેશનનું નામ ‘સિંદૂર’ કેમ રાખવામાં આવ્યું? તેમણે કહ્યું હતું કે સિંદૂર તો ભૂંસાઈ ગયું હતું તો પછી ઑપરેશનનું નામ સિંદૂર કેમ રાખવામાં આવ્યું?

સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચને બુધવારે સવાલ ઉઠાવ્યો હતો કે પહલગામ હુમલાનો બદલો લેવા માટે ભારત તરફથી કરવામાં આવેલી કાર્યવાહીને ‘‘ઑપરેશન સિંદૂર’’ કેમ નામ આપવામાં આવ્યું જ્યારે આ ઘટનામાં મહિલાઓ વિધવા થઈ ગઈ હતી અને વાસ્તવમાં ‘‘તેમનું સિંદૂર ભૂંસાઈ ગયું હતું’’.

રાજ્યસભામાં પહલગામ હુમલા અને ઑપરેશન સિંદૂર પરની ચર્ચામાં ભાગ લેતા સમાજવાદી પાર્ટીના સાંસદે વિપક્ષના સાંસદનો પણ વિરોધ કરતા જોવા મળ્યા. અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા જયા બચ્ચનને અધ્યક્ષ દ્વારા અન્ય લોકો પર ધ્યાન ન આપવા વિનંતી કરી હતી. બચ્ચને જવાબ આપ્યો કે તેમના ‘‘કાન તેજ’’ છે. એક સમયે તેમણે તેમની બાજુમાં બેઠેલા શિવસેના (યુબીટી)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીને એમ કહેતા જોવા મળ્યા કે ‘‘મને કંન્ટ્રોલ ના કરો’’ જયા બચ્ચને પહલગામ હુમલામાં જીવ ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. ■

# નિઠારી કેસ કોલી-પાંઢેરને છોડી મૂકવાની પડકારતી તમામ અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હીઃ શ્રેણીબદ્ધ હત્યા સંબંધિત વર્ષ ૨૦૦૬ના સંવેદનશીલ નિઠારી હત્યાકાંડ કેસના આરોપી સુરેન્દ્ર કોલી અને મોનિન્દરસિંહ પાંઢેરને નિર્દોષ જાહેર કરતા ૧૬ ઑક્ટોબર ૨૦૨૩ના અલાહાબાદ હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી ૧૪ અરજી સુપ્રીમ કોર્ટે બુધવારે નકારી કાઢી હતી.

મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ તેમ જ ન્યાયાધીશ સતીશચંદ્ર શર્મા અને કે. વિનોદચંદ્રનની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે કોલીને નિર્દોષ જાહેર કરતા અલાહાબાદ હાઈ કોર્ટના ચુકાદામાં કોઈ અસંગતતા નથી.

ઍવિડન્સ ઍક્ટની કલમ ૨૭નો ઉલ્લેખ કરતા મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે કોલીએ પોલીસ સમક્ષ નિવેદન કર્યા બાદ ઘટનાનો ભોગ બનેલા લોકોના હાડપિંજર સહિતની અન્ય વસ્તુઓ ખુલ્લા નાળામાંથી શોધી કાઢવામાં નહોતી આવી.

ખંડપીઠે કહ્યું હતું કે આરોપીના નિવેદનનું રેકોર્ડિંગ કર્યા વિના પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલી વસ્તુને ઍવિડન્સ ઍક્ટ અંતર્ગત પુરાવા તરીકે સ્વીકારવામાં નથી આવતી. (એજન્સી)■

# કાશ્મીરમાં ઍન્કાઉન્ટરઃ એલઈટીના બે આતંકવાદી હણાયા

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે, બે દિવસ પહેલા ઓપરેશન મહાદેવ હેઠળ શ્રીનગર પાસે ત્રણ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતાં, હવે સેનાને વધુ એક સફળતા મળી છે. ગત મોડી રાત્રે પુંછ વિસ્તારમાં સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઇ હતી, અહેવાલ મુજબ બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે, વધુ આતંકવાદીઓ છુપાયા હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

અહેવાલ મુજબ પાકિસ્તાની આતંવાદીઓ લાઈન ઓફ કંટ્રોલ ઓળંગીને ભારતમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હોવાની જાણ થતાં સિક્યોરિટી ફોર્સીઝે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. અહેવાલ મુજબ ગત મોડી રાત્રે દેગવાર સેક્ટરના કલસિયાન-ગુલપુર વિસ્તારમાં એન્કાઉન્ટર શરૂ થયું હતું. આજે સવારે સેનાએ આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (એલઈટી) સાથે સંકળાયેલા બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. ■

# મહારાષ્ટ્રના સહકારી બૅન્કના પાંચ લાખ છેતરાયેલા ડિપોઝિટરોને પૈસા પાછા મળશે

## ૩૮૦ કરોડ રૂપિયાની બૅન્કની સંપત્તિ રાજ્ય સરકારને સોંપી ઈડીએ

નવી દિલ્હી : મની લોન્ડરિંગ કાર્યવાહીના ભાગરૂપે ભૂતપૂર્વ ધારાસભ્ય દ્વારા નિયંત્રિત સહકારી બેંકના લગભગ પાંચ લાખ ‘‘છેતરાયેલા’’ થાપણદારોને વિતરણ કરવા માટે ૩૮૦ કરોડ રૂપિયાની સંપત્તિ મહારાષ્ટ્ર સરકારના નિયુક્ત અધિકારીને પરત કરવામાં આવી છે, એમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે જણાવ્યું હતું. આ કેસ પનવેલમાં કર્નાલા નાગરિક સહકારી બેંક લિમિટેડ સાથે સંબંધિત છે જ્યાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેના ભૂતપૂર્વ ચેરમેન, વિવેકાનંદ શંકર પાટીલે બેંકના અન્ય અધિકારીઓ સાથે મળીને ધિરાણકર્તા સાથે ‘‘છેતરપિંડી’’ કરી હતી અને ખાનગી રોકાણો માટે ભંડોળ ‘‘ચોરી’’ કરી હતી. શેતકરી કામગાર પક્ષ પાર્ટીના ચાર વખત ધારાસભ્ય રહેલા પાટીલની જૂન ૨૦૨૧માં ઈડીએ ધરપકડ કરી હતી.

‘‘બેંકમાં પાંચ લાખથી વધુ થાપણદારો હતા જેમની કુલ થાપણો ૫૫૩ કરોડ રૂપિયા હતી, અને તેમણે તેમના મહેનતના પૈસા ગુમાવ્યા હતા.

‘‘થાપણદારોના વ્યાપક હિતમાં અને હાલમાં ચાલી રહેલા વળતરના પ્રયાસોમાં, ઈડી એ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે પગલાં લીધાં જેના પરિણામે વળતર મળ્યું,’’ એમ એજન્સીએ જણાવ્યું હતું.

ઈડીનો મની લોન્ડરિંગ કેસ પુણે ઇઓડબ્લ્યુ દ્વારા ફેબ્રુઆરી, ૨૦૨૦માં દાખલ એફઆઈઆરમાંથી શરૂથયો છે.■

# બાગમતી એક્સપ્રેસનો અકસ્માતનું કારણ ભાંગફોડઃ તપાસમાં સાફ થયું

નવી દિલ્હીઃ રેલવે સલામતી કમિશનરે જણાવ્યું છે કે ૧૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ દક્ષિણ રેલવેના ચેન્નાઈ ડિવિઝનના કવારાઈપેટ્ટાઈ સ્ટેશન પર મૈસુર-દરભંગા બાગમતી એક્સપ્રેસનો અકસ્માત તોડફોડનું પરિણામ હતું, બદમાશોએ ટ્રેક ઇન્ટરલોકિંગ સિસ્ટમના ઘટકો બળજબરીથી દૂર કર્યા હતા.

સધર્ન સર્કલના સીઆરએસ, એ.એમ. ચૌધરીએ જણાવ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું છે કે બાગમતી એક્સપ્રેસ અને એક સ્થિર માલગાડી વચ્ચેની અથડામણ ‘‘કોઈપણ ઉપકરણ/સંપત્તિની સ્વચાલિત/અચાનક નિષ્ફળતાને કારણે નહીં પરંતુ બદમાશોએ એલએચ (ડાબા હાથ) ટુંગની ડિઝાઇન કરેલી સ્થિતિમાં ફેરફારને કરતા થઈ હતી.’’

‘‘તેથી, આ અકસ્માતને ‘તોડફોડ’ શ્રેણી હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યો છે,’’ એમ સીઆરએસએ જણાવ્યું હતું.

ચૌધરીએ બાગમતી એક્સપ્રેસના લોકો પાઇલટની તેમની અસાધારણ જાગરૂકતા માટે પણ પ્રશંસા કરી હતી.■

# ભારે વરસાદનું વિઘ્નઃ અમરનાથ યાત્રા સ્થગિત

પહલગામઃ જમ્મુ-કાશ્મીરમાં પડી રહેલા ભારે વરસાદના પગલે બુધવારે અમરનાથ યાત્રાને સ્થગિત કરવામાં આવી છે. પહલગામ અને બાલટાલ શિબિરમાંથી જ યાત્રાને સ્થગિત કરાઈ છે. અમરનાથ યાત્રાના અત્યાર સુધી ૩.૯૩ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં બાબા બર્ફાનીના દર્શન કર્યા છે. આ અંગે કાશ્મીરના વિભાગીય કમિશનર વિજય કુમારે જણાવ્યું હતું કે બુધવાર સવારથી સતત થઈ રહેલા વરસાદના કારને બાલટાલ અને નુનવાન/ચંદનવાડી બંને માર્ગો પર યાત્રાની મંજૂરી આપવામાં નથી આવી શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ ૨૯ દિવસની અમરનાથ યાત્રામાં અત્યાર સુધીમાં યાત્રાળુઓની સંખ્યા ૩.૯૩ લાખ પર પહોંચી ગઈ છે. અમરનાથ યાત્રા ૯ ઓગસ્ટ સુધી ચાલવાની છે. જેના કારણે આ આંકડો ચાર લાખને પાર થવાની ધારણા છે. જમ્મુ-કાશ્મીરમાં પહલગામ આતંકી હુમલા બાદ આ વર્ષે ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરી રહ્યા છે. તેમજ આ વર્ષે વહીવટીતંત્ર દ્વારા બંને રુટ પર શ્રદ્ધાળુઓ માટે વિશેષ સુવિધાઓ પણ કરવામાં આવી છે. ■

---

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| नकळत | અલ્પ |
| नखभर | અજાણ્યે |
| नगदी | પછી |
| नटणे | રોકડું |
| नंतर | સજાવું |

## ઓળખાણ પડી?

ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ)નો ગૌરવપૂર્ણ હોદ્દો મેળવનારી પ્રથમ ભારતીય મહિલાની ઓળખાણ પડી



અ) દુર્ગા નાગપાલ બ) વનિતા સિંહ ક) સરિતા યાદવ ડ) અન્ના મલહોત્રા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દ | સ્તા | ૨ વે | ૩ જી | ક | ૪ ર | ણ | | ૫ રા | ૬ બ |
| સ્ત | | ૭ ધ | રુ | | વે | | ૮ અ | | હુ |
| ૯ ક | ૧૦ લા | ક | | ૧૧ વે | શ | | ૧૨ વ | રા | પ |
| | ભ | | ૧૩ સા | ગ | | ૧૪ લા | ગ | | ત્ની |
| ૧૫ બ | કા | લું | | ૧૬ વ | ળ | ગ | ણ | | ત્વ |
| ૧૭ દ | ર | | ૧૮ સ | તી | | ૧૯ ત | ના | ૨૦ વ | |
| ૨૧ લા | ક | ૨૨ ડી | | | ૨૩ બા | | | ૨૪ દી | ૨૫ પ |
| વ | | ૨૬ લ | ૨૭ ક | ૨૮ ડ | ધ | ૨૯ ક | ડ | | રિ |
| | ૩૦ શા | | ૩૧ મ | ગ | | હા | | ૩૨ રા | સ |
| ૩૩ દે | ખ | ભા | ળ | | ૩૪ અ | ન | રા | ધા | ર |

## શબ્દલાલિત્ય સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | | ૧૨ | |
| ૧૩ | | | ૧૪ | | | | ૧૫ | | |
| | | ૧૬ | | | | | ૧૭ | | |
| ૧૮ | | | | | | | | | ૧૯ |
| | | | | ૨૦ | | ૨૧ | | ૨૨ | |
| | ૨૩ | | | ૨૪ | ૨૫ | | | ૨૬ | |
| ૨૭ | | | ૨૮ | | | | ૨૯ | | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. વ્યવસ્થા કરનાર (૫)
૪. ઉજ્જવળ, ભપકાદાર (૪)
૭. રમતનું મેદાન (૨)
૯. મુકાબલા (૩)
૧૧. સરકારી કાગળિયાંનો થેલો (૩) (જો.છૂ.)
૧૨. વહેમ, એક સંવત (૨)
૧૩. ખમીર, એક પ્રકારની ફૂગ (૨)
૧૪. મોટો વાટવો (૩)
૧૫. મશીનના ભાગ (૩)
૧૭. બાતલ, કેન્સલ (૨)
૧૮. ધૂળનો કણ (૪)
૨૧. નફાતોટા વિનાનું (૪)
૨૩. સો (૨)
૨૪. વાર્તા કહેતો ગરબો (૩)
૨૬. એક જાતનો દારૂ (૨)
૨૭. બરણી, લાખ ચડાવેલું માટલું (૨)
૨૮. કૂંપળ, કોંટો (૩)
૨૯. દર્પણ પારદર્શક પદાર્થ (૨)
૩૦. --- રાખવી એટલે લાડથી રાખવી (૫)
૩૧. નઠારો, નીચ, આછકલો (૩)

**ઊભી ચાવી**

૧. ધંધા કે ઉદ્યોગમાં ફેરવવું તે (૭)
૨. સ્થાપિત કરવું તે (૩)
૩. સ્તર, પોપડો (૨)
૫. મેદસ્વિની (૨)
૬. માંદગી, અણધારી આફત (૪)
૮. ઈનામ (૫)
૧૦. ચોક્સ, જરૂરી (અં.) (૨)
૧૧. ઓસડિયાં ઘુંટવાનો વાડકો (૨)
૧૨. એક ઋતુ (૩)
૧૫. માન, પૂજા, માનધન (૪)
૧૬. એક જાતનું ઊનનું કાપડ (૪)
૧૯. લાજ, લજ્જા (૩)
૨૦. કાશી (૪)
૨૧. બગાડો, કોહવાટ, ખરાબી (૨)
૨૨. એકદમ ભરેલું (૪)
૨૩. શરતવાળું (૩)
૨૫. --- હોય તે વ્હાલા નહીં (૨)
૨૭. ફરી --- ક્યારે આવશો? (૨)
૨૮. ઠંડીમાં હિરોઈન ---નો કોટ પહેરે (૨)
૨૯. શું ચાલે છે આજ --- ? (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. સ્ત્રીના નણદોઈના એકમાત્ર સાળાના પિતાના એકમાત્ર વેવાઈ સ્ત્રીના સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) મામાજી બ) પિતાશ્રી ક) કાકાજી ડ) સસરાજી

## જાણવા જેવું

શિલ્પશાસ્ત્રીઓના વખતથી તે છેક મુઘલ સલ્તનત સુધી એવી પ્રથા ચાલી આવેલી કે મકાન અને બગીચો એ અવિભાજ્ય બાંધકામ છે. જેમ મકાનને રેતી, ચૂનો, પથ્થર વગેરે જોઈએ તેમ રોપા, બી વગેરે પણ જોઈએ. મકાનના તળ તથા દર્શન બંનેની સાથે તેનાં બગીચાનો વિચાર થતો.

## સુડોકુ-૯૦૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | | ૩ | | | | | |
| ૨ | | | | | | | ૪ | |
| ૧ | | | | | ૬ | ૫ | | ૨ |
| ૪ | | | | ૩ | | | | |
| | | | ૮ | | ૫ | | | |
| | | | | ૯ | | | | ૬ |
| ૩ | | ૮ | ૪ | | | | | ૧ |
| | ૨ | | | | | | | ૭ |
| | | | | | ૭ | | ૩ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૨ | ૯ | ૮ | ૪ | ૭ | ૧ | ૫ |
| ૫ | ૪ | ૭ | ૧ | ૩ | ૬ | ૮ | ૨ | ૯ |
| ૧ | ૯ | ૮ | ૭ | ૨ | ૫ | ૪ | ૬ | ૩ |
| ૪ | ૮ | ૩ | ૫ | ૧ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૯ | ૭ | ૧ | ૮ | ૬ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૨ | ૬ | ૫ | ૩ | ૪ | ૯ | ૧ | ૮ | ૭ |
| ૩ | ૫ | ૬ | ૨ | ૭ | ૮ | ૯ | ૪ | ૧ |
| ૮ | ૧ | ૯ | ૪ | ૫ | ૩ | ૨ | ૭ | ૬ |
| ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૧ | ૫ | ૩ | ૮ |

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વિધાનમાં સાપ - નાગનું અવયવ દર્શાવતો શબ્દ સંતાઈ બેઠો છે એ શોધી કાઢો. ફિલ્મની તરફેણમાં ઘણા અભિપ્રાય આવ્યા છે.

## નોંધી રાખો

જીવનમાં સપનાં ને સંકલ્પ બંનેનું મહત્ત્વ છે. સપના એટલે પગથિયાં વિનાની સીડી. સંકલ્પ એટલે નિશ્ચિત કરેલાં પગથિયાં.

## માઈન્ડ ગેમ

વિવિધ દેશના વિવિધ રાષ્ટ્રીય પ્રાણી હોય છે. કયા દેશનું રાષ્ટ્રીય પ્રાણી ઝેબ્રા છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) બ્રાઝીલ બ) બોત્સ્વાના ક) એસ્ટોનિયા ડ) કોસ્ટા રીકા

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| टंचाई | અછત |
| टपरी | પતરાનું ઝૂંપડું |
| टणक | કઠણ |
| टपकन | અચાનક |
| टवाळी | ટીખળ |

ગુજરાત મોરી મોરી રે: પતિ

ઓળખાણ પડી?: અમૃતા પ્રીતમ

માઈન્ડ ગેમ: ભૂતાન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: કરજ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નુતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) ભાવના કર્વે (૩૩) અંજુ ટોલિયા (૩૪) કિશોર સંઘરાજકા (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) અરવિંદ કામદાર (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) કમલ માતલિયા (૪૮) મહેશ સંઘવી (૪૯) વિપિન શાહ (૫૦) વિજય આસર (૫૧) હરીશ મનુભાઈ ભટ્ટ

# ઓનલાઈન ટેરરિઝમ ચલાવતી અલ-કાઈદાની શમા પરવીનને બેંગલુરુમાંથી પકડી ગુજરાત એટીએસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ)ને વધુ એક મોટી સફળતા મળી હતી. એટીએસએ મંગળવારે અલ કાયદા સાથે સંકળાયેલી ૩૦ વર્ષીય મહિલા શમા પરવીનની બેંગલુરુથી ધરપકડ કરી હતી. પરવીન પર ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર જેહાદી ષડયંત્ર રચવાનો અને દેશવિરોધી વીડિયો અપલોડ કરીને યુવાનોને જેહાદી કૃત્ય માટે ઉશ્કેરવાનો આરોપ છે. ૨૩ જુલાઈ ૨૦૨૫ના રોજ ગુજરાત એટીએસએ અમદાવાદ અને મોડાસાના ૨ સહિત કુલ ૪ આતંકીઓની ધરપકડ કરી હતી, જે આતંકી જૂથની માસ્ટર માઈન્ડ શમા પરવીન હોવાની માહિતી મળી હતી.

શમા પરવીન મૂળ ઝારખંડની છે અને હાલમાં બેંગલુરુમાં તેના ભાઈ સાથે રહેતી હતી અને એક ખાનગી કંપનીમાં કામ કરતી હતી. તે બી કોમ ગ્રેજ્યુએટ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાત એટીએસના અધિકારીઓ શમા પરવીનની પ્રવૃત્તિઓ પર બારીકાઈથી નજર રાખી રહ્યા હતા. શમા પરવીન સોશ્યલ મીડિયા અને કેટલીક શંકાસ્પદ એપ્લિકેશન દ્વારા અલ કાયદાની વિચારધારા સાથે જોડાઈ હતી અને તેને ફેલાવવા સુધીની ગતિવિધિઓમાં સક્રિય હતી. શમા પરવીન કેટલાક લોકોને સંગઠનમાં જોડીને કોઈ મોટા ષડયંત્રનો પ્લાન ઘડવાની તૈયારી કરી રહી હોવાની પણ આશંકા છે. ગુજરાત એટીએએસ હાલ શમા પરવીન પાસેથી વધુ માહિતી મેળવવા માટે ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરી હતી. પૂછપરછ દરમિયાન આતંકવાદી નેટવર્કના અન્ય સભ્યો અને તેમનાં સંભવિત ષડયંત્રોનો પર્દાફાશ થઈ શકે છે.

એટીએસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, શમા પરવીન સોશિયલ મીડિયા પર બે ફેસબુક અને એક ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા જેહાદનો પ્રચાર કરી રહી હતી. તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ૧૪ હજારથી વધુ ફોલોઅર્સ છે.

ગુજરાત એટીએસના ડીઆઈજી સુનીલ જોષીએ જણાવ્યું કે શમા પરવીન દિલ્હીથી ધરપકડ કરાયેલા આરોપી સ્ટ્રેન્જર નેશન ૨ નામના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટના સંપર્કમાં હતી. ઇન્સ્ટાગ્રામ ઉપરાંત, ફેસબુક પર પણ સમાન આઈડી મળી આવ્યું હતું. એટીએસની ટેક્નિકલ ટીમે તપાસમાં શમા પરવીનની માહિતી મેળવી હતી. જેના ૧૪ હજારથી વધુ ફોલોઅર્સ છે. આંતરરાજ્ય ઓપરેશન હોવાને કારણે, કેન્દ્રીય એજન્સી અને સ્થાનિક પોલીસની મદદથી શમા પરવીનની બેંગલુરુથી ધરપકડ કરવામાં આવી હતી.

એટીએસના ડીઆઈજી સુનીલ જોષીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે શમા પરવીન જેહાદી માનસિકતા અને ગઝવા-એ-હિન્દના અનેક વીડિયો સોશ્યલ મીડિયા પર ફેલાવીને હિંસા ફેલાવવાનું કામ કરતી હતી. તે બેંગલુરુમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી પરિવાર સાથે રહેતી હતી, પરંતુ પોતાના રૂમમાંથી જલ્દી બહાર આવતી ન હતી. શમા પરવીન વોટ્સએપ દ્વારા અનેક પાકિસ્તાની એકાઉન્ટ્સના સંપર્કમાં હતી. તેને કોઈ પ્રકારનું ફંડિંગ મળતું હતું કે તેની સાથે અન્ય કોણ જોડાયેલું છે તેની હવે તપાસ કરવામાં આવશે. મહિલાને ધરપકડ કરીને અમદાવાદ લાવવામાં આવી છે અને રિમાન્ડ લઈને વિગતવાર તપાસ કરવામાં આવશે.

ગુજરાત એટીએસ દ્વારા અલ કાયદાના ભારતીય મોડ્યૂલનો પર્દાફાશ કરવામાં આવ્યા બાદ સુરક્ષા એજન્સીઓ ચિંતિત છે. આ મોડ્યૂલમાં મહિલા આતંકી ઝડપાઈ હોવાથી સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી છે. ૩૦ વર્ષની મહિલા અલ કાયદા સાથે જોડાયેલી અને પાકિસ્તાન સાથે સંપર્ક હોવાની વાત ખૂબ ગંભીર માનવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત એટીએસની ટીમે ૨૩ જુલાઈએ અલ કાયદા એક્યૂઆઈએસ સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી હતી. મળતી માહિતી પ્રમાણે, ઝડપાયેલા ચાર આતંકવાદીઓમાંથી બેની ગુજરાતમાંથી એકની દિલ્હીમાંથી અને એકની નોઇડામાંથી ધરપકડ કરવામાં આવી હતી. જેમાં બનાવટી નોટ રેકેટના એક આરોપીની પણ ધરપકડ કરાઈ હતી. વોટ્સએપ ગ્રુપ પર ચેટિંગ કરીને તેઓ બાકી લોકોને પણ જોડતા હતા. ગુજરાત એટીએસની ટીમ લાંબા સમયથી આ લોકો પર વોચ રાખી રહી હતી. ■

# ભાજપના પૂર્વ ધારાસભ્ય અમૂલ ડેરીના ડિરેક્ટર રાજેશ પાઠકના પુત્ર સામે પોલીનો એફઆઈઆર

(અમારા પ્રતિનિધિ તરફથી)

આણંદઃ અહીંયા જમીન વિવાદ મુદ્દે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ટોચના નેતાના પુત્ર સામે ફરિયાદ નોંધાતા રાજકારણ ગરમાયું છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય અને અમૂલ ડેરીના ડિરેક્ટર રાજેશ પાઠકના પુત્ર પાર્થ પાઠક સહિત અન્ય ૨૦ જેટલા શખ્સો સામે પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. આ ઘટનામાં ફરિયાદી જીગરકુમાર પટેલે આરોપ લગાવ્યો છે કે તેમના મામાની જમીન પર માપણીના મુદ્દે થયેલા વિવાદમાં તેમને માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

એફઆઈઆર મુજબ, બાલાસિનોરમાં રહેતા જીગરકુમાર નાથાભાઈ પટેલ (ઉં.વ.૪૭) તેમના મામાના દીકરા નીતિનભાઈ ભાઈલાલભાઈ પટેલના ખેતરમાં બેઠા હતા. રાજેશ પાઠક અને તેમના મામાની જમીન બાજુ બાજુમાં આવેલી છે. રાજેશ પાઠકના પાર્ટનર ટીના મામા જમીન માપણી કરાવતા હતા. તે સમયે તેઓ તેમના મામાની જમીનની નજીક આવતા તેમને હદમાં રહેવાનું જણાવ્યું હતું. થોડીવાર પછી પાર્થ પાઠક તથા ૨૦ જેટલા માણસો આવ્યા હતા. તેમણે તેમને તું કેમ જમીન નથી માપવા દેતો તેમ કહ્યું હતું. જેથી તેમણે જમીન મારા મામાની છે તેમ કહેતા આરોપીઓ ગાળો બોલવા લાગ્યા હતા અને ગડદાપાટુ માર્યા હતા. આ લોકોએ તેમને મૂઢ માર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન એક અજાણ્યા શખ્સે તેમને જમીનના સાત-બારમાં તેમનું નામ હોવાનો સવાલ કર્યો હતો. જેથી તેમણે આ જમીન તેમના મામાના દીકરાની છે અને તેઓ તેની સંભાળ રાખવા આવ્યા છે. તેમ જણાવ્યું હતું. ગડદાપાટુના મારથી તેમને માથા તથા શરીરના અન્ય ભાગે ઈજાઓ થઈ હતી. આરોપીઓએ તેમને ફરીથી અહીં ન આવવાની પણ ધમકી આપી હતી. ફરિયાદીએ આ ઘટના અંગે કાયદેસર તપાસની માગણી કરી હતી. પોલીસે ફરિયાદના આધારે પાર્થ રાજેશભાઈ પાઠક અને અન્ય સામે મારામારી, ગાળાગાળી અને ધમકીના આરોપ હેઠળ એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી હતી. ■

## અમદાવાદને 'ગ્રીન સિટી' બનાવવાની નેમઃ ૪૦ લાખ વૃક્ષ વાવણીનો લક્ષ્યાંક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મહાનગરપાલિકાએ અમદાવાદ શહેરને ભારતનું સૌથી સ્વચ્છ શહેર બનાવવાની નેમ પાર પાડી છે. ક્લીન સિટી અમદાવાદને ગ્રીન સિટી બનાવવાની નેમ પાર પાડવા મહાનગરપાલિકાએ મુખ્ય પ્રધાનના દિશા સૂચનમાં ૪૦ લાખ વૃક્ષો વાવવાનું મિશન ફોર મિલિયન ટ્રિઝ ૨૦૨૫ શરૂ કર્યું હતું. મિશન ફોર મિલિયન ટ્રીઝ ૨૦૨૫ અંતર્ગત સમગ્ર શહેરમાં કુલ ૪૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવ્યો છે. જે પૈકી તા. ૨૯-૦૭-૨૦૨૫ સુધી કરવામાં આવેલ વૃક્ષારોપણ સાથે કુલ ૨૦,૪૨,૬૮૯ વૃક્ષો રોપવામાં આવ્યા છે. આમ, ૪૦ લાખનાં લક્ષ્યાંકની સામે ૫૧ ટકા વૃક્ષારોપણની સિદ્ધી અમદાવાદ મહાનગરપાલિકાએ હાંસલ કરી હતી. આ ઉપરાંત કોઈ નાગરિક એએમસી સેવા એપ ઉપર રજિસ્ટ્રેશન કરે તો અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ ઘર આંગણે જઈને વિનામૂલ્યે વૃક્ષારોપણ કરી આપે તેવી સવલત પણ શહેરીજનો માટે ઉપલબ્ધ છે. ■

# રાજ્ય સરકાર રચિત યુસીસી કમિટીને હાઈ કોર્ટની લીલી ઝંડી

## કોર્ટે સુરતના અરજદારની અરજી ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યુનિફોર્મ સિવિલ કોડ(યુસીસી) કમિટીમાં લઘુમતી સમુદાયના સભ્યો નહીં હોવાથી કમિટીના ગઠનને પડકારતી રિટ અરજી હાઇ કોર્ટે એક મૌખિક આદેશ મારફતે ફગાવી હતી. આ કેસમાં લેખિત ચુકાદો આગામી સમયમાં બહાર આવશે. આ કેસમાં સુરતના એક અરજદારે દાવો કર્યો હતો કે યુસીસી કમિટીમાં અલ્પસંખ્યક સમુદાયો અને નિષ્ણાતોનો પૂરતો સમાવેશ કરવામાં આવ્યો નથી. તેમણે કમિટીની રચનાને ગેરકાયદેસર ગણાવી હતી.

રાજ્ય સરકારે દલીલ કરી હતી કે કમિટીની નિમણૂક કરવાની કાયદાકીય સત્તા સરકારની છે. આ બાબતમાં નિષ્ણાત કોણ હોઇ શકે એનો નિર્ણય અરજદાર ના કરી શકે. હાઈ કોર્ટના આ નિર્ણયથી યુસીસી કમિટી પોતાનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરી શકશે અને યુસીસી લાગુ કરવાની પ્રક્રિયા આગળ વધી શકશે.

આ કેસમાં સુરતના રહેવાસી અબ્દુલ વહાબ સોપારીવાલાએ રાજ્યમાં બનેલી યુસીસી કમિટીને પડકારતી અરજી એડવોકેટ ઝમીર શેખ મારફતે દાખલ કરી હતી. જેમાં અરજદાર અને સરકાર એમ બંને પક્ષોને સાંભળીને ગુજરાત હાઇ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. જસ્ટિસ નિરલ મહેતાએ ચુકાદો આપતા અરજી રદ કરી હતી.

આ અરજીમાં રાજ્ય સરકાર વતી રજૂઆત કરવામાં આવી હતી કે ચાર ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડને લાગુ કરવા શક્યતાઓ તપાસવા માટે એક કમિટીની જાહેરાત કરી હતી. જે ગુજરાતમાં યુસીસીને લગતો ડ્રાફ્ટ તૈયાર કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાઈ કોર્ટનો આ નિર્ણય સરકાર માટે મોટી રાહતરૂપ છે. પાછલી ચૂંટણીઓ દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં રાજ્યમાં યુસીસી લાગુ કરવાનું વચન આપ્યું હતું.

આ જ વચન પૂર્ણ કરવા માટે રાજ્ય સરકારે યુસીસી કમિટીની રચના કરી હતી. ■

# ગુજરાતમાં આશરે ૬૬ લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતરઃ કૃષિ પ્રધાન રાઘવજી પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૃષિ પ્રધાન રાઘવજી પટેલે રાજ્યમાં ખરીફ વાવેતરની વિગતો આપતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરમાં વાવણીલાયક વરસાદ થતા ખેડૂતોએ ખરીફ પાકોનું ઉત્સાહભેર વાવેતર કર્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૩ ટકા નોંધાયો છે. રાજ્યમાં વરસાદનું સમયસર આગમન થતા આ વર્ષે વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમજ સારા વરસાદના પરિણામે ખેડૂતોને પણ સારી ઊપજ મળશે, તેવી કૃષિ પ્રધાને આશા વ્યક્ત કરી હતી.

ચાલુ ખરીફ સિઝન દરમિયાન ૩૦ જુલાઈ સુધીમાં થયેલા વાવેતરની વિગતો આપતા રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખરીફ પાકોનું સારું વાવેતર જોવા મળ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે ૬૬ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર પૂર્ણ થયું છે. છેલ્લા ૩ વર્ષની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં થયેલા કુલ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૭૭ ટકાથી વધુ વિસ્તારમાં વાવેતર થઇ ગયું છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. દર વર્ષે ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં સૌથી વધુ કપાસનું અને ત્યારબાદ મગફળીનું પુષ્કળ વાવેતર અને ઉત્પાદન થાય છે. આ વર્ષે કપાસ અને મગફળીનું રાજ્યના ખૂબ જ મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં આશરે ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસ અને ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં મગફળીનું વાવેતર પ્રતિવર્ષ સતત વધી રહ્યું છે. રાજ્યમાં મગફળીનું સરેરાસ ૧૭.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે. ગત વર્ષે ખેડૂતોએ ખરીફ ઋતુ દરમિયાન કુલ ૧૮.૮૨ લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર કર્યું હતું. આ વર્ષે પણ ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં મગફળીનું રેકોર્ડબ્રેક વાવેતર થયું છે. અત્યાર સુધીમાં જ મગફળીના સામાન્ય વાવેતરની સરખામણીએ ૧૧૫ ટકા વાવેતર પૂર્ણ થયું છે, જે હજુ પણ વધવાની સંભાવનાઓ છે.

મગફળી સહિત રાજ્યમાં તેલીબિયાં પાકોનું કુલ ૨૪.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. ગત વર્ષની સરખામણીએ તેલીબિયાં પાકોના વાવેતર વિસ્તારમાં ૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારનો વધારો થયો છે. આ ઉપરાંત રાજ્યમાં ધાન્ય પાકોનું અત્યાર સુધીમાં ૯.૭૯ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં, કઠોળ પાકોનું અત્યાર સુધીમાં ૨.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં તેમ જ ઘાસચારાનું અત્યાર સુધીમાં ૬.૪૬ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે.

કૃષિ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સમયસર વરસાદ આવતા ખેડૂતોએ કપાસ, મગફળી, એરંડા, તલ, સોયાબીન, ડાંગર, જુવાર સહિતના ખરીફ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યમાં આ વર્ષે પણ ખરીફ પાકોનું વાવેતર ખૂબ જ સારા પ્રમાણમાં થયું છે. ખરીફ પાકોના વાવેતરમાં હજુ પણ વેગ આવવા સાથે વિસ્તારમાં પણ વધારો આવવાની પૂરતી સંભાવનાઓ છે. ■

## ભાવનગર ભાજપમાં ભડકો

# મેયર ભરત બારડની જાહેરમાં આત્મવિલોપનની ચીમકીથી હડકંપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણી પૂર્વે જ શહેર ભાજપમાં આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. મંગળવાર રાત્રે શહેર ભાજપના વોટ્સએપ ગ્રૂપમાં મેયર ભરતભાઈ બારડે પોતાની સાથે થતા અન્યાય અને તેમને નિશાન બનાવવામાં આવતા હોવા અંગે હૈયા વરાળ ઠાલવી હતી. તેમણે જો તેમને વધુ દબાવવામાં આવશે તો જાહેરમાં આત્મવિલોપન કરવા અને તે પહેલાં 'કંઈકના રાજ ખોલવા' સુધીની ચીમકી ઉચ્ચારતા ભાજપમાં ભારે હડકંપ મચી ગયો છે. ભાજપના પ્રભારી રત્નાકરજી ભાવનગર આવી રહ્યા છે તેવા સમયે જ આ ભડકો થયો છે.

મેયર ભરતભાઈ બારડે શહેર ભાજપના વોટ્સએપ ગ્રૂપમાં જણાવ્યું હતું કે તેઓ ૧૯૭૮થી જનસંઘમાં જોડાયા હતા અને થાંભલે થાંભલે ઝંડીઓ બાંધવાથી લઈને ભાજપના કાર્યકર તરીકે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમને મેયર પદ કોઈની લાગવગથી નહીં, પરંતુ તેમની નિષ્ઠા અને કામગીરીના કારણે મળ્યું છે. તદુપરાંત, તેમણે અમુક લોકો દ્વારા તેમને નિશાન બનાવવામાં આવતા હોવાની અને એક સિનિયર કાર્યકર્તા સાથે અલગ પ્રકારનો વ્યવહાર થતો હોવાની પણ ફરિયાદ કરી હતી.

ભાવનગર ભાજપમાં સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે લાંબા સમયથી વિખવાદ ચાલી રહ્યો છે. ભૂતપૂર્વ પ્રમુખ અભય ચૌહાણ મેયર ભરતભાઈની નજીક હોવાથી તેમને કોઈ ગણતરીમાં લેવાતા ન હોવાનું પણ કહેવાય છે.

પ્રાથમિક માહિતી અનુસાર, લારી-ગલ્લા વિભાગમાં એક કર્મચારી ભ્રષ્ટાચાર કરી લોકોને કનડતો હોવાથી મેયરે તેની સામે ફરિયાદ કરતા આ વિવાદ વધુ વકર્યો હોવાનું મનાય છે. મેયર સામાન્ય પરિવારમાંથી આવતા હોવાથી લારી-ગલ્લા બાબતે ભ્રષ્ટાચાર ન થાય તેવો મત ધરાવે છે. ભાજપના પ્રભારી રત્નાકરજી ભાવનગર આવી રહ્યા છે અને તેમની સમક્ષ મેયર ફરિયાદ કરવાના હતા. તેમને આ ફરિયાદ કરતા રોકવા માટે દબાણ થતા મેયરે આવેશમાં આવીને ભાજપના સોશ્યલ મીડિયા ગ્રૂપમાં આ પોસ્ટ મૂકી હતી, જોકે પાછળથી તે ડિલીટ કરી દેવામાં આવી હતી. આ ઘટનાએ ભાવનગર ભાજપમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણને ખુલ્લી પાડી છે. ■

# જાફરાબાદના કાગવદરમાં બે સિંહબાળના ભેદી મોતથી વનવિભાગમાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના ગીર પંથકના સિંહો પર રહસ્યમયી રોગચાળાનું સંકટ તોળાઈ રહ્યું છે. જાફરાબાદ રેંજના કાગવદર ગામમાં બે સિંહબાળના અચાનક મોત થતા વનવિભાગમાં હડકંપ મચી ગયો છે. આ ઘટનાને કારણે સિંહ પ્રેમીઓમાં પણ ચિંતા વ્યાપી ગઈ છે. અચાનક બે સિંહબાળ અગમ્ય કારણોથી મોતને ભેટતા વન વિભાગે આ વિસ્તારમાં રહેલી ૨ સિંહણ અને તેની સાથે જોવા મળતા નવ સિંહબાળને પાંજરે પૂરીને મોતનું કારણ ચકાસવા કામગીરી શરૂ કરી છે. વનવિભાગ દ્વારા સિંહોના મોટા પાયે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

સિંહ બાળના મોત કઈ રીતે થયા તે મામલે શેત્રુંજી ડિવિઝન વનવિભાગના અધિકારીઓ પણ તપાસ કરી રહ્યા છે. હાલ સમગ્ર મામલામાં મોતનું સાચું કારણ બહાર આવ્યું નથી. વનવિભાગને શંકા છે કે, આ સિંહબાળમાં કોઈ ભેદી રોગચાળો ફેલાયો હોઈ શકે છે. મૃત્યુ પામેલા સિંહબાળના સેમ્પલ લેવામાં આવ્યા છે અને તેની તપાસ એનિમલ ડોક્ટરની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે. આ બનાવ પાલિતાણા શેત્રુંજી ડિવિઝનની જાફરાબાદ રેન્જમાં બન્યો છે, જ્યાં વનવિભાગની ટીમ યુદ્ધના ધોરણે કાર્યરત થઈ ગઈ છે. ઉદ્યોગો અને માઇન્સ વિસ્તારમાં વસવાટ કરતા સિંહોના સ્કેનિંગની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે, જેથી અન્ય સિંહોમાં આ રોગ ન ફેલાય તેની ખાતરી કરી શકાય.

વન્યપ્રેમીઓએ આ ઘટનાને અત્યંત આઘાતજનક ગણાવી છે. ગત ગણતરી મુજબ અમરેલી જિલ્લામાં સિંહોની સૌથી વધુ વસ્તી નોંધાઈ હતી, ખાસ કરીને રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં સિંહોની મોટી સંખ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૭માં ધારીના દલખાણીયા રેન્જમાં સીડીવી વાઇરસથી ૩૨ કરતા વધારે સિંહોના મોત થતા આખી દલખાણિયા રેન્જમાં એક પણ સિંહ હયાત જોવા મળતો ન હતો. હાલમાં રાજુલા-જાફરાબાદ વિસ્તારના સિંહો પર પ્રાથમિક તપાસ કેન્દ્રિત કરવામાં આવી છે, અને અન્ય સિંહોને પણ સ્કેન કરવામાં આવશે.

વનવિભાગે બે સિંહબાળના મૃત્યુની પુષ્ટિ કરી છે. મૃત સિંહબાળના સેમ્પલ લેવાયા છે જેથી રોગ કયો છે તે શોધી શકાય. બાકીના સાત સિંહબાળની હાલત નાજુક હોવાથી તેમને સ્વસ્થ રાખવા માટેની તજવીજ શરૂ કરાઈ છે. આ મામલે સરકાર પણ વિશેષ ધ્યાન આપે તે જરૂરી છે, કારણ કે જો રોગચાળાને રોકવામાં નહિ આવે તો અન્ય સિંહબાળ કે સિંહ-સિંહણને પણ સંક્રમણ લાગી શકે છે. ડીસીએફની ટીમ અને તમામ ડોકટરો સ્થળ પર હાજર રહીને યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યા છે.

સૌથી ચિંતાજનક બાબત એ છે કે, રાજુલા, ખાંભા અને સાવરકુંડલા વિસ્તારમાં સિંહબાળની સાથે પુખ્ત અને પાઠડા સિંહો મળીને કુલ ૧૨ જેટલા સિંહના મોત ગત એકથી દોઢ મહિનામાં થયા છે. ■

# ગુજરાતમાં સૌપ્રથમવાર વેચાણ દસ્તાવેજોની આવકવેરા વિભાગ દ્વારા ચકાસણી

## રાજકોટથી પ્રારંભ, બિલ્ડર લોબીમાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આવકવેરા વિભાગે પ્રથમ વખત ૩૦ લાખથી વધુ કિંમતના વેચાણ દસ્તાવેજોની ચકાસણી શરૂ કરી છે. આ ઐતિહાસિક કાર્યવાહીનો પ્રારંભ રાજકોટથી કરવામાં આવ્યો હતો. જેનાથી રાજ્યભરના સરકારી અધિકારીઓ અને બિલ્ડર લોબીમાં ખળભળાટ મચી ગયો હતો.

મળતી વિગત પ્રમાણે, બુધવારે સાંજે અમદાવાદ અને ગાંધીનગરથી આવેલી આવકવેરા વિભાગના અધિકારીઓની ટીમે રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ પર આવેલી ડીએચ કોલેજ મેદાન સ્થિત સબ-રજિસ્ટ્રાર કચેરી ઝોન-૫ ખાતે ધામા નાખ્યા હતા. આ સર્વે કામગીરી મોડી રાત્રિ સુધી ચાલી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાંજથી શરૂ થયેલ આ સર્વે કામગીરી અંતર્ગત રાજકોટ ઝોન-૫માં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન થયેલા વેચાણ દસ્તાવેજોની ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવી રહી છે. પ્રોપર્ટી અંગે પૂરતી વિગતો દર્શાવતો રિપોર્ટ ન કરવામાં આવતો હોવાની ફરિયાદો મળ્યા બાદ આવકવેરા વિભાગના આઈએનસીઆઈ દ્વારા આ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ■

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાબરમતી રિવરફ્રન્ટ પર પ્રથમ વખત ગરબા યોજશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ગરબા પ્રેમીઓ માટે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સૌ પ્રથમ વખત નવરાત્રિનું આયોજન કરવામાં આવશે. ૨૬થી ૨૮ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ સુધી ગરબા રિવરફ્રન્ટ પર આવેલા ઇવેન્ટ સેન્ટર ખાતે યોજાશે. રંગતાલી રિવરફ્રન્ટ નામથી યોજાનારા ત્રણ દિવસીય ગરબાનું આયોજન કરવા માટે રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા જાહેરાત બહાર પાડવામાં આવી છે.

સૌપ્રથમ વખત યોજાનારા ગરબા થીમ બેઝ હશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી દિવસોમાં ટિકિટના દર અને ફૂડ સ્ટોલ વગેરે માટેના દરની જાહેરાત કરવામાં આવશે. ટિકિટ માત્ર ઓનલાઈન જ મળે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ ગરબાનું સંચાલન એક અનુભવી ઇવેન્ટ મેનેજમેન્ટ કંપનીને સોંપવામાં આવશે, જે ખેલૈયાઓને વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડશે. નવરાત્રિમાં ગરબા રમવા આવતા ખેલૈયાઓની સુવિધાને પ્રાધાન્ય અપાશે. આયોજકો દ્વારા પાર્કિંગ, સિક્યુરિટી અને વિવિધ પ્રકારની ખાણીપીણી સહિતની તમામ જરૂરી સુવિધાઓ ઇવેન્ટ સેન્ટર ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ગરબા મહોત્સવમાં ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો તેમના સૂર અને તાલે ખેલૈયાઓને ગરબે ઘૂમવા મજબૂર કરશે. રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા આ ગરબા ઇવેન્ટનું આયોજન કરવા માટે રસ ધરાવતી ઇવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ પાસેથી કેટલીક શરતો રાખવામાં આવી છે. જેમાં ખરી ઊતરનારી ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવશે. ■

# વલસાડ હાઈવે પર ખાડા મામલે ભાજપના જ નેતાઓએ ખાડામાં બેસીને વિરોધ નોંધાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લા પંચાયતના ભાજપના પ્રમુખ અને કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખે નેશનલ હાઇવે નં.૮૪૮ પરના અસંખ્ય ખાડાઓથી ત્રસ્ત બની ખાડાઓ વચ્ચે બેસીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ સાથે કલેક્ટરની ૧૦ દિવસમાં ખાડાઓ પૂરવાની કહેવાતી સૂચનાની પોલ ખૂલી ગઈ છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે વલસાડના કલેક્ટર અને સાંસદનું હાઇવે ઓથોરિટી સામે કંઇ ઉપજતું નથી.

વલસાડ જિલ્લામાંથી પસાર થતાં ત્રણેય હાઈવેના રસ્તાઓ પર એટલાં બધાં ખાડાઓ પડી ગયાં છે કે લોકો સોશિયલ મીડિયામાં ખાડાઓની જગ્યાએ રસ્તો ક્યાં છે તે શોધવાનું જણાવી ભાજપી સાંસદ, ધારાસભ્યો અને નેતાઓની ઠેકડી ઉડાવી રહ્યા છે. દરમિયાન વલસાડ જિલ્લા પંચાયતના ભાજપના પ્રમુખ મનહરભાઈ પટેલ કપરાડા ગયા હતા પણ રસ્તામાં એટલા બધા મોટા ખાડાઓ હતા કે તેમાંથી મોટી ગાડીને પણ પસાર થવામાં તકલીફ પડી હતી. કપરાડા ખાતે હાજર તાલુકા પંચાયત પ્રમુખ હીરાબેન મહાલા અને ભાજપી કાર્યકરોએ રસ્તા બાબતે પોતાનો રોષ ઠાલવ્યો હતો. જેથી જિ.પં.પ્રમુખ મનહરભાઈ પટેલે મોટા ઉપાડે હાઇવે ઓથોરિટીના મહિલા ઓએસને ફોન લગાવ્યો હતો પરંતુ સામેથી એકદમ ઉડાઉ જવાબ મળતાં તેમનો પિત્તો ગયો હતો અને ઉપસ્થિત તમામ ભાજપ કાર્યકરો સાથે હાઈવે ઉપર રસ્તા વચ્ચે ખાડાઓમાં જ બેસી જઈ વિરોધ નોંધાવ્યો હતો. અગાઉ કલેક્ટર ભવ્ય વર્માએ હાઇવે ઓથોરિટીને નોટિસ આપી ૧૦ દિવસમાં હાઈવેના તમામ રસ્તાનાં ખાડાઓ પૂરવાની સૂચના આપી હતી. હવે ૧૦ના બમણા દિવસો થવા છતાં રસ્તાઓની હાલત પહેલાં કરતાં વધારે બદતર થઇ છે ત્યારે હવે ભાજપના જ જિ.પં.ના પ્રમુખ અને કપરાડા તા.પં.ના પ્રમુખે સાંસદ ધવલ પટેલ અને ધારાસભ્ય જીતુ ચૌધરીની નિષ્ફળતા સ્વીકારી તેમની જ ભાજપ સરકાર સામે હાઈવે પર ખાડાઓ વચ્ચે બેસીને વિરોધ પ્રદર્શન કરતાં ભાજપ સરકારની એક વધુ નિષ્ફળતા બહાર આવી છે. ■

# પિચ ક્યૂરેટરની બદમાશીઃ ભારતીય ખેલાડીઓને પિચ પરથી હટાવાયા, પણ રૂટ-પૉપને મૉક પ્રૅક્ટિસ કરવા દીધી!

લંડનઃ અહીંના ધ ઓવલ મેદાન પરના પિચ ક્યૂરેટર લી ફૉર્ટિસે મંગળવારે પિચની સમીક્ષા કરવા આવેલા ભારતીય ટીમના હેડ-કોચ ગૌતમ ગંભીર અને તેના કોચિંગ-સ્ટાફને પિચ તથા એની આસપાસના કુલ ૨.૫ મીટર વિસ્તારની બહાર ઊભા રહેવા કહીને તેમનું અપમાન કર્યું એ વિવાદ વધી રહ્યો છે, કારણકે એક તરફ ભારત સાથે ગ્રાઉન્ડ્સમેનના ચીફે મંગળવારે ભેદભાવ રાખ્યો હતો અને બીજી તરફ બુધવારે જૉ રૂટ તથા કાર્યવાહક સુકાની ઑલી પૉપ એ જ મુખ્ય પિચ પર ઊભેલા જોવા મળ્યા હતા અને તેમણે પિચ પર મૉક બૅટિંગ-પ્રૅક્ટિસ પણ કરી હતી. બન્ને બ્રિટિશ બૅટ્સમેને પિચ પર જ બૅટિંગની સ્ટાઇલમાં પિચ વિશેનો અંદાજ લઈ લીધો હતો.

મંગળવારે ભારતીય કોચિંગ સ્ટાફના મેમ્બર્સે સ્પાઇક નહોતા પહેર્યાં અને રબરના શૂઝ પહેર્યાં હતા તો પણ તેમને પિચની આસપાસ પણ આવવાની મનાઈ કરાઈ હતી. ચીફ ક્યૂરેટર ફૉર્ટિસે પિચ પર આવવાની ના પાડી એટલે હેડ-કોચ ગૌતમ ગંભીર તેના પર ગુસ્સે થયો હતો અને તેના તરફ આંગળી બતાવીને તેને કહ્યું હતું, ' તમે અમને ન કહો કે અમારે શું કરવાનું અને શું નહીં. અમને ના પાડવાનો તમને કોઈ જ અધિકાર નથી. તમે માત્ર એક ગ્રાઉન્ડ્સમૅન છો.'





બે વર્ષ પહેલાં ઑસ્ટ્રેલિયા સામેની ઍશિઝ ટેસ્ટ સિરીઝ વખતે એક મૅચના ૪૮ કલાક પહેલાં લંડનના આ જ (ઓવલ) મેદાન પર ઇંગ્લૅન્ડના કોચ બ્રેન્ડન મૅક્લમ અને આ જ પિચ ક્યૂરેટર લી ફૉર્ટિસે ઘણી વાર સુધી પિચની આસપાસ નહીં, પણ પિચ પર ઊભા રહીને વાતો કરી હતી અને એનો ફોટો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો છે. એ જ ક્યૂરેટરે ગંભીર ઍન્ડ કંપની સાથે ભેદભાવ રાખ્યો એ બદલ ક્યૂરેટરની ખૂબ ટીકા થઈ રહી છે.

### ગંભીરના થયેલા અપમાન વિશે કૅપ્ટન ગિલે શું કહ્યું?

કૅપ્ટન શુભમન ગિલને પત્રકારો દ્વારા ગંભીરની મંગળવારની ઘટના વિશે પૂછવામાં આવતાં તેણે કહ્યું, 'કોચને પિચનું અવલોકન કરવાનો પૂરો અધિકાર છે. પિચ ક્યૂરેટર કેમ અમને મનાઈ કરતા હતા એ જ નથી સમજાતું. અમે બે મહિનાથી ઇંગ્લૅન્ડમાં છીએ અને અગાઉના મેદાનો પરની પિચની સમીક્ષા અમે કરી હતી. અહીં ઓવલમાં જે કંઈ થયું એ અગાઉ અમે ક્યારેય નહોતું અનુભવ્યું. (પિચ ક્યૂરેટરે) અમારી સાથે એવું વર્તન કરવાની કોઈ જ જરૂર નહોતી. અમારા કોચિંગ સ્ટાફે રબર સ્પાઇક પહેર્યાં હતા. આવા સ્પાઇક પહેર્યાં હોય કે ઉઘાડા પગે આવ્યા હોય તો મનાઈ કરવાનો પિચ ક્યૂરેટરને કોઈ હક નથી. પિચનું અવલોકન કરવાનો કોચ અને કૅપ્ટને હક હોય છે.

ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર પાર્થિવ પટેલે દિલ્હીમાં એક ઇવેન્ટ વખતે પીટીઆઇને જણાવ્યું હતું કે ' ગૌતમ ગંભીરને પિચનું અવલોકન કરવાનો પૂરો અધિકાર હતો. તેની સાથે પિચ ક્યૂરેટરનું વર્તન તદ્દન અશોભનીય કહેવાય. પિચની સમીક્ષા હેડ કોચ અને તેમના સ્ટાફ ન કરે તો બીજું કોણ કરે?' ■

# ઓવલમાં ફતેહ કરો, કરોડોનાં દિલ જીતો

## આજથી છેલ્લી ટેસ્ટઃ ગિલ ઍન્ડ કંપનીએ બ્રિટિશરોનો છેલ્લો ગઢ જીતીને લાજ રાખવાની છેઃ બપોરે 3.30 વાગ્યાથી મુકાબલો



વર્તમાન સિરીઝમાં હાઇએસ્ટ ૭૨૨ રન ઇન્ફૉર્મ બૅટ્સમૅન તથા કૅપ્ટન શુભમન ગિલના નામે છે

લંડનઃ અહીં ધ ઓવલ ગ્રાઉન્ડ પર આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચમી અને અંતિમ ટેસ્ટ શરૂ થશે જે જીતીને ભારતીય ટીમે સિરીઝને ૨-૨થી ડ્રૉ કરાવીને ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીને બરાબરી સાથે પૂરી કરવાની છે અને એની સૌથી વધુ જવાબદારી સિરીઝમાં હાઇએસ્ટ ૭૨૨ રન કરનાર ઇન્ફૉર્મ બૅટ્સમૅન તથા કૅપ્ટન શુભમન ગિલ તેમ જ કે. એલ. રાહુલ, વૉશિંગ્ટન સુંદર, રવીન્દ્ર જાડેજા વગેરેની છે. સિરીઝમાં એજબૅસ્ટનની બીજી ટેસ્ટ ભારતે જીતી હતી અને ઑલ્ડ ટ્રેફર્ડમાં જાડેજા-વૉશિંગ્ટનની જોડીએ શાનદાર બૅટિંગથી આબરૂ સાચવી હતી એને લીધે જ શ્રેણી ૧-૨થી હજી જીવંત રહી છે. જસપ્રીત બુમરાહ વર્કલૉડને કારણે આ ટેસ્ટમાં નથી રમવાનો.

પિચ ક્યૂરેટરના ગેરવર્તનને કારણે વિવાદના વમળમાં આવી ગયેલી ઓવલની પિચ પર બુધવારે સાંજે થોડું લીલું ઘાસ હતું, પણ ૨૪ કલાકમાં પિચમાં ફેરફાર થઈ શકે એવી શક્યતા પણ હતી. આજે વરસાદ પડવાની સંભાવના છે.

ઓવલનું મેદાન બ્રિટિશરોનો ગઢ છે. અહીં ભારત ૧૫માંથી માત્ર બે ટેસ્ટ (૧૯૭૧માં અને ૨૦૨૧માં) જીત્યું છે. ૨૦૨૩માં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ઑસ્ટ્રેલિયા સામેની ફાઇનલમાં પણ ભારત આ જ મેદાન પર હાર્યું હતું. જોકે આજે શરૂ થતી ટેસ્ટ જીતીને ટીમ ઇન્ડિયાએ ભૂતકાળના કલંકો દૂર કરવા પડશે.

બ્રિટિશ ટીમમાં જેકબ બેથલ, ગસ ઍટકિન્સન, જોશ ટન્ગ અને જૅમી ઑવર્ટનના સમાવેશ કરવામાં આવ્યા છે. ■

# બેન સ્ટૉક્સ આજે નહીં રમે, ઑલી પૉપ કૅપ્ટન

ઇંગ્લૅન્ડનો કૅપ્ટન-ઑલરાઉન્ડર બેન સ્ટૉક્સ આજે ભારત સામે ઓવલમાં શરૂ થનારી પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં નહીં રમે. સ્ટૉક્સને ખભામાં ખૂબ દુખાવો (ગ્રેડ થ્રી ટીઅર્સ) છે. તેના સ્થાને બૅટ્સમૅન ઑલી પૉપ ટીમનું સુકાન સંભાળશે. સ્ટૉક્સની ગેરહાજરીની બ્રિટિશ ટીમને ખૂબ ખોટ વર્તાશે, કારણકે તે આ સિરીઝનો સૌથી સફળ બોલર છે. ભારતે આ સ્થિતિનો ફાયદો ઉઠાવવો રહ્યો. બન્ને ટીમના તમામ બોલર્સમાં સૌથી વધુ ૧૭ વિકેટ સ્ટૉક્સના નામે છે. યોગાનુયોગ, ભારત વતી સિરાજની જેમ સૌથી વધુ ૧૪ વિકેટ લેનાર બુમરાહે પણ આજે શરૂ થતી ટેસ્ટમાં નથી રમવાનો. ■

# બુમરાહ આજે કેમ નથી રમવાનો?

લંડનઃ અહીં ઓવલના ગ્રાઉન્ડ પર આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે છેલ્લી ટેસ્ટ મૅચનો ખરાખરીનો ખેલ શરૂ થશે. જોકે આ નિર્ણાયક મુકાબલા માટેનું ભારતનું બોલિંગ-આક્રમણ અત્યારથી જ નબળું થઈ ગયું છે, કારણકે જસપ્રીત બુમરાહ આ મૅચમાં નહીં રમે. ક્રિકેટને લગતી એક જાણીતી વેબસાઈટના અહેવાલ મુજબ બીસીસીઆઈની મેડિકલ ટીમે બુમરાહને હવે પછી થોડા દિવસ સખત આરામ કરવાની સલાહ આપી છે. ક્રિકેટ બોર્ડના આ તબીબી સ્ટાફનું એવું કહેવું છે કે બુમરાહને પીઠમાં દુઃખાવો વધી ન જાય અને તે કરીઅર લંબાવી શકે એ હેતુથી તેને સંપૂર્ણ આરામ કરવાની અમે સલાહ આપી છે.

મેડિકલ ટીમનો આ નિર્ણય આશ્ચર્ય અપાવનારો નથી, કારણકે બુમરાહે આ સિરીઝની પહેલાં જ જાહેર કરી દીધું હતું કે તે ઇંગ્લૅન્ડમાં તમામ પાંચ ટેસ્ટ મૅચ નહીં રમે.





બુમરાહ આજે નહીં રમે. તેના સ્થાને અર્શદીપ (જમણે)નું નામ બોલાતું હતું.

### અર્શદીપનું ડેબ્યૂ અથવા આકાશનું કમબૅક

બુમરાહના સ્થાને છેલ્લી અત્યંત મહત્ત્વની ટેસ્ટમાં લેફ્ટ-હૅન્ડ પેસ બોલર અર્શદીપ સિંહને છેલ્લી ટેસ્ટમાં ટેસ્ટ-કરીઅર શરૂ કરવાનો મોકો મળી શકે. તે હવે ઇજામુક્ત છે. ૨૬ વર્ષના અર્શદીપે ભારત વતી વન-ડે અને ટી-૨૦માં કુલ ૭૨ મૅચમાં ૧૧૩ વિકેટ લીધી છે. ટી-૨૦ ઇન્ટરનેશનલમાં તેની ૯૯ વિકેટ તમામ ભારતીય બોલર્સમાં હાઈએસ્ટ છે. જોકે બુમરાહની ગેરહાજરીમાં પેસ બોલર આકાશ દીપને પણ રમવાની તક મળે તો નવાઈ નહીં. આકાશને સિરીઝમાં કમબૅક કરવાની તક છે.

### ભારત શ્રેણી નહીં જીતી શકે

ઇંગ્લૅન્ડ પાંચ મૅચની આ સિરીઝમાં ૨-૧થી આગળ છે. હવે એકમાત્ર ટેસ્ટ બાકી છે. ભારત શ્રેણી જીતી તો નહીં શકે, પરંતુ છેલ્લી ટેસ્ટમાં વિજય મેળવીને શ્રેણી ૨-૨થી ડ્રૉ કરાવી શકે. આ સિરીઝ ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી માટે રમાઈ રહી છે.



**ગિલ, તું કોને આંખ મારે છે?:** કૅપ્ટન ગિલ ગઈ કાલે પત્રકાર પરિષદમાં બહુ સારા મૂડમાં હતો.

### બીજી ટેસ્ટમાં બુમરાહ વિના પણ ભારત જીતેલું

સિરીઝની પ્રથમ ટેસ્ટમાં બુમરાહ રમ્યો હતો. બીજી ટેસ્ટમાંથી તેણે આરામ લીધો હતો. એ બીજી ટેસ્ટમાં ભારતે બુમરાહ વિના પણ ટેસ્ટ મૅચ જીતી લીધી હતી. શુભમન ગિલની ડબલ સેન્ચુરી (૨૬૯ રન) અને સેન્ચુરી (૧૬૧ રન)વાળી એ ટેસ્ટમાં આકાશ દીપે કુલ ૧૦ વિકેટ અને મોહમ્મદ સિરાજે કુલ સાત વિકેટ લીધી હતી. બુમરાહ સિરીઝની ત્રીજી અને ચોથી ટેસ્ટમાં રમ્યો હતો પણ હવે નિર્ણાયક ટેસ્ટમાં નહીં રમે. આ સિરીઝમાં બુમરાહ અને સિરાજ ૧૪-૧૪ વિકેટ સાથે ભારતીય બોલર્સમાં અગ્રેસર છે.

### બુમરાહના નામે બે અણગમતા વિક્રમ બન્યા

મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટ માટેની પિચ સ્લો હતી તેમ જ બૅટિંગ માટે માફક આવે એવી સપાટ હતી. એવી પિચ પર બુમરાહે પ્રથમ દાવમાં ૩૩ ઓવર બોલિંગ કરી હતી જેમાં તેને ૧૧૨ રનમાં બે વિકેટ મળી હતી. ટેસ્ટમાં કોઈ એક દાવમાં બુમરાહે પહેલી જ વખત ૩૩ ઓવર બોલિંગ કરી. એટલું જ નહીં, એક દાવમાં તેની બોલિંગમાં ૧૦૦ કે ૧૦૦થી વધુ રન બન્યા હોય એવું પણ તેની કારકિર્દીમાં પહેલી જ વખત બન્યું.

### હાઈ કમિશનરને બૅટની ભેટ

દરમ્યાન, ભારતીય ટીમના ખેલાડીઓને બે દિવસ પહેલાં લંડનમાં ભારતીય હાઈ કમિશનની ઓફિસમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા જ્યાં ખેલાડીઓએ હાઈ કમિશનર વિક્રમ દોરાઈસ્વામીને તેમ જ ડેપ્યુટી હાઈ કમિશનર સુજિત ઘોષને મીટિંગ દરમ્યાન ઑટોગ્રાફવાળા બૅટ ભેટ આપ્યા હતા.

### બન્ને દેશની ટીમઃ

ભારત (સંભવિત ઇલેવન): શુભમન ગિલ (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, કે. એલ. રાહુલ, સાઇ સુદર્શન, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ/કુલદીપ યાદવ/શાર્દુલ ઠાકુર, આકાશ દીપ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

ઇંગ્લૅન્ડની ઇલેવનઃ ઑલી પૉપ (કૅપ્ટન), ઝૅક ક્રૉવ્લી, બેન ડકેટ, જૉ રૂટ, હૅરી બ્રૂક, જૅકબ બેથેલ, જૅમી સ્મિથ (વિકેટકીપર), ક્રિસ વૉક્સ, ગસ ઍટકિન્સન, જૅમી ઑવર્ટન અને જૉશ ટન્ગ. ■

# ભારતે ફરી રમવાની ના પાડીને પાકિસ્તાનનું નાક કાપ્યું

## ▶ સેમિમાં પાકિસ્તાનીઓનો બહિષ્કાર, લેજન્ડ્સની વિશ્વસ્પર્ધામાં ઈન્ડિયા ચૅમ્પિયન્સની સફર હવે પૂરીઃ બીજી સેમિમાં ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ સાઉથ આફ્રિકા





બર્મિંગમઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)માં ગુરુવાર, ૩૧મી જુલાઈએ એજબૅસ્ટનમાં સેમિ ફાઇનલ રમાવાની હતી, પરંતુ ભારતીય ખેલાડીઓએ લીગ મૅચ બાદ હવે સેમિ ફાઇનલમાં પણ પાકિસ્તાન સામે રમવાની ચોખ્ખી ના પાડી દીધી એટલે આ સ્પર્ધામાં ભારતીય ટીમની સફર પૂરી થઈ છે, પાકિસ્તાનના પેટમાં તેલ પણ રેડાયું છે.

ગયા અઠવાડિયે લીગ સ્ટેજની મૅચમાં ભારતે પાકિસ્તાન સામે રમવાની ના પાડી દીધી હતી ત્યારે જ શંકા હતી કે જો આ જ બે દેશ સેમિ ફાઇનલમાં કે ફાઇનલમાં સામસામે આવશે તો શું? જોકે આયોજકો ત્યારે કોઈ નિર્ણય પર નહોતા આવી શક્યા, પરંતુ બુધવારે આ લીગ ટૂર્નામેન્ટના મુખ્ય સ્પૉન્સર ઇઝમાયટ્રિપે ભારત-પાકિસ્તાન મૅચને સપોર્ટ આપવાની ના પાડી દીધી અને ભારતીય ખેલાડીઓએ પણ રમવાનો સત્તાવાર રીતે ઇનકાર કર્યો છે. એક અહેવાલ મુજબ પાકિસ્તાનની ટીમને સીધો ફાઇનલમાં પ્રવેશ મળ્યો છે.

### પાકિસ્તાન સીધું ફાઇનલમાં

ભારતે બહિષ્કાર કર્યો એને પગલે પાકિસ્તાનની ટીમને સીધા ફાઇનલમાં પ્રવેશ મળ્યો છે. બીજી સેમિ ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન્સ અને સાઉથ આફ્રિકા ચૅમ્પિયન્સ પહોંચ્યા છે અને તેમની સેમિ ફાઇનલ ગુરુવાર, ૩૧મીએ (રાત્રે ૯.૦૦ વાગ્યાથી) રમાશે.

ભારત-પાકિસ્તાનના પીઢ ખેલાડીઓ તો એકમેક સામે રમતા ન જોવા મળ્યા, પરંતુ આગામી ૧૪મી સપ્ટેમ્બરે એશિયા કપમાં બન્ને દેશની ટી-૨૦ ટીમ વચ્ચે યુએઇમાં સત્તાવાર રીતે મુકાબલો થવાનો છે.

### પાકિસ્તાનને કેવી રીતે ભારત સામે આવવા મળ્યું?

શોએબ મલિકના નેતૃત્વમાં પાકિસ્તાને પોતાની અંતિમ લીગ મૅચમાં સઈદ અજમલની છ વિકેટની મદદથી બ્રેટ લીના સુકાનમાં રમતી ઑસ્ટ્રેલિયાની ટીમને ૭૪ રનમાં ઑલઆઉટ કરી દીધું હતું અને પછી વિના વિકેટે ૭૫ રન કરી લીધા હતા. એ જીત સાથે પાકિસ્તાન સેમિમાં પહોંચ્યું હતું, પરંતુ સેમિમાં ભારતે પાકિસ્તાનનો બહિષ્કાર કર્યો છે.

### ખેલકૂદ કરતાં દેશ ભાવના વધુ મહત્ત્વની

ડબ્લ્યૂસીએલમાં ભારતીય ટીમ ઇન્ડિયા ચૅમ્પિયન્સ તરીકે ઓળખાય છે અને એમાં કૅપ્ટન યુવરાજ સિંહ, શિખર ધવન, ઇરફાન પઠાણ, હરભજન સિંહ, સુરેશ રૈના, રૉબિન ઉથપ્પા વગેરેનો સમાવેશ છે. સ્પૉન્સર કંપનીએ પાકિસ્તાન સામે ન રમવાના ભારતીય ટીમના નિર્ણયને ટેકો આપ્યો હતો અને પાકિસ્તાનના આતંકવાદને વખોડવાની સાથે સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું કે ' ક્યારેક કોઈક બાબત ખેલકૂદ કરતાં પણ પર હોય છે. અમારું હંમેશાં વલણ રહ્યું છે કે દેશ પહેલાં અને બિઝનેસ પછી.'

તાજેતરમાં કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓએ સહેલાણીઓ પર ઘાતક હુમલો કર્યો એના જવાબમાં ભારતે મે મહિનામાં પાકિસ્તાન પર હવાઈ હુમલા કર્યા હતા અને ત્યાંનાં આતંકવાદી સ્થાનો તેમ જ હવાઈ દળનાં મથકો નેસ્તનાબૂદ કરી દીધા હતા.

### પોલાર્ડની ફટકાબાજી પાણીમાં, ભારતનો વિજય

મંગળવારે ઇન્ડિયા ચૅમ્પિયન્સ ટીમે વેસ્ટ ઇન્ડિઝની ટીમ સામેની અંતિમ લીગ મૅચમાં ફક્ત ૧૩.૨ ઓવરમાં ૧૪૫ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો અને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી, પરંતુ સેમિમાં સામે પાકિસ્તાન આવતાં ભારતે એની સામે રમવાની ના પાડી છે.

ઇન્ડિયા ચૅમ્પિયન્સે બૅટિંગ આપ્યા પછી વેસ્ટ ઇન્ડિઝ ચૅમ્પિયન્સે કીરૉન પોલાર્ડ (૭૪ અણનમ, ૪૩ બૉલ, આઠ સિક્સર, ત્રણ ફોર)ની આતશબાજીની મદદથી નવ વિકેટે ૧૪૪ રન કર્યા હતા. પાંચ બૅટ્સમેનના સિંગલ ડિજિટમાં રન હતા અને ત્રણ બૅટ્સમેનના ઝીરો હતા. ભારત વતી પીયૂષ ચાવલાએ ત્રણ તેમ જ વરુણ આરૉન તથા સ્ટુઅર્ટ બિન્નીએ બે-બે અને પવન નેગીએ એક વિકેટ લીધી હતી. એક તબક્કે ૪૩ રનમાં કૅરિબિયનોની પાંચ વિકેટ પડી ચૂકી હતી.

ભારતીય ટીમે સાધારણ શરૂઆત કર્યા બાદ ૧૩.૨ ઓવરમાં પાંચ વિકેટે ૧૪૮ રન કરીને વિજય મેળવી લીધો હતો. સ્ટુઅર્ટ બિન્ની (૫૦ અણનમ, ૨૧ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર)ની જ ટીમમાં હાફ સેન્ચુરી હતી, પરંતુ બીજા ત્રણ પ્લેયર શિખર ધવન (૧૮ બૉલમાં પચીસ રન), યુવરાજ સિંહ (૧૧ બૉલમાં ૨૧ રન) અને યુસુફ પઠાણ (સાત બૉલમાં ૨૧ અણનમ)ના સાધારણ, પરંતુ આક્રમણ યોગદાનોથી ૧૪મી ઓવરમાં જ વિજય મેળવી લીધો હતો. બિન્નીને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■

# જાડેજા બાપુ ફરી નંબર-વન

## ચોથી ટેસ્ટની સેન્ચુરીથી ઑલરાઉન્ડર્સના રૅન્કિંગમાં થયો મોટો ફાયદો, અભિષેક ટી-૨૦ના બૅટ્સમેનોમાં મોખરે

દુબઈઃ ટેસ્ટમાં ભારતના હાલના નંબર-વન ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડમાં ફટકારેલી અણનમ સદી ખૂબ ફળી છે. આઇસીસીની ટેસ્ટ ઑલરાઉન્ડર્સની યાદીમાં જાડેજા ફરી એકવાર નંબર-વન થઈ ગયો છે. તે અગાઉ ઘણા અઠવાડિયાઓ સુધી નંબર-વનની રૅન્ક પર હતો. આક્રમક ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્મા આઇપીએલ બાદ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં પણ ચમકતો હોય છે અને તેણે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના બૅટ્સમેનોના રૅન્કિંગમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. તેણે ઑસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ પાસેથી આ અવ્વલ ક્રમ છીનવી લીધો છે.

આઇસીસીના ઑલરાઉન્ડર્સના રૅન્કિંગમાં જાડેજાના નામે ૪૨૨ પૉઇન્ટ છે અને તે હાલમાં ટેસ્ટની દુનિયાનો સર્વોત્તમ ઑલરાઉન્ડર છે. બીજા નંબરે બાંગ્લાદેશનો મેહદી હસન મિરાજ છે. જોકે જાડેજા તેનાથી ૧૧૭ પૉઇન્ટ આગળ છે. ત્રીજા નંબરે ઇંગ્લૅન્ડનો કૅપ્ટન બેન સ્ટૉક્સ છે અને તે જાડેજાથી ૧૨૧ પૉઇન્ટ પાછળ છે.

ત્રણ દિવસ પહેલાં ઑલ્ડ ટ્રેફર્ડમાં ચોથી ટેસ્ટના છેલ્લા દિવસે જાડેજાએ ૨૧૮ મિનિટ સુધી ક્રીઝમાં રહીને એક સિક્સર તથા તેર ફોરની મદદથી ૧૮૫ બૉલમાં અણનમ ૧૦૭ રન કર્યા હતા. તેની અને વૉશિંગ્ટન સુંદર (૧૦૧ અણનમ, ૨૯૮ મિનિટ, ૨૦૬ બૉલ, એક સિક્સર, નવ ફોર) વચ્ચે પાંચમી વિકેટ માટે ૨૦૩ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. ૨૨૨ રન પર શુભમન ગિલ (૧૦૩ રન, ૩૭૯ મિનિટ, ૨૩૮ બૉલ, બાર ફોર)ની પાંચમી વિકેટ પડ્યા પછી વૉશિંગ્ટન સાથે જાડેજા જોડાયો હતો અને બન્નેએ પંચાવન ઓવર સુધી ક્રીઝમાં ટકી રહીને બ્રિટિશ બોલર્સને હંફાવ્યા હતા અને ફીલ્ડર્સની પીદૂડી કાઢી હતી. બ્રિટિશ ટીમને વધુ વિકેટ ન મળી એટલે તેમણે માઇન્ડ-ગેમથી જાડેજા-વૉશિંગ્ટનને પરેશાન કરવાની શરૂઆત કરી દીધી હતી. બન્ને ભારતીય બૅટ્સમેન ૮૫ રન અને ૯૦ રને હતા ત્યારે કૅપ્ટન બેન સ્ટૉક્સે ટેસ્ટને ડ્રૉમાં લઈ જવાની ઑફર કરી હતી જે જાડેજા-વૉશિંગ્ટને નકારી હતી અને બન્ને ભારતીયો સદી ફટકાર્યા પછી જ ડ્રૉ માટે સંમત થયા હતા.

જાડેજાએ અણનમ ૧૦૭ રનની ઇનિંગ્સ બદલ રૅન્કિંગમાં ૧૩ પૉઇન્ટ મેળવ્યા હતા. ટેસ્ટના બૅટ્સમેનોમાં જાડેજા પાંચ ક્રમ ઉપર આવીને ૨૯મા સ્થાને છે અને બોલિંગમાં એક સ્થાન આગળ આવીને ૧૪મા ક્રમે છે.



### ટેસ્ટ-ક્રિકેટના ટૉપ-ફાઇવ ઑલરાઉન્ડર

(૧) રવીન્દ્ર જાડેજા (ભારત), ૪૨૨ પૉઇન્ટ
(૨) મેહદી હસન મિરાજ (બાંગ્લાદેશ), ૩૦૫ પૉઇન્ટ
(૩) બેન સ્ટૉક્સ (ઇંગ્લૅન્ડ), ૩૦૧ પૉઇન્ટ
(૪) વિઆન મુલ્ડર (સાઉથ આફ્રિકા), ૨૮૬ પૉઇન્ટ
(૫) પૅટ કમિન્સ (ઑસ્ટ્રેલિયા), ૨૭૦ પૉઇન્ટ



### ટી-૨૦ના ટૉપ-ફાઇવ બૅટ્સમેન

(૧) અભિષેક શર્મા (ભારત), ૮૨૯ પૉઇન્ટ
(૨) ટ્રૅવિસ હેડ (ઑસ્ટ્રેલિયા), ૮૧૪ પૉઇન્ટ
(૩) તિલક વર્મા (ભારત), ૮૦૪ પૉઇન્ટ
(૪) ફિલ સૉલ્ટ (ઇંગ્લૅન્ડ), ૭૯૧ પૉઇન્ટ
(૫) જૉસ બટલર (ઇંગ્લૅન્ડ), ૭૭૨ પૉઇન્ટ ■

# લાર્સનની આગેવાનીએ નવેસરની લેવાલીનો ટેકો મળતાં બજાર બીજા દિવસે વધ્યું: સેન્સેક્સમાં ૧૪૪ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લાર્સન એન્ડ ટુબ્રોની આગેવાનીએ નવેસરની લેવાલીનો ટેકો મળતાં બજારને સતત બીજા દિવસે આગળ વધવામાં સફળતા મળી હતી. બુધવારે બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સમાં ૧૪૪ પોઇન્ટનો સુધારો નોંધયો હતો, જ્યારે નિફ્ટી ૨૪,૮૫૦ની ઉપર પહોંચ્યો હતો. આ સત્રમાં સેન્સેક્સ ૧૪૩.૯૧ પોઇન્ટ અથવા ૦.૧૮ ટકા વધીને ૮૧,૪૮૧.૮૬ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેરોમીટર સાંકડી વધઘટે આગળ વધતાં ૨૮૧.૦૧ પોઇન્ટ અથવા ૦.૩૪ ટકા વધીને ૮૧,૬૧૮.૯૬ પોઇન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી ૩૩.૯૫ પોઇન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૨૪,૮૫૫.૦૫ પોઇન્ટ પર બંધ થયો હતો.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે યુએસ ટ્રેડ ડીલની અનિશ્ચિતતા અને વિદેશી ભંડોળના આઉટફ્લોને કારણે બજારની તેજી આગેકૂચ મર્યાદિત રહી હતી. એક અહેવાલ અનુસાર ટ્રમ્પે ભારત સાથેની ટ્રેડ ડીલ પર હાલ ઠંડુ પાણી ફેરવી દેતા ભારત પર વીસથી પચ્ચીસ ટકા ટેરિફ નાંખવાની વાત કરી છે, જે બજાર અને અર્થતંત્ર માટે નકારાત્મક છે.

જૂન ક્વાર્ટર દરમિયાન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેજર કંપની લાર્સન એન્ડ ટુબ્રોએ રૂ. ૩,૬૧૭.૧૯ કરોડના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૨૯.૮ ટકાનો વધારો નોંધાવ્યા બાદ, સેન્સેક્સ કંપનીઓમાં લાર્સન એન્ડ ટુબ્રોએ ૪.૮૭ ટકાનો ઉછાળો નોંધાવી ટોપ ગેઇનર બન્યો હતો. આ ઉપરાંત સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં સન ફાર્મા, ગ્ઝઝ્જી, મારુતિ, ભારતી એરટેલ, ટ્રેન્ટ અને એક્સિસ બેંકનો સમાવેશ હતો. જોકે, ટાટા મોટર્સ, પાવર ગ્રીડ, ઇટર્નલ, બજાજ ફિનસર્વ અને હિન્દુસ્તાન યુનિલિવર ટોપ લુઝર્સની યાદીમાં હતા.

પ્રાઇમરી માર્કેટમાં આ સપ્તાહે કુલ ૧૪ જાહેર ઇશ્યૂ દલાલ સ્ટ્રીટ પર આવી રહ્યાં છે, જેમાં મેઇનબોર્ડ સેગમેન્ટના પાંચ અને એસએમઇ સેગમેન્ટના નવ આઇપીઓનો સમાવેશ થાય છે. એ જ સાથે તાજેતરમાં જ આઇપીઓ લાવનારી ૧૨ કંપનીઓના શેરનું બજારમાં લિસ્ટિંગ થશે. મૂડીબજારમાં પ્રવેશનારી ઉક્ત ૧૪ કંપનીઓ રૂ. ૭,૩૦૦ કરોડથી વધુ ભંડોળ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે, જેમાં મેઇનબોર્ડ આઇપીઓ દ્વારા એકત્ર થનારા રૂ. ૭,૦૦૮ કરોડનો સમાવેશ થાય છે.

મેઇનબોર્ડમાં આદિત્ય ઇન્ફોટેક અને લક્ષ્મી ઇન્ડિયા ફાઇનાન્સ, એનએસડીએલ, શ્રી લોટસ, એમએન્ડબી એન્જિનિયરિંગ બજારમાં પ્રવેશ કરશે. એસએમઇ સેગમેન્ટમાં, નવ જાહેર ભરણાંમાં ઉમિયા મોબાઇલ, રેપોનો, કેઇટેક્સ, ટાક્યોન, મેહુલ કલર્સ, બી.ડી. ઇન્ડ., રેનોલ, કેશ યુઆર, ફ્લાઇબીસનો સમાવેશ છે.

ઇન્ડિક્વીબ સ્પેસનો શેર તેના રૂ. ૨૩૭ના ઇશ્યુ ભાવ સામે લગભગ નવ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. નોલેજ રિયલ્ટી ટ્રસ્ટનો રૂ. ૪,૮૦૦ કરોડના આઇપીઓ સાથે પાંચમી ઓગસ્ટના રોજ ખુલશે. પ્રાઈસ બેન્ડ રૂ. ૯૫થી રૂ. ૧૦૦ પ્રતિ યુનિટ છે. એંકર ઇન્વેસ્ટર બિડિંગ ચોથી ઓગસ્ટે ખુલશે. બિડ અને ઇશ્યુ સાતમી ઓગસ્ટે બંધ થશે. લઘુત્તમ બિડનું કદ ૧૫,૦૦૦ છે. એન્કર ઇન્વેસ્ટર્સ અને સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટર્સ સિવાયના બિડર્સ દ્વારા ઓછામાં ઓછા ૧૫૦ યુનિટ માટે અને ત્યારબાદ ૧૫૦ યુનિટના ગુણાંકમાં બિડ કરી શકાય છે.

જીએનજી ઇલેક્ટ્રોનિક્સના શેર ૫૦ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા છે. ઉદ્યોગસાહસિકો, કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સ, રાજકારણીઓ, રાજદ્વારીઓ, સેલિબ્રિટી અને અન્ય વીઆઈપી સહિતના ગ્રાહકોને ખાનગી એર ચાર્ટર સેવાઓ પૂરી પાડતી ડીજીસીએ દ્વારા માન્ય નોન-શેડ્યુલ્ડ એરલાઇન ઓપરેટર ફ્લાયએસબીએસ એવિએશન લિમિટેડ પહેલી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે.

આઈપીઓ સાઇઝ રૂ. ૧૦૨.૫૩ કરોડ છે અને પ્રાઇઝ બેન્ડ રૂ. ૨૧૦થી રૂ. ૨૨૫ પ્રતિ શેર છે, લોટ સાઇઝ ૬૦૦ ઇક્વિટી શેર છે. એનએસડીએલનો ઇશ્યૂ ખૂલતાવેંત પહેલા જ દિવસમાં સંપૂર્ણ ભરાઇ ગયો હતો.

આઉટડોર મીડિયા એડવર્ટાઇઝિંગ કંપની કેશ યુઆર ડ્રાઈવ માર્કેટિંગ લિમિટેડ ૩૧ જુલાઈના રોજ પ્રારંભિક જાહેર ઓફર લાવશે અને ભરણું ચોથી ઓગસ્ટે બંધ થશે. ઇશ્યૂનું કદ ૪૬,૭૬,૦૦૦ ઇક્વિટી શેર છે જેની ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે અને કિંમત બેન્ડ રૂ.૧૨૩થી રૂ. ૧૩૦ પ્રતિ શેર છે. લોટ સાઈઝ ૧,૦૦૦ ઈક્વિટી શેર છે. ભંડોળનો ઉપયોગ ટેકનોલોજી, મૂડી ખર્ચ, કાર્યકારી મૂડીની જરૂરિયાતને પૂર્ણ કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.

પીએનબીએ સ્ટેન્ડઅલોન ધોરણે પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૪૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬૭૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ભારતના અગ્રણી બીટુબી જ્વેલરી ઉત્પાદકોમાંના એક, આશાપુરી ગોલ્ડ ઓર્નામેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૮.૭૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૨.૯૬ કરોડની કુલ આવક, ૩૪.૦૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫.૦૨ કરોડનો એબિટા અને ૨૧.૮૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૧૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. વરુણ બીવરેજીસની બીજા ક્વાર્ટરની રેવન્યૂ ૨.૩૨ ટકા ઘટીને રૂ. ૭૧૬૩ કરોડ નોંધાઇ છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે લાર્સ ૪.૮૭ ટકા, સન ફાર્મા ૧.૪૧ ટકા., એનટીપીસી ૧.૨૬ ટકા, મારુતિ ૧.૧૯ ટકા, ભારતી એરટેલ ૦.૮૭ ટકા, ટ્રેન્ટ ૦.૮૩ ટકા, એક્સિસ બેન્ક ૦.૬૩ ટકા મહિન્દ્રપ એન્ડ મહિન્દ્ર ૦.૬૨ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૫૬ ટકા વધ્યા હતા, જ્યારે ટાટા મોટર્સ ૩.૪૭ ટકા, પાવર ગ્રીડ ૧.૩૮ ટકા, ઈટર્નલ ૦.૯૩ ટકા, બજાજ ફિનસર્વ ૦.૭૩ ટકા હિંદુસ્તાન યુનિલિવર ૦.૬૮ ટકા, કોટક બેન્ક ૦.૬૭ ટકા રિલાયન્સ ૦.૫૭ ટકા અને બીઈએલ ૦.૫૦ ટકા ઘટ્યા હતા.

એનએસઇનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૧૪ ટકા વધીને રૂ. ૨૯૨૪ કરોડ રહ્યો છે અને કુલ આવકમાં પણ ત્રણ ટકાનો વધારો થયો છે. મઝગાંવ ડોકના પ્રથમ ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. ઇન્ડસઇન્ડ બેંકના પરિણામ સારા રહ્યાં છે. વારી એનર્જીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૮૯ ટકા વધીને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૭૪૫ કરોડ નોંધાયો હતો. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસે વૈશ્વિક ધોરણે લગભગ ૧૨,૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાની જાહેરાત કર્યા પછી બે દિવસમાં તેના બજાર મૂલ્યાંકનમાં રૂ. ૨૮,૧૪૮.૭૨ કરોડનું નુકસાન નોંધાયું હતું.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ નીચા સ્તરે સ્થિર થયો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ પોઝિટિવ સેગમેન્ટમાં સ્થિર થયો હતો. યુરોપિયન બજારો મિશ્ર નોંધ પર ક્વોટ કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૪,૬૩૬.૬૦ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૪ ટકા ઘટીને ૭૨.૧૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. મંગળવારે, સેન્સેક્સ ૪૪૬.૯૩ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા ઉછળીને ૮૧,૩૩૭.૯૫ની સપાટીએ અને નિફ્ટી ૧૪૦.૨૦ પોઈન્ટ અથવા ૦.૫૭ ટકા વધીને ૨૪,૮૨૧.૧૦ પર બંધ રહ્યો હતો.

શેરબજારમાં બુધવારે સાવચેતીના માનસ વચ્ચે સાંકડી વધઘટમાં અટવાયા બાદ બેન્ચમાર્ક અંતે પોઝિટિવ ઝોનમાં ટકી રહેવામાં સફળ રહ્યો હતો. ઈન્ડસ્ટ્રિયલ્સ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો. રિયલ્ટી અને સર્વિસીસ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ. ૪.૩૮ લાખ કરોડનો વધારો થયો હતો.

સેન્સેક્સની ૧૫ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૫ સ્ક્રિપ્સ ઘટી હતી. સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૯૭ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

# વર્તમાન ખાંડ મોસમમાં જુલાઈ સુધીમાં ઉત્પાદનમાં ૧૮ ટકાનો ઘટાડો: એનએફસીએસએફએલ

નવી દિલ્હી: ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં ખાસ કરીને મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં ઉત્પાદન ઓછું રહેતાં ખાંડનું ઉત્પાદન ગત મોસમના સમાનગાળાની તુલનામાં ૧૮.૩૮ ટકાના ઘટાડા સાથે ૨.૫૮૨ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું નેશનલ ફેડરેશન ઑફ કૉ ઑપરેટિવ સુગર ફેક્ટરીઝ (એનએફસીએસએફએલ)એ આજે જણાવ્યું હતું.

જોકે, ફેડરેશને વર્તમાન ખાંડ મોસમ માટેના કુલ ઉત્પાદનનો અંદાજ આગલી વર્ષ ૨૦૨૩-૨૪ની મોસમના ૩.૧૯ કરોડ ટન સામે નોંધપાત્ર માત્રામાં ઘટીને ૨.૬૧૧ કરોડ ટન આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો છે. સામાન્યપણે કર્ણાટક અને તમિળનાડુમાં જૂનથી સપ્ટેમ્બર દરમિયાન થતું વિશિષ્ટ પિલાણ ચાલુ છે અને સાત મિલો કાર્યરત છે અને શેષ સમયગાળમાં થનારુ ઉત્પાદન કુલ ઉત્પાદનમાં વધારો કરશે. જોકે, ગત સાલના સમાન સમયગાળામાં કર્ણાટકમાં એક મિલ કાર્યરત હતી તેની સામે હાલમાં સાત મિલો કાર્યરત છે, જ્યારે તમિળનાડુમાં ગત સાલના સમાનગાળામાં ૧૧ મિલો કાર્યરત રહી હતી તેની સામે હાલમાં નવ મિલો કાર્યરત હોવાનું ફેડરેશને જણાવ્યું હતું.

ફેડરેશનના જણાવ્યાનુસાર ગત જુલાઈ સુધીમાં સૌથી વધુ ખાંડના અગ્રણી ઉત્પાદક રાજ્ય ઉત્તર પ્રદેશમાં ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૧.૦૩૬ કરોડ ટન સામે ઘટીને ૯૨.૭ લાખ ટનનું થયુ છે, જ્યારે બીજા ક્રમાંકના ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રમાં ઉત્પાદન ગત મોસમના સમાનાગાળાના ૧.૧ કરોડ ટન સામે ઘટીને ૮૯ લાખ ટન અને ત્રીજા ક્રમાંકના રાજ્ય કર્ણાટકમાં ઉત્પાદન ગત મોસમના સમાનગાળાના ૫૧.૬ લાખ ટન સામે ઘટીને ૪૦.૬ લાખ ટનની સપાટીએ રહ્યું છે.

વર્તમાન મોસમમાં ખાંડના ઉત્પાદનમાં ઘટાડો થવાનું મુખ્ય કારણ વિપરીત હવામાનને કારણે શેરડીની ઉપલબ્ધિમાં ઘટાડો, ઈથેનોલના ઉત્પાદન તરફ વધેલું વિકેન્દ્રીકરણ અને પાકને થયેલા રોગ હોવાનું ફેડરેશને જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે ભારતે સૌથી મોટી સિદ્ધિ એ હાંસલ કરી છે કે પેટ્રોલમાં ઈથેનોલની ૨૦ ટકા ભેળવણીનો લક્ષ્યાંક નિર્ધારિત વર્ષ ૨૦૩૦ની સમયમર્યાદા કરતાં પાંચ વર્ષ પૂર્વે હાંસલ કરી છે. આ સિદ્ધિથી દેશમાં એનર્જી સલામતીમાં વધારો થવાની સાથે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો અને ગ્રામીણ વિસ્તારોની આવકામાં વધારો થયો છે.

# ડૉલર સામે રૂપિયો ઑલ ફોલ ડાઉન સાથે ૮૬ પૈસા ગબડતાં શુદ્ધ સોનું ₹ ૭૨૧ ઉછળીને ₹ ૯૯,૦૦૦ની પાર, ચાંદીમાં ₹ ૯૩નો ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે મોડી સાંજે સમાપન થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ પૂર્વે લંડન ખાતે ખાસ કરીને સોનામાં સાવચેતીના અભિગમ વચ્ચે હાજર અને વાયદામાં ભાવમાં મક્કમ વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં સાધારણ પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૮૬ પૈસાનો કડાકો બોલાઈ જવાથી ઝવેરી બજારમાં સોનાની આયાત પડતરો વધવાથી વિશ્વ બજારથી વિપરીત ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૧૮થી ૭૨૧નો ઉછાળો આવ્યો હતો અને શુદ્ધ સોનાએ ફરી રૂ. ૯૯,૦૦૦ની સપાટી કુદાવી હતી, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૯૩નો સાધારણ સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ છૂટીછવાઈ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૯૩ના સાધારણ સુધારા સાથે રૂ. ૧,૧૩,૪૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં સાધારણ સુધારો આવ્યો છતાં ડૉલર સામે રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાતા વધુ ૮૬ પૈસા ખાબક્યો હોવાથી આયાત પડતરો વધવાથી વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૧૮ વધીને રૂ. ૯૮,૬૨૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૨૧ વધીને રૂ. ૯૯,૦૧૭ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગમાં શુષ્ક વલણ જળવાઈ રહ્યું હતું. અમેરિકી ફેડરલ રિઝર્વની આજની બેઠકનાં નિર્ણય પૂર્વે રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવતા લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકાના સુધારા સાથે અનુક્રમે ઔંસદીઠ ૩૩૨૮.૧૫ ડૉલર અને ૩૩૨૫.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૭.૯૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની ટ્રેઝરીની યિલ્ડમાં જોવા મળેલા નરમાઈના વલણ અને ડૉલર ઈન્ડેક્સના સાધારણ ઘટાડાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વનો ઝુકાવ હળવી નાણાનીતિ તરફ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં ઓએએનડીએનાં એનાલિસ્ટ કેલ્વિન વૉન્ગે વ્યક્ત કરી હતી. નોંધનીય બાબત એ છે કે આજે ડૉલર ઈન્ડેક્સ એક મહિનાની ઊંચી સપાટીએથી પાછો ફર્યો હતો. તેમ જ ટ્રેઝરીની યિલ્ડ પણ એક મહિનાની નીચી સપાટી આસપાસ પહોંચી હતી.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સતત વ્યાજદરમાં ઘટાડા માટે ફેડરલ રિઝર્વ પર દબાણ લાવી રહ્યા હોવા છતાં આજે બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તેમ જ વ્યાજદરમાં કપાતનો આરંભ સપ્ટેમ્બરમાં થાય તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે. સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં સોનામાં માગ રહેતી હોય છે. અમેરિકાના ફુગાવા અને રોજગારીનાં ડેટાને ધ્યાનમાં લેતા જો સપ્તાહના અંતે સોનાના ભાવ ઔંસદીઠ ૩૩૫૦ ડૉલર સુધી પહોંચે તો આગામી ટૂંકા સમયગાળામાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા વૉન્ગે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગઈકાલે અમેરિકા અને ચીનના અધિકારીઓ બે દિવસની વાટાઘાટના અંતે ૧૨મી ઑગસ્ટના રોજ પૂરી થતી ટૅરિફ વૉરની મુદ્દતને ૯૦ દિવસ સુધી લંબાવવા માટે સહમત થયા હતા, પરંતુ અંતિમ નિર્ણય ટ્રમ્પ પર છોડવામાં આવ્યો હતો.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

A.E./૨૨૦૯/SWM/PE તા. ૩૦/૦૭/૨૦૨૫

હિતની અભિવ્યક્તિ (EOI)

| | |
|---|---|
| વિભાગ: | આસી. કમિ., P/પૂર્વ, મલાડ (પૂ), મુંબઈ-૪૦૦૦૯૭ની ઓફિસ |
| સેક્શન: | આસી. એન્જિ. (SWM), P/પૂર્વ |
| વિષય: | ફક્ત P/પૂર્વ ક્ષેત્રમાં નોંધાયેલા સંસ્થાઓ પાસેથી P/પૂર્વ વોર્ડમાં ''મોટર લોડર'' માટે EOI મંગાવે છે. લાયક સંસ્થા લોટરીના ધોરણે પસંદ કરવામાં આવશે. વિગતવાર અરજી માટે કૃપા કરીને આસી. એન્જિ. (SWM), P/પૂર્વનો સંપર્ક કરો. |
| ટેન્ડર ફી: | અરજી નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C.) ખાતે રૂ. ૩૬૩૦/- + ૧૮% GST (કુલ રૂ. ૪૨૮૩/-)ની સ્ક્રુટીની ફી ચલણ ચૂકવીને અને સંસ્થા લેટર હેડ પર જરૂરિયાતો આપીને ઉપલબ્ધ રહેશે. |
| ટેન્ડર તારીખ: | ૩૧.૦૭.૨૦૨૫ ૧૧:૦૦ ક. થી ૦૭.૦૮.૨૦૨૫ ૧૬: ૦૦ ક. સુધી<br>અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૮.૦૮.૨૦૨૫ ૧૬.૦૦ કલાકે છે. |
| વેબસાઈટ: | http://portal.mcgm.gov.in |
| નામ | શ્રી સંદીપ કે. મટેકર, આસી. એન્જિ. (SWM), P/પૂર્વ સંપર્ક નં. : ૯૮૨૦૫૯૯૧૨૮ |

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) P/પૂર્વ

PRO/1159/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ/ O.C.ડિવિઝન

Dy. H.E./OPS/૩૦૭૭/MC તારીખ ૨૮-૭-૨૦૨૫

ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| ડિવિઝન | Dy. H.E. (ઓપરેશન)/ O.C. ડિવિઝન |
| વિષય & બીડ નં. | ૧) O.C. ડિવિઝનમાં કપૂરવાડી ખાતે (Dy. H.E. ઓપરેશન)ની ઓફિસ એડમીન બિલ્ડીંગ માટે હાઉસકીપિંગ સર્વિસોની દ્વિવાર્ષિક કોન્ટ્રાક્ટ. (બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૦૪૭૭૨_૧) (બારડી= રૂ. ૩૩,૦૦૦/-) (ટેન્ડર ફી= રૂ. ૭,૨૬૦/- + ૧૮% GST (૯% CGST + ૯% SGST) એટલે કે રૂ. ૮,૫૬૭/- (GST સહિત)<br>૨) O.C. ડિવિઝનમાં મધ્ય વૈતરણા ડેમ ખાતે ઓપરેશન અને જાળવણી કામ માટે જરૂરી વિવિધ સામગ્રીની સપ્લાય. (બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૦૪૯૩૩_૧) (બારડી રકમ = રૂ. ૨૨,૩૦૦/-) (ટેન્ડર ફી= રૂ. ૩,૬૩૦/- + ૧૮% GST (૯% CGST + ૯% SGST) એટલે કે રૂ. ૪,૨૮૪/- (GST સહિત) |
| ઓનલાઈન ટેન્ડર વેચાણ | ૩૧.૦૭.૨૦૨૫, ૧૧.૦૦ ક.થી ૧૮.૦૮.૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૮.૦૮.૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૨૧.૦૮.૨૦૨૫, ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૨૧.૦૮.૨૦૨૫, ૧૬.૦૫ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૨૯.૦૮.૨૦૨૫, ૧૧.૦૦ ક. પછી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| A) સંપર્ક વ્યક્તિનું નામ | J.P. ખરાડે, એક્ઝિક્યૂટિવ એન્જિનિયર (ઓપરેશન્સ) V.V. કડુ, A.E. (MVD). |
| B) ટેલિફોન | ૦૨૨-૨૫૪૨૧૦૯૪/૨૫૪૪૫૨૩૦ |
| C) મોબાઈલ નં. | ૯૯૩૦૨૬૦૪૬૨/ ૯૬૯૯૦૮૩૩૮૧ |
| D) ઈ-મેલ ID | ee01operations.he@mcgm.gov.in |

વિગતવાર ટેન્ડર નોટિસ MCGMની પોર્ટલ (http://mahatender.gov.in) પર ઉપલબ્ધ છે.

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.**

BMC કોઈપણ તબક્કે કોઈપણ કારણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
(P.V. શેઠ)
Dy. H.E. (ઓપરેશન)

PRO/1139/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પબ્લિક નોટિસ

આથી **ખબર** આપવામાં આવે છે કે અમારા અસીલની સૂચનાઓ હેઠળ, અમે અહીં નીચે લખેલ **પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ મિલકત (''મિલકત'')માં ઘીઆ મેન્શન, ૧૮, M.L. દહાણુકર માર્ગ (કર્માઈકલ રોડ), મુંબઈ-૨૬ ખાતે રહેતા શ્રી. નિખિલ શ્યામ ઘીઆ (''માલિક'')ના હક્ક, ટાઈટલ અને હિતની તપાસ કરી રહ્યા છીએ.

કોઈપણ શખ્સ/સો જે વેચાણ, અદલાબદલી, લીઝ, ગીરો (ઈક્વિટેબલ કે બીજી રીતે) ભેટ, લિઅન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, હિન્દુ અવિભક્ત કુટુંબ, જાળવણી, બિક્વેસ્ટ, કબજો, ઈઝમેન્ટ, સબ-લીઝ, એસાઈમેન્ટ, ટેનાન્સી, લાયસન્સ, પ્લેજ, ગેરંટી, કુટુંબ વ્યવસ્થા, વિકાસ હક્કો, વિકાસ વ્યવસ્થાપન, કોલાબોરેશન એગ્રીમેન્ટ, સંયુક્ત સાહસ, પાવર ઓફ એટર્ની, ભાગીદારી, લોન્સ, એડવાન્સીઝ, લીઝ પેન્ડન્સ, ઈંજંકશન અથવા કોઈપણ અન્ય જપ્તી અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડિક્રિ, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રિબ્યુનલ, રેવન્યૂ અથવા સ્ટેચ્યુટરી ઓથોરિટી અથવા આર્બિટ્રેશન, પ્રિસ્ક્રિપ્શન અથવા પ્રી-એમ્પશનના હક્ક અથવા બીજી કોઈ રીતેની દ્વારા દાવાઓ સહિત તેની FSI/TDR બેનીફિટ સહિત મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં નીચે સહિ કરનારને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આ તારીખથી **૧૪ દિવસમાં** કરે, જેના નિષ્ફળ જવા પર, આવી વ્યક્તિ કે વ્યક્તિઓના દાવા અથવા દાવાઓ, જો કોઈ હોય તો, ત્યજી દીધેલ અને/અથવા છોડી દીધેલ તરીકે ગણવામાં આવશે અને લેવડદેવડ અમારા અસીલ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

**અહીં ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ:**
[''**સદર મિલકતનું**''**વર્ણન**]

ગામ થાલ, તાલુકા અલીબાગ, જિલ્લો રાયગઢ ખાતે આવેલ, પડેલ અને રહેલ રાયગઢના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં મિલકત નં. ૪૭૧થી ૪૮૧ ધરાવતી તેના પર ઉભેલ સ્ટ્રકચર્સ સાથે સર્વે નં. ૨૦૯ હિસ્સા નં. ૨ ભરતમાં ૨૦૦ ચો.મી. કે તે સુમારે ધરાવતી બીન-ખેતી જમીન અને (i) સર્વે નં. ૨૦૮ હિસ્સા નં. ૨ ભરતમાં OOH-૪૨R-૫૦P, (ii) સર્વે નં. ૨૦૯ હિસ્સા નં. ૧ ભરતમાં ૦૧H-૯૫R-૦૦P, (iii) સર્વે નં. ૨૨૫ હિસ્સા નં. ૩/A ભરતમાં OOH-૦૪R-૬૦P ધરાવતી ખેતીની જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને જે નીચે પ્રમાણે ઘેરાયેલ છે:-

**પૂર્વે કે તે તરફ:** લેન દ્વારા અને સર્વે નં. ૨૨૫ હિસ્સા નં. ૨, ૩B અને ૪ દ્વારા;
**પશ્ચિમે કે તે તરફ:** સર્વે નં. ૧૬ અને અરબી સુમુદ્રથી સરકારી જમીન દ્વારા;
**ઉત્તરે કે તે તરફ:** સર્વે નં. ૨૨૬ દ્વારા અને સર્વે નં. ૨૦૮થી બાકીનો ભાગ દ્વારા
**દક્ષિણે કે તે તરફ:** જમીનથી અને સર્વે નં. ૨૦૭ દ્વારા અને સર્વે નં. ૧૬થી સરકારી જમીનના ભાગથી.

**આજ તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૨૫.**

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, ગુરુનાનક હોસ્પિટલ પાછળ, બાંદ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૧.
Email:response@lawpointindia.com


# ટીનમાં વધુ ₹ ૧૨ની પીછેહઠ, અન્ય ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૧૨નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે બ્રાસ શીટ કટિંગ્સ, કોપર વાયરબાર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે ટીન અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૨૯૭૬ અને રૂ. ત્રણ ઘટીને રૂ. ૫૬૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે આજે નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૩૪૩ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૮૪૯ અને રૂ. ૮૩૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ચારના સુધારા સાથે રૂ. ૬૦૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૯૨૦ અને રૂ. ૨૭૦ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૬૬, રૂ. ૨૧૬ અને રૂ. ૨૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે કોપર આર્મિચર અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૩૦ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# મથકો પાછળ ખાંડમાં જળવાતી આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં ક્વિન્ટલે રૂ. ૧૫થી ૨૦નો સુધારો આવ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૪ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આગળ ધપ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સો ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં મથકો પાછળ ભાવ ક્વિન્ટલે રૂ. ૧૪ વધીને રૂ. ૩૯૮૬થી ૪૦૪૦ના મથાળે થયા હતા. જોકે, આજે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૨૨થી ૪૧૨૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦ની આગેકૂચ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૦થી ૪૦૩૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# ખાદ્યતેલમાં નિરસ કામકાજે સાંકડી વધઘટ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૩૨૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૨૩ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં હાજરમાં ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરત ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, ગોલ્ડન એગ્રીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦, એએનએના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦ અને ઈમામીના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૨૦ અને રૂ. ૧૨૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૨૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૨૨૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૦માં અને રૂ. ૧૦૦૦થી ૧૧૩૦માં થયાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સરસવના રૂ. ૧૬૬૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા.



**સુંદરમ્...:** ગણેશોત્સવને ગણતરીના દિવસ બાકી છે ત્યારે મૂર્તિકારો બાપ્પાની પ્રતિમા સમયસર બનાવવા માટે કામે લાગી ગયા છે. સાર્વજનિક મંડળો સહિત ઘર-ઘરમાં ગણેશજીના આગમનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તસવીરમાં મૂર્તિકાર બાળ બાપ્પાની સુંદર પ્રતિમાને આખરી ઓપ આપતા દેખાઈ રહ્યો છે. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓના બર્થ સર્ટિફિકેટ રદ કરાશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોને અપાયેલા નકલી બર્થ સર્ટિફિકેટો ૧૫ ઓગસ્ટ સુધીમાં રદ કરશે, એમ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે જણાવ્યું હતું.

બાવનકુળેએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આવા ૪૨ હજાર બાંગ્લાદેશીઓ હોવાનું જાણવા મળ્યું છે. અલબત્ત વાસ્તવિક સંખ્યા વધુ છે જેની જાણકારી અધિકારીઓ મેળવશે. ૧૫ ઓગસ્ટ સુધીમાં (રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા) બાંગ્લાદેશીઓને આપવામાં આવેલા નકલી બર્થ સર્ટિફિકેટ રદ કરવામાં આવશે. આવા બર્થ સર્ટિફિકેટોની નકલ મહેસૂલ વિભાગ અને આરોગ્ય વિભાગને મોકલવાની રહેશે. પ્રધાને મંગળવારે રાજ્યના મુખ્ય સચિવ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાત કરી હતી.

આ વર્ષની શરૂઆતમાં ભાજપના નેતાએ આરોપ કર્યો હતો કે બનાવટી દસ્તાવેજો રજૂ કરનારા બાંગ્લાદેશીઓને ત્રણ હજાર ૯૯૭ બર્થ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. આ આરોપને પગલે રાજ્ય સરકારે માલેગાંવમાં અગાઉ તહેનાત કરેલા બે અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા. માર્ચ મહિનામાં ગૃહ વિભાગના

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર કૉંગ્રેસની ૩૮૭ સભ્યોની નવી જમ્બો સમિતિ

મુંબઈ: મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસના રાજ્ય એકમના નવા વડા તરીકે હર્ષવર્ધન સપકાળ દ્વારા કાર્યભાર સંભાળ્યાના પાંચ મહિના પછી, મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ સમિતિ (એમપીસીસી)એ પદાધિકારીઓની એક નવી ટીમ બનાવી છે, જેમાં તેણે ભૌગોલિક અને સામાજિક સંતુલન જાળવવાનો દાવો કર્યો છે. નવી સમિતિમાં ૩૬ સભ્યોની રાજકીય બાબતોની સમિતિ, ૧૬ વરિષ્ઠ ઉપપ્રમુખો, ૩૮ ઉપપ્રમુખો, પાંચ વરિષ્ઠ પ્રવક્તા, ૧૦૮ મહાસચિવ, ૯૫ સચિવો, ૮૭ કાર્યકારી સમિતિના સભ્યોનો સમાવેશ થાય છે.

અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિ (એઆઈસીસી) મહારાષ્ટ્રના પ્રભારી રમેશ ચેન્નીથલા રાજકીય બાબતોની સમિતિના અધ્યક્ષ છે. ભૂતપૂર્વ વિધાન સભ્ય અને સ્વર્ગસ્થ મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખના પુત્ર ધીરજ દેશમુખને પહેલી વાર વરિષ્ઠ પ્રવક્તા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સુશીલકુમાર શિંદે અને પૃથ્વીરાજ ચવ્હાણ, મુંબઈ કૉંગ્રેસના વડા અને લોકસભા સભ્ય વર્ષા ગાયકવાડ, રાજ્યસભા સભ્યો રજની પાટિલ, ઇમરાન પ્રતાપગઢી, ભૂતપૂર્વ રાજ્ય પ્રમુખો નાના પટોલે, માણિકરાવ ઠાકરે રાજકીય બાબતોની સમિતિના સભ્યો છે. પક્ષના ૧૩ જિલ્લા એકમોના પ્રમુખોને પણ લેવામાં આવ્યા છે. પત્રકાર પરિષદને સંબોધતા સપકાળે

(જુઓ પાનું ૪) ▸▸

# ઉત્તન-વિરાર સી- લિંકને રાજ્ય સરકારની લીલી ઝંડી

મુંબઈ: મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ)એ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા બનાવવામાં આવનાર ઉત્તન-વિરાર સી-લિંક પ્રોજેક્ટને મંજૂરી આપી છે.

થાણે જિલ્લાના ઉત્તન અને પાલઘર જિલ્લાના વસઈ અને વિરાર ખાતે ત્રણ કનેક્ટર્સ ધરાવતો પ્રસ્તાવિત સી-લિંક નવ એપ્રિલે એમસીઝેડએમએને સુપરત કરવામાં આવ્યો હતો અને ૧૧ જુલાઈએ તેને મંજૂરી આપવામાં આવી હતી. રાજ્યના પર્યાવરણ સચિવ જયશ્રી ભોજે જણાવ્યું હતું કે આ દરખાસ્ત હવે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયને મંજૂરી માટે મોકલવામાં આવશે.

ઉત્તન-વિરાર સી લિંકના કનેક્ટર્સ તુંગારેશ્વર વન્યજીવન અભયારણ્યના ઇકો-સેન્સિટિવ ઝોનમાં ૨.૫ હેક્ટર આરક્ષિત વન જમીન ઉપરાંત, મેન્ગ્રોવ્સથી ઢંકાયેલી ૧૫.૩૯ હેક્ટર વન જમીનના સંપાદનની દરખાસ્ત કરશે. ખખઈઉઅ આ પ્રોજેક્ટ માટે ૨૦૮.૬ હેક્ટર ખાનગી જમીન પણ સંપાદિત કરશે. એમએમઆરડીએ પાસેના દસ્તાવેજો દર્શાવે છે કે સી લિંકના

(જુઓ પાનું ૪) ▸▸

# ઘાટકોપર રેલવે સ્ટેશન બહારની દુકાનમાં આગ: પ્રવાસીઓની સુરક્ષા સામે જોખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રેલવે સ્ટેશનો પાસેની દુકાનો અને સ્ટોલ્સ પ્રવાસીઓ માટે જોખમી બની રહ્યા હોવાનું જણાઈ રહ્યું છે. ચર્ચગેટ સ્ટેશને આવેલા સ્ટોલમાં આગ લાગ્યાને મહિનો વીત્યો નથી ત્યાં ઘાટકોપર રેલવે સ્ટેશનને અડીને આવેલી દુકાનમાં આગ લાગી હતી. આવી ઘટનાઓને કારણે પ્રવાસીઓની સુરક્ષાનો મુદ્દો ઉપસ્થિત થઈ રહ્યો છે. ઘાટકોપર પશ્ચિમમાં રેલવે સ્ટેશન બહાર આવેલી બૉમ્બે બર્ગર દુકાનમાં બુધવારની બપોરે અચાનક આગ ફાટી નીકળી હતી. બપોરે ૧૨.૫૫ વાગ્યે આગની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા, એમ ફાયર બ્રિગેડના કન્ટ્રોલ રૂમના અધિકારીએ જણાવ્યું હતું.

શ્રદ્ધાનંદ રોડ પર આવેલી આ દુકાનમાં ઓવન અને ઈલેક્ટ્રિકના

(જુઓ પાનું ૪) ▸▸

# આજે બાન્દ્રા, સાંતાક્રુઝના વિસ્તારોમાં પાણીપુરવઠો બંધ

મુંબઈ: બાન્દ્રા, ખાર અને સાંતાક્રુઝ પશ્ચિમ સહિતના વિસ્તારોમાં આજે સવારે નવથી રાતે ૧૧ વાગ્યા સુધી પાણી પુરવઠો બંધ રહેશે અને કેટલાક વિસ્તારોમાં પાણીનું દબાણ ઓછું રહેશે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને બાન્દ્રા પશ્ચિમમાં પાલી હિલ જળાશયના ઇનલેટ અને આઉટલેટ પર કુલ ચાર વાલ્વ બદલવાનું કામ હાથ ધર્યું છે. આ કામ આજે સવારે નવથી રાતે ૧૧ વાગ્યા સુધી કુલ ૧૪ કલાક ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન એચ પશ્ચિમ ઝોનના કેટલાક ભાગોમાં પાણી પુરવઠો બંધ રહેશે, જેમાં બાન્દ્રા, ખાર, સાંતાક્રુઝ પશ્ચિમ વિસ્તારોનો સમાવેશ થાય છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ઓછા દબાણે પાણી પુરવઠો પૂરો પાડવામાં આવશે.

હનુમાન નગર, લક્ષ્મી નગર યુનિયન પાર્ક માર્ગ નં. એકથી ચાર, પાલી હિલ અને ચ્યુઇમ ગામના કેટલાક ભાગોમાં નિયમિત પાણી પુરવઠાનો સમય બપોરે

(જુઓ પાનું ૪) ▸▸

# ‘અભિવ્યક્તિની સ્વતંત્રતાનો દુરુપયોગ હવે ફેશન બની ગઈ છે’

## હાઈ કોર્ટે ઠપકો આપતા પુણેના શિક્ષિકાને રાહત ન આપી

મુંબઈ: પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે જવાબી કાર્યવાહી કરીને ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. સૈન્ય કાર્યવાહી દરમિયાન પુણેના એક શિક્ષકે એક વોટ્સએપ ગ્રુપ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય સશસ્ત્ર દળો વિશે વાંધાજનક ટિપ્પણી કરી હતી. આ નિવેદન સામે પુણેમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. પુણેના એ શિક્ષકે બોમ્બે હાઈ કોર્ટમાં અરજી દાખલ કરીને એફઆઈઆર રદ કરવાની માગણી કરી હતી. જોકે, હાઈ કોર્ટે એ અરજી ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું છે કે એફઆઈઆરમાં ઉલ્લેખિત માહિતી અને ગુનામાં રહેલા આક્ષેપને ધ્યાનમાં રાખીને અરજીને ફગાવી દીધી છે. બોમ્બે હાઈ કોર્ટના

(જુઓ પાનું ૪) ▸▸




PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

# હિન્દુત્વવાદી કાર્યકરોએ ઘરમાં ઘૂસીને રાષ્ટ્રીયતા સાબિત કરવા કહ્યું

## કારગિલ યુદ્ધના જવાનના પરિવારજનોનો દાવો

પુણે: કારગિલ યુદ્ધના એક પૂર્વ સૈનિકના પરિવારના સભ્યોએ આરોપ લગાવ્યો છે કે હિન્દુત્વવાદી સંગઠન સાથે જોડાયેલા લગભગ ૮૦ લોકોનું એક ટોળું પુણેમાં તેમના ઘરમાં ઘૂસી ગયું હતું અને તેમની ભારતીય નાગરિકતાનો પુરાવો માગ્યો હતો અને તેમના પર બાંગ્લાદેશી હોવાનો આરોપ લગાવ્યો હતો. આ ઘટના શનિવારે મધ્યરાત્રિએ શહેરના ચંદનનગર વિસ્તારમાં બની હતી

ઇર્શાદ શેખે (૪૮) જણાવ્યું કે તેમના મોટા ભાઈ હકીમુદ્દીન શેખ, જે હાલમાં ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં રહે છે, તેમણે ભારતીય સેનામાં સેવા આપી હતી અને કારગિલ યુદ્ધમાં ભાગ લીધો હતો. તેઓ ૨૦૦૦ માં એન્જિનિયર્સ રેજિમેન્ટમાંથી હવાલદાર તરીકે નિવૃત્ત થયા હતા.

શેખે આરોપ લગાવ્યો હતો કે શનિવારે મધ્યરાત્રિએ લગભગ ૮૦ લોકો અચાનક તેમના ઘરે આવ્યા હતા. જ્યારે દરવાજો ખોલ્યો ત્યારે તેમાંથી કેટલાક લોકો અંદર ઘૂસી ગયા અને પરિવારના સભ્યોના આધાર કાર્ડની માંગણી કરવા લાગ્યા. જ્યારે તેમણે દસ્તાવેજો બતાવ્યા ત્યારે તેઓએ તેને નકલી ગણાવ્યા અને મહિલાઓ અને બાળકોને આધાર કાર્ડ બતાવવા કહ્યું.

તેમણે ઉમેર્યું કે તેઓએ ટોળાને સમજાવવાનો પ્રયાસ કર્યો કે પરિવાર છેલ્લા ૬૦ વર્ષથી ત્યાં રહે છે અને તેમના મોટા ભાઈ ઉપરાંત તેમના બે કાકાઓ પણ સૈન્યમાં

(જુઓ પાનું ૪) ▸▸

# ટ્યૂશન ટીચરે ખરાબ લખાણ બદલ આઠ વર્ષના બાળકના બંને હાથમાં મીણબત્તીથી ડામ આપ્યા

મુંબઈ: ખરાબ લખાણ બદલ સજા તરીકે ટ્યૂશન ટીચરે આઠ વર્ષના બાળકના બંને હાથમાં મીણબત્તીથી ડામ આપ્યા હોવાની ઘટના મલાડ પૂર્વમાં બની હતી. બાળકની માતાએ આ પ્રકરણે કુરાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ટ્યૂશન ટીચર વિરુદ્ધ ગુનો દાખલ કરીને પોલીસે તપાસ આદરી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર મલાડ પૂર્વના પિંપરીપાડા વિસ્તારમાં રહેતો બાળક ચોથા ધોરણમાં અભ્યાસ કરે છે. બાળક રોજ મુજબ ૨૮ જુલાઇએ મલાડ પૂર્વમાં ટ્યૂશન ક્લાસમાં ગયો હતો. રાતે નવ વાગ્યે ત્યાંની શિક્ષિકાએ બાળકના પરિવારજનોને કૉલ કરી બાળકને લઇ જવા માટે કહ્યું હતું. આથી મોટી બહેન તેને

(જુઓ પાનું ૪) ▸▸

# ફૂડ ડિલિવરી એજન્ટ સહિત બેની ધરપકડ: ચાર કરોડનું મેફેડ્રોન જપ્ત

થાણે: થાણે પોલીસે બે અલગ અલગ કેસમાં ડ્રગ્સ તસ્કરી સાથે કથિત રીતે સંડોવાયેલા ફૂડ ડિલિવરી એજન્ટ સહિત બેની ધરપકડ કરી અંદાજે ચાર કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું. ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઈમ) અમરસિંહ જાધવે જણાવ્યું હતું કે રાયગડ જિલ્લાના ઉલવે ખાતે પહેલું ઑપરેશન હાથ ધરી ઈરફાન અમાનુલ્લાહ શેખ (૩૬)ને પકડી પાડવામાં આવ્યો હતો. જાણીતી કંપનીમાં ફૂડ ડિલિવરી એજન્ટ તરીકે કામ કરતા શેખ પાસેથી અંદાજે ત્રણ કરોડથી વધુ રૂપિયાનું ૧.૫૩૦

(જુઓ પાનું ૪) ▸▸

# બદલાપુર-વાંગણી રેલવે ટ્રેકમાં તિરાડને કારણે ટ્રેન સેવા ખોરવાઈ

બદલાપુર: બદલાપુર અને વાંગણી વચ્ચે કર્જત તરફના રૂટ પર રેલવે ટ્રેકમાં તિરાડ પડતા સવારે અડધો કલાક સુધી ટ્રેન સેવા ઠપ્પ થઈ હતી. ત્યારબાદ તાત્કાલિક પગલાં લેવાતા સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. આના કારણે કર્જત જતી અને કર્જતથી મુંબઈ જતી લોકલ ટ્રેનો પ્રભાવિત થઈ હતી અને મુસાફરોને મુશ્કેલીનો

(જુઓ પાનું ૪) ▸▸







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**